અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ મે ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૨ | અંક : ૨૯૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભૂસ્ખલનના કારણે ઘણા ભારે પથ્થરો, વૃક્ષો અને છોડ પડી ગયા

# પાપુઆ ન્યુ ગિનીમાં ભયંકર ભૂસ્ખલનથી ૧૦૦ થી વધુ લોકોના મોત

## ભૂસ્ખલનથી ઘણા મકાનો ધરાશાયી થયા હતા રાહત કાર્યકરો અહીંથી લોકોને બહાર કાઢવાનું કામ કરી રહ્યા છે



। (એજન્સી) પાપુઆ ન્યુ ગિની, તા.૨૪ ।

પાપુઆ ન્યુ ગિનીમાં ભયાનક ભૂસ્ખલનમાં શુક્રવારે ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા હોવાનું માનવામાં આવે છે. ઓસ્ટ્રેલિયન મીડિયા અનુસાર, સ્થાનિક સમય અનુસાર સવારે ૩ વાગે એન્ગા પ્રાંતના કાઓકલમ ગામ પાસે થયેલા ભૂસ્ખલનથી ઘણા મકાનો ધરાશાયી થયા હતા. રાહત કાર્યકરો અહીંથી લોકોને બહાર કાઢવાનું કામ કરી રહ્યા છે. અનેક મૃતદેહો પણ બહાર કાઢવામાં આવ્યા છે.

મીડિયાના અહેવાલ મુજબ પાપા ન્યુગીનીયામાં ભૂસ્ખલન રાજધાની પોર્ટ મોરેસ્બીથી ઉત્તર-પશ્ચિમમાં આશરે ૬૦૦ કિલોમીટર (૩૭૦ માઈલ) દૂર એન્ગા પ્રાંતના કાઓકલમ ગામમાં સવારે ૩ વાગ્યે થયું હતું. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે ભૂસ્ખલન દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૦૦ થી વધુ હોવાનો અંદાજ છે. વધુમાં તેમણે જણાવ્યું કે ભૂસ્ખલનના કારણે ઘણા ભારે પથ્થરો, વૃક્ષો અને છોડ પડી ગયા છે. જેના કારણે ઈમારતોને ભયંકર નુકસાન થયું હતું અને તે પણ પડી ગઈ હતી. જેના કારણે મૃતદેહો શોધવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. જોકે સત્તાવાળાઓએ તે આંકડાની પુષ્ટિ કરી નથી. ગ્રામજનોએ જણાવ્યું કે માર્યા ગયેલા લોકોની સંખ્યા હજુ પણ ઘણી વધારે હોઈ શકે છે. વડા પ્રધાન જેમ્સ મારાપે જણાવ્યું હતું કે સત્તાવાળાઓ જવાબ આપી રહ્યા છે અને જ્યારે તે ઉપલબ્ધ હશે ત્યારે તેઓ વિનાશ અને જાનહાનિ વિશે માહિતી જાહેર કરશે. ‘‘મને હજુ સુધી પરિસ્થિતિ વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી નથી. જો કે, હું આજે વહેલી સવારે ભૂસ્ખલન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરું છું,’’ મેરાપેએ એક નિવેદનમાં જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે ‘‘અમે ડિઝાસ્ટર અધિકારીઓ, ડિફેન્સ ફોર્સ, અને ડિપાર્ટમેન્ટ ઑફ વર્ક્સ એન્ડ હાઈવેને મોકલી રહ્યા છીએ. રાહત કાર્ય શરૂ છે અને શક્ય બને ત્યાં સુધી તમામને બચાવવાના પ્રયાસ હાથ ધરાશે. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં જોવા મળે છે કે રહેવાસીઓ ખડકો અને ઝાડ નીચે દટાયેલા મૃતદેહોને બહાર કાઢે છે. એલિઝાબેથ લારુમા, જે પોરગેરા સોનાની ખાણ પાસેના સમાન પ્રાંતના એક નગર પોરગેરામાં મહિલા બિઝનેસ એસોસિએશન ચલાવે છે, તેમણે જણાવ્યું હતું કે આ ભૂસ્ખલન વધુ ભયાનક છે. નજીકની ટેકરી પરથી કાદવ અને વૃક્ષો પડતાં કેટલાંય મકાનો ધરાશાયી થયાં હતાં. આ તે સમયે થયું જ્યારે આખું ગામ ગાઢ નિંદ્રામાં હતું અને થોડી જ ક્ષણોમાં આખું ગામ ધરબાઈ ગયું હતું. તેમણે કહ્યું કે ગામના ૧૦૦ થી વધુ લોકો કાટમાળ નીચે દટાયા છે. પર્વતની બાજુના રસ્તો પર મકાનો હતા પરંતુ હવે તે સપાટ થઈ ગયા હતા. ભૂસ્ખલનથી પોરગેરા અને ગામ વચ્ચેનો રસ્તો બંધ થઈ ગયો હતો.

## લોકસભા ચૂંટણી ૨૦૨૪: આજે છઠ્ઠા તબક્કાનું મતદાન યોજાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।



દેશમાં લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાન માટે ભારતીય ચૂંટણી પંચ સજ્જ થઈ ગયું છે. ૮ રાજ્યો તથાકેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૮ પીસીમાં મતદાન થવાનું છે. આ તબક્કામાં હરિયાણા અને એનસીટી દિલ્હીમાં મતદાન થશે. બિહાર, ઝારખંડ, જમ્મુ-કાશ્મીર, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ તથા અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો છે જે આ તબક્કામાં પણ તેમનું મતદાન ચાલુ રાખશે. ઓડિશા રાજ્ય વિધાનસભા માટે ૪૨ વિધાનસભા મત વિસ્તારો માટે પણ એક સાથે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે ૨૫ મેએ બિહાર ૮ બેઠક, હરિયાણા ૧૦, જમ્મુ કાશ્મીર ૧, ઝારખંડ ૪, ઓરિસ્સા ૬, પશ્ચિમ બંગાળ ૮, ઉત્તર પ્રદેશ ૧૪ અને દિલ્હી ૭ મળી કૂલ ૫૮ બેઠકો માટે મતદાન થશે. ઉત્તર પ્રદેશ લોકસભા ચૂંટણી ૨૦૨૪ ભાજપ સહિત અન્ય રાજકીય પક્ષો માટે ગેમ ચેન્જર છે. કરવામાં આવી રહેલા ૪૦૦ પ્લસના દાવા માટે ભાજપે યૂપીમાં કેસરિયો કરવો જ રહ્યો. આ માટે છઠ્ઠા તબક્કાની ૧૪ બેઠકો પર ભાજપે ક્લિન સ્વીપ કરવું જ રહ્યું. ગત ચૂંટણીમાં ભાજપને અહીં ૧૪ માંથી ૯ બેઠકો મળી હતી.

### સુલતાનપુરથી લડી રહ્યા છે મેનકા ગાંધી

## વરુણ ગાંધીએ સુલતાનપુરમાં માતાની તરફેણમાં પ્રચાર કર્યો

### વરુણે કહ્યું કે સુલતાનપુર દેશનો એક એવો વિસ્તાર છે જ્યાં લોકો તેમના સાંસદને માતાજી કહીને બોલાવે છે

। (એજન્સી) સુલતાનપુર, તા.૨૪ ।



ભારતીય જનતા પાર્ટીના નેતા અને પીલીભીતના આઉટગોઈંગ સાંસદ વરુણ ગાંધીએ સુલતાનપુરથી પાર્ટીના ઉમેદવાર તેમની માતા મેનકા ગાંધીની તરફેણમાં પ્રચાર કરવા જિલ્લામાં પહોંચ્યા હતા. સુલતાનપુર સીટ માટે પ્રચારના છેલ્લા દિવસે એક ચૂંટણી સભાને સંબોધિત કરતી વખતે વરુણે તેની માતાના લોકો સાથેના ગાઢ સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, ‘દેશમાં દરેક જગ્યાએ ચૂંટણી થઈ રહી છે, પરંતુ દેશમાં એક એવો વિસ્તાર છે જ્યાં લોકો તેમના સાંસદને સાંસદ, મંત્રી જી કે તેમના નામથી બોલાવતા નથી, પરંતુ વિસ્તારના લોકો તેમને માતાજી કહીને બોલાવે છે.’ સતત બીજી વખત સુલતાનપુરથી સાંસદ બનવાનો પ્રયાસ કરી રહેલા વરુણની માતા મેનકાએ કહ્યું, ‘વરુણ ગાંધી અહીં છે અને તેઓ ૧૫-૨૦ મીટિંગ કરશે. તેની પ્રસિદ્ધિનો અમને ચોક્કસ ફાયદો થશે. મેનકાએ મતદારોને તેમના અંગત હિતોને ધ્યાનમાં રાખીને મતદાન કરવા વિનંતી પણ કરી હતી. તેમણે કહ્યું, ‘મત આપતા પહેલા લોકોએ વિચારવું જોઈએ કે કયો સાંસદ તેમનું કામ કરી શકે છે. તે પછી જ તેઓએ મતદાન કરવું જોઈએ.

## મુકેશ અંબાણીથી એક જ ક્રમ પાછળ છે ગૌતમ અદાણી

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

શેરબજારમાં તેજીની વચ્ચે ભારતીય ઉદ્યોગપતિઓની નેટવર્થમાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા થોડા દિવસોમાં અદાણી ગ્રુપની કંપનીઓના શેરમાં તેજી જોવા મળી છે. જેનો સીધો ફાયદો અદાણીની નેટવર્થમાં થયો છે. તાજેતરના બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સના જણાવ્યા મુજબ છેલ્લા એક સપ્તાહમાં ગૌતમ અદાણીની સંપત્તિ ઝડપથી વધી છે. પહેલા તેમણે ૧૦૦ બિલિયન ડોલર ક્લબમાં બીજી વખત એન્ટ્રી મારી અને હાલ તેમની નેટવર્થ ૧૦૯ બિલિયન ડોલર છે. એટલે કે એક સપ્તાહમાં અદાણીની સંપત્તિમાં ૯ બિલિયન ડોલરનો વધારો થયો છે. બ્લૂમબર્ગની અબજોપતિઓની યાદીમાં ગૌતમ અદાણી હાલમાં ૧૩મા ક્રમે છે. મુકેશ અંબાણી તેમનાથી માત્ર એક ડગલું આગળ છે. હાલમાં મુકેશ અંબાણી એશિયાના સૌથી અમીર વ્યક્તિ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થ લગભગ ઈ૧૧૪ બિલિયન છે.

### હરિયાણામાં અંબાલા જિલ્લામાં માર્ગ અકસ્માત

## વૈષ્ણોદેવી જતા શ્રદ્ધાળુઓની મિની બસને ટ્રકે મારી ટક્કર : ૭ના મોત

### એકજ પરિવારના લોકોના મોત : ઘટનામાં ૨૫ ઘાયલ

। (એજન્સી) અંબાલા, તા.૨૪ ।



હરિયાણાના અંબાલામાં ગુરૂવારે મોડી રાત્રે એક ટ્રક અને મિની બસ વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં લગભગ સાત લોકોના મોત થયા છે. જે એક જ પરિવારના હતા. આ ઉપરાંત લગભગ ૨૫ લોકો ઘાયલ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે આ રોડ અકસ્માત દિલ્હી જમ્મૂ નેશનલ હાઈવે પર સર્જાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર મિની બસમાં બેઠેલા લોકો વૈષ્ણો દેવી દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. રસ્તામાં શ્રદ્ધાળુઓથી ભરેલી બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી અને મિની બસનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બસમાં મુસાફરી કરનાર શિવાનીએ કહ્યું કે ડ્રાઈવર દારૂના નશામાં હતો. અકસ્માત બાદ સૌથી પહેલાં નિકળીને ભાગી ગયો. બસની અંદર ૩૦ થી ૩૫ લોકો હતા અને વૈષ્ણોદેવી જઈ રહ્યા હતા. અમારી આંખ લાગી ગઈ હતી, ખબર ન પડી કે અકસ્માત કેવી રીતે સર્જાયો. યૂપીના બાંદામાં એક ભીષણ રોડ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. તો બીજી તરફ અડધો ડઝનથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે ઓટોને ટક્કર મારી હતી. તેથી ઓટોમાં સવાર તમામ લોકોને ગંભીર રીતે ઘાયલ થયા છે અને બે લોકોના મોત થયા છે. ટ્રકની ટક્કરથી તમામ ઓટો સવાર રોડ પર ફંગોળાઈ ગયા હતા. ઘટનાસ્થળે કિકિયારીઓ ગુંજવા લાગી હતી. રાહદારીઓએ અકસ્માતની પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી તમામ ઘાયલોને એમ્બુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ ગઈ હતી. અહીં એકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

## કેદારનાથ ધામમાં સવારે ૭ વાગે હેલિકોપ્ટર ક્રેશ થતાં રહી ગયું

### રુદ્રપ્રયાગ જિલ્લા મેજિસ્ટ્રેટ પાયલટ દ્વારા ત્વરીત નિર્ણય લઈને મોટી દુર્ઘટના ટાળવા માટે તેની પ્રશંસા કરી હતી

। (એજન્સી) દેહરાદૂન, તા.૨૪ ।



ચાર ધામ યાત્રાના ભક્તોને કેદારનાથ લઈ જઈ રહેલા હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખરાબી સર્જાઈ હતી જેના કારણે તે દુર્ઘટનાગ્રસ્ત થતાં રહી ગયું હતું. છ તીર્થયાત્રીઓ સહિત સાત લોકોને લઈ જઈ રહેલા હેલિકોપ્ટરને ટેક્નિકલ ખામીના કારણે કેદારનાથ હેલિપેડ પાસે ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ઘટનામાં પાયલોટ સહિત તમામ મુસાફરો સુરક્ષિત છે. ઘટના બાદ રુદ્રપ્રયાગ જિલ્લા મેજિસ્ટ્રેટ સૌરભ ગહરવારે પાયલટ દ્વારા ત્વરીત નિર્ણય લઈને મોટી દુર્ઘટના ટાળવા માટે તેની પ્રશંસા કરી હતી. ઘટના બાદ તપાસ શરૂ કરવામાં આવી છે. દરમિયાન ઉત્તરાખંડના મુખ્ય સચિવે ચાર ધામ યાત્રાળુઓને નોંધણી કરાવવા અને નિર્ધારિત તારીખોનું પાલન કરવા વિનંતી કરી છે જેથી યાત્રામાં સરળતા રહે. આ ઘટના સવારે ૭ વાગ્યાની આસપાસ બની હતી અને અધિકારીઓએ ટેકનિકલ ખામીનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ શરૂ કરી છે. કેદારનાથ હેલિકોપ્ટર દુર્ઘટનાના વિડીયોથી સ્પષ્ટ થાય છે કે પાયલટે હેલિકોપ્ટર પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. હેલિકોપ્ટર સવારે ૭:૦૧ વાગ્યે કેદારનાથ હેલિપેડ પર ઉતરી રહ્યું હતું. આ દરમિયાન રોટર ખરાબ થઈ ગયું. રોટર ફેલ થવાને કારણે હેલિકોપ્ટર હવામાં જ ગોળ-ગોળ ફરવા લાગ્યું હતું. પાયલટે હેલિકોપ્ટરને લેન્ડ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ સંપૂર્ણ નિયંત્રણ ગુમાવ્યું હતું. ત્યારબાદ હેલિકોપ્ટરના સુરક્ષિત ક્રેશ લેન્ડિંગના પ્રયાસો કર્યા હતા. પાયલટે હેલીપેડથી લગભગ ૧૦૦ મીટર આગળ હેલિકોપ્ટરને લેન્ડ કર્યું હતું. પાયલટે કેદારનાથ હેલિપેડથી ૧૦૦ મીટર દૂર સવારે ૭:૦૩ વાગ્યે હેલિકોપ્ટરને સુરક્ષિત રીતે જમીન પર લેન્ડ કરાવ્યું હતું. આ દરમિયાન હેલિકોપ્ટર ઘણી જગ્યાએ જમીન સાથે અથડાયું હતું.

### વડાપ્રધાને શિમલામાં ચૂંટણી સભા ગજવી

## ઓબીસીનો હક મુસ્લિમ જાતિઓને આપી દેવાયો : મોદી

। (એજન્સી) શિમલા, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુસ્લિમો અને અન્ય પછાત વર્ગ (OBC)ના અનામતનો ઉલ્લેખ કરી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કોંગ્રેસ પર શાબ્દિક પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, ‘આ પક્ષોએ બંગાળમાં ઓબીસીનું અનામત છિનવી મુસ્લિનોને આપ્યું, પરંતુ કોલકાતા હાઈકોર્ટે પ્રતિબંધ લગાવી દીધો. વડાપ્રધાને શુક્રવારે શિમલામાં ચૂંટણી સભા ગજવી હતી, જ્યાં તેમણે કહ્યું કે, ‘ઈન્ડિયા ગઠબંધનના ષડયંત્રનું તાજુ ઉદાહરણ પશ્ચિમ બંગાળમાં સામે આવ્યું છે. બે દિવસ પહેલા કોલકાતા હાઈકોર્ટે ૭૭ મુસ્લિમ જાતિઓનું અનામત ખતમ કરવાનો નિર્ણય સંભળાવ્યો હતો. આ ૭૭ મુસ્લિમ જાતિઓને નોકરી, ભણતર અને તમામ જગ્યાએ મલાઈ મળી રહી હતી. ઈન્ડિયા ગઠબંધને મુસ્લિમોની ઘણી જાતિઓને ઓબીસી બનાવી દીધી હતી અને ઓબીસીનો હક તેમને આપી દીધો હતો. ઈન્ડિયા ગઠબંધને ઓબીસીની હક પર તરાપ મારી અને બંધારણના ધજાગાર ઉડાવ્યા છે.’ વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર નિશાન સાધતા કહ્યું કે, ‘કોલકાતા હાઈકોર્ટના નિર્ણય બાદ ઈન્ડિયા ગઠબંધનના લોકો ચોંકી ગયા છે.

### વિશ્વની બીજી તરુણી બની ઇતિહાસ રચ્યો

## મુંબઇની નેવી ચિલ્ડ્રન સ્કૂલની ૧૬ વર્ષની કામ્યાએ માઉન્ટ એવરેસ્ટ સર કર્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।



મુંબઈની નેવી ચિલ્ડ્રન સ્કૂલની ૧૬ વર્ષની કામ્યા કાર્તિકેયને તેના નેવલ ઓફિસર પિતા કમાન્ડર એસ. કાર્તિકેયન સાથે માઉન્ટ એવરેસ્ટ શિખર સર કર્યું છે. આટલી નાની ઉંમરે આ સિદ્ધિ મેળવનાર કામ્યા દેશની પહેલી અને દુનિયાની બીજી પર્વતારોહક બની ગઈ છે. ૧૨મા ધોરણની વિદ્યાર્થિની કામ્યા અને તેના પિતાએ ૨૦મી મેના રોજ ૮૮૪૯ મીટર ઊંચું માઉન્ટ એવરેસ્ટનું શિખર સર કર્યું હતું. પુત્રી અને પિતા બંનેએ નેપાળથી પર્વતારોહણની શરૂઆત કરી હતી. કામ્યાએ દુનિયાના સાત ખંડોમાં ઊંચામાં ઊંચા છ પર્વત શિખરો સર કરવાનું લક્ષ્ય રાખ્યું છે. હવે ડિસેમ્બરમાં એન્ટાર્કટીકાના માઉન્ટ વિનસન માસીફ પર્વતને સર કરવાનો સંકલ્પ કર્યો છે. ટાટા સ્ટીલ એડવેન્ચર ફાઉન્ડેશનની સહાયથી પુત્રી અને પિતાએ એકસાથે માઉન્ટ એવરેસ્ટ સર કરવાની અનોખી સિદ્ધિ હાંસલ કરી હતી. ફાઉન્ડેશનના ચેરમેન ચાણક્ય ચૌધરીએ આ સિદ્ધિને બિરદાવતા જણાવ્યું હતું કે કામ્યાએ આટલી નાની ઉંમરે આભને આંબતી સિદ્ધિ હાંસલ કરી છે એ સહુને માટે ગૌરવપ્રદ બાબત છે અને બીજાને માટે પણ તે પ્રેરણારૂપ બની રહેશે.

### પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાનો મોટો ખતરો

## પશ્ચિમ બંગાળમાં ૨૬ મેના રોજ રિમલ સર્જી શકે છે ભારે તારાજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

પ્રી મોનસૂન સિઝનમાં બંગાળની ખાડીમાં મોટાભાગે વાવાઝોડું આવતું હોય છે. આ વખતે હવામાન વિભાગે ૨૬ મેના રોજ રિમલ વાવાઝોડું આવવા અંગેની વાત કહી છે. જોકે આ વખતે વાવાઝોડું ચૂંટણી દરમિયાન પશ્ચિમ બંગાળમાં ત્રાડવ મચાવી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ વાવાઝોડું રિમલ ૨૬ મેના રોજ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ સાથે બાંગ્લાદેશ સાથે અથડાશે. આ સમયગાળા દરમિયાન બંગાળના કેટલાક જિલ્લાઓમાં ૮૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાશે. બંગાળની ખાડીમાં વિકસતું આ વાવાઝોડું ૨૫ મેના રોજ ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જશે અને ૨૬ મેના રોજ સવારે ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળના મિદનાપુર, દક્ષિણ ૨૪ પરગણા, ઉત્તર ૨૪ પરગનામાં આ ચક્રવાતની ભારે અસર પડશે. આ જિલ્લાઓમાં ૨૫મીથી ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાશે અને ૨૬મીએ પવનની ઝડપ ૮૦થી ૧૦૦ કિલોમીટરની વચ્ચે રહેશે. આવી સ્થિતિમાં વ્યાપક નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાય હવામાન વિભાગ દ્વારા કોલકાતા, હાવડા, નાદિયા અને ઝારગ્રામ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### અરવિંદ કેજરીવાલનું નિવેદન

## મારા પછી આગામી ટારગેટ બીજા બે રાજ્યના મુખ્યમંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।



દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તાજેતરમાં એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં ઘણા મુદ્દાઓ પર પૂછાયેલા સવાલોના હિંમતભેર જવાબ આપ્યા હતા. આ દરમિયાન તેમણે ભાજપ સામે પણ નિશાન સાધ્યું હતું. કેજરીવાલે દાવો કર્યો હતો કે જો હું સીએમ પદ પરથી રાજીનામું આપી દઈશ તો આગામી ટારગેટ પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન બનશે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમે કેમ કહ્યું હતું કે હવે પીએમ મોદી નહીં પણ અમિત શાહ વડાપ્રધાન બનશે? તેના જવાબમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે જવાબ આપ્યો કે તમે ઈન્ટરનેટ પર સર્ચ કરો. અમિત શાહે પોતે ૨૦૧૯માં કહ્યું હતું કે તેઓ ૭૫ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને નિવૃત્ત કરી રહ્યાં છે. તે હેઠળ જ અડવાણી, મુરલી મનોહર જોશી, યશવંત સિંહાને નિવૃત્ત કરાયા. શિવરાજ, વસુંધરા, ખટ્ટર, બધાને દૂર કરવામાં આવ્યા. યોગીને પણ હટાવવાની વાત ચાલી રહી છે જેથી અમિત શાહનો રસ્તો સાફ થઈ શકે. કેજરીવાલે કહ્યું કે પીએમ મોદીએ એ વાતનો ખુલાસો કરવો જોઈએ કે આ નિયમ પોતાના માટે નથી બનાવ્યો.

## અમદાવાદમાં હીટવેવ અનુસંધાને જનસેવા કેન્દ્રો સવારે એક કલાક વહેલાં ખૂલશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

હવામાન વિભાગ દ્વારા હાલમાં હીટવેવ અનુસંધાને રાજ્યમાં જિલ્લાઓને યેલો એલર્ટ તથા ઓરેંજ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ નિવાસી અધિક કલેકટરની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, અમદાવાદ જિલ્લાનો ઓરેન્જ એલર્ટમાં સમાવેશ થયો છે. એટલું જ નહીં ઉષ્ણ લહેરની ચેતવણી પણ આપવામાં આવી છે, જેથી જાહેર જનતા વિષયક કામગીરી સબંધે આગામી એક અઠવાડિયા માટે જનસેવા કેન્દ્રોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને સવારે એક કલાક વહેલાં ખૂલશે. જનસેવા કેન્દ્રોમાં હાલનો સમય ૧૦:૩૦થી ૬:૧૦ના બદલે આગામી એક અઠવાડિયા માટે સવારના ૯:૩૦ થી ૬:૧૦ સુધી નક્કી કરવામાં આવ્યો છે. સબંધિત જાહેર જનતા તથા અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓએ આ સમયગાળાની નોંધ લેવા અને કામ કરતા કર્મચારીને સુચના પણ આપવામાં આવી છે.

## ૨૧ જણસીથી ઉભરાયું જૂનાગઢ માર્કેટિંગ યાર્ડ

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૪ ।

આજે જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં જણસીઓની પુષ્કળ પ્રમાણમાં આવક થઈ હતી. તુવેર, ઘઉં અને ચણાની આવક તથા ખેડૂતોમાં સારા ભાવ મળવાને લીધે ખુશખુશાલ જોવા મળ્યા હતા. જૂનગઢ માર્કેટિંગ યાર્ડમાં આજે કુલ ૨૧ જણસીઓની આવક નોંધાઈ હતી. જેમાં તુવેર , ઘઉં અને સોયાબીનના ખેડૂતોને ખૂબ સારા ભાવ મળ્યા હતા. ખેડૂતો ઓપન માર્કેટમાં પોતાના પાકને વેચવાનું એટલા માટે જ પસંદ કરી રહ્યા છે. કારણ કે, ટેકાના ભાવ કરતા ખેડૂતોને ઓપન માર્કેટમાં સારા એવા ભાવ મળી રહે છે. ટેકાના ભાવ કરતા ખેડૂતોને ઓપન માર્કેટમાં સારા એવા ભાવ મળી રહે છે. ત્યારે આજે માર્કેટિંગ યાર્ડમાં તુવેરની ૮૭૫ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી. જ્યારે યાર્ડમાં આજે જીરાની ૨૦૪ ક્વિન્ટલ આવક સામે એક મણનો ઊંચો ભાવ ૫૮૭૦ રૂપિયા એક મણનો નીચો ભાવ ૫૫૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૫૬૫૦ રૂપિયા નોંધાયો છે. યાર્ડમાં આજે ખેડૂતોને તુવેર સારા એવા ભાવ મળ્યા હતા. આજે ૮૭૫ ક્વિન્ટલ તુવેરની આવક સામે એક મણનો ઉંચો ભાવ ૨૪૬૯ રૂપિયા એક મણનો નીચો ભાવ ૨,૦૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૨,૩૦૦ રૂપિયા નોંધાયો હતો. આજે ખેડૂતોને તુવેરમાં અને સોયાબીનમાં સારો એવો ભાવ મળ્યો હતો, જેથી ખેડૂતો ખુશ જોવા મળ્યા હતા. જૂનાગઢ યાર્ડમાં આજે મગફળીની સારી આવક થઈ હતી. આજે યાર્ડમાં મગફળીના એક મણના ઉંચા ભાવ ૧૨૩૬ રૂપિયા બોલાયા હતા અને નીચા ભાવ ૧૦૦૦ રૂપિયા અને સામાન્ય ભાવ ૧૧૫૦ રૂપિયા નોંધાયા હતા.









પો.કમિ. શ્રી જી.એસ. મલિક અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ ગોમતીપુર, અમરાઇવાડી, રાણીપ, ગા. હવેલી, ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા પોલીસ પરિવારના બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં બાળકોને અનેકવિધ રચનાત્મક પ્રવૃતિઓ શિખવાડવામાં આવી રહી છે.

### ગુજરાતમાં હીટવેવની સ્થિતિને લઈ નિર્ણય

## પાંચ દિવસ સુધી બપોરે કોચિંગ ક્લાસ બંધ રહેશે

### ક્લાસિસમાં લીંબુપાણી, ઇલેક્ટ્રોલ પાઉડર, મેડિકલ કિટ પણ રાખવામાં આવશે : અમદાવાદમાં રેડ એલર્ટ અપાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં આ વખતે ગરમી બધા રેકોર્ડ તોડીને સતત વધતી જાય છે જેના કારણે લોકોના હાલ બેહાલ છે. અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોચિંગ ક્લાસિસને બપોરે ચાર કલાક માટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આગામી પાંચ દિવસ સુધી બપોરને ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી કોચિંગ ક્લાસિસ બંધ રહેશે. આ ઉપરાંત ક્લાસિસમાં લીંબુપાણી, ઈલેક્ટ્રોલ પાઉડર, મેડિકલ કિટ પણ રાખવામાં આવશે. ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ગરમીને લઈને રેડ એલર્ટ અપાયું છે. ગરમીની સ્થિતિને જોતા આકરા તાપથી બચવા માટે નાગરિકોને સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે. ગુજરાતમાં ઉનાળાએ હાહાકાર મચાવ્યો છે અને તેના કારણે તમામ બિઝનેસને અસર થઈ રહી છે. લોકોને શક્ય હોય ત્યાં સુધી ઘરમાંથી બહાર ન નીકળવાની સલાહ અપાય છે અને હજુ પાંચ દિવસ સુધી આવી જ ગરમી પડે તેવી શક્યતા છે. તેના કારણે ગુજરાત ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિયેશને ૫ દિવસ સુધી શૈક્ષણિક સંસ્થાઓમાં બપોરે ૧૨થી ૪ શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિયેશન, ગુજરાતના પ્રમુખ હેમાંગ રાવલે કહ્યું કે ગુજરાતમાં આવનારા પાંચ દિવસમાં રેડ એલર્ટ અને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તેથી વિદ્યાર્થીઓના આરોગ્યના હિત માટે બપોરે ૧૨થી સાંજના ૪ વાગ્યા સુધી એજ્યુકેશન સંસ્થાઓનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય લીધો છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, જામનગર સહિતનાં મહાનગરો, તમામ જિલ્લા અને તાલુકાઓમાં આ ફેડરેશનના સદસ્યો છે. ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં ૪૫ ડિગ્રી કરતા વધારે તાપમાન પહોંચી જાય છે અને અમદાવાદમાં તો મહત્તમ તાપમાન ૪૬.૫ ડિગ્રીથી ઉપર જાય છે. અમદાવાદ રાજકોટ અમરેલી સહિતના જિલ્લામાં તાપમાનનો પારો ૪૫ને પાર જતાં લોકો આગ ઝરતી ગરમીનો અનુભવ કરી રહ્યાં છે. હવામાન વિભાગે હજુ પણ હિટવેવની આગાહી કરી છે. હાલમાં રાજ્યના બે જિલ્લામાં રેડ એલર્ટ, ૨૦ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૬ જિલ્લામાં યલો એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

### હિંમતનગર શામળાજી હાઇવે પર મોટી ઘટના

## અકસ્માત બાદ ગુસ્સે થયેલા ટોળાએ પોલીસની ગાડી સળગાવી

### સાબરકાંઠામાં અકસ્માતમાં ગામડી ગામના યુવકનું મોત થતાં રોષ ગ્રામજનોએ પોલીસ પર પણ પથ્થરમારો કર્યો

। (એજન્સી) હિંમતનગર, તા.૨૪ ।

હિંમતનગર શામળાજી નેશનલ હાઈવે નંબર આઠ પર રોડ ક્રોસ કરવા જતા આધેડનું મોત નિપજ્યું હતું. જેથી રોષે ભરાયેલા ગામ લોકોએ ચક્કાજામ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. એટલું જ નહિ, ગુસ્સે થયેલા ટોળાએ પોલીસની ગાડી પણ સળગાવી હતી. ગામ લોકોએ આખો હાઈવે બ્લોક કરી પોલીસ વાહન સળગાવ્યું હતું. જેના બાદ ટોળાને વિખેરવા ૧૨૦થી વધુ ટિયરગેસના શેલ છોડવા પડ્યા હતા. છેલ્લા છ વર્ષથી નેશનલ હાઈવે નંબર આઠના નવીનીકરણની કામગીરીએ ત્રણ વર્ષમાં ૬ લોકોનો ભોગ લીધો છે. ત્યારે આજે સવારે ૬:૦૦ વાગે દૂધ ભરાવવા મંડળીમાં હાઈવે ક્રોસ કરીને જતા આધેડને ગામડી હાઈવે પર અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેમાં તેમનું મોત નિપજ્યુ હતું. ત્યારે છેલ્લા ત્રણ વર્ષમાં આ છઠ્ઠું મોત થતાં ગામ લોકો ઉશ્કેરાયા હતા અને ગામ લોકોએ વૃક્ષોની આડસો મૂકી હાઈવે ચક્કાજામ કરી દીધો હતો. એક તબક્કે નેશનલ હાઈવે નંબર આઠ પર ગામડીથી છેક રાજેન્દ્રનગર અને બીજી તરફ હિંમતનગર એમ બંને તરફ ૧૦ થી ૧૨ કિલોમીટર વાહનોની લાંબી લાઈનો લાગતા ગાંભોઈ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ ઉશ્કેરાયેલા ગામ લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો અને ગાંભોઈ પીએસઆઈની ગાડીને આગચંપી કરી હતી. તો સાથે સાથે પોલીસના અન્ય ત્રણ વાહનોને પણ નુકસાન કરી પોલીસ પર પથ્થર મારો પણ કર્યો હતો અને હાઈવે પર ત્રણ જગ્યાએ ટાયર સળગાવવાના બનાવો પણ બન્યા હતા. ઘટનાની ગંભીરતા જોઈને સાબરકાંઠા એલસીબી સાબરકાંઠા એસ.ઓ.જી અને જિલ્લા પોલીસ વડા વિજય પટેલ સહિતનો પોલીસનો કાફલો ત્યાં ખડકી દેવામાં આવ્યો હતો. સવારે ૬:૦૦ વાગ્યાથી થયેલો ચક્કાજામ ૯:૩૦ કલાક સુધી રહ્યો હતો. ત્યારે પોલીસે ટીયર ગેસના સેલ છોડતા મામલો બિચક્યો હતો. પરંતુ સમાજના અગ્રણીઓ અને અન્ય લોકો વચ્ચે પડતા આશરે છેલ્લે વૃદ્ધની લાશને સ્થાનિક લોકો ઉઠાવવા તૈયાર થયા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. અંતે, સાડા ત્રણ કલાક બાદ ટ્રાફિકજામ ખુલ્લો કરાયો હતો.

### ગુજરાતમાં મોંઘી થશે પ્રોપર્ટી

## પરિણામ આવતા જ થશે મોટો ધડાકો! બદલાઈ જશે જંત્રીના દર

### જંત્રીના દરમાં વધ-ઘટ માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

હાલ સૌ કોઈની નજર ૪ જૂનો આવનારા લોકસભાની ચૂંટણીઓના પરિણામો પર છે. ચૂંટણીનું પરિણામ આવતાની સાથે જ દેશભરમાં એક સાથે ઘણાં ફેરફાર થશે તે સ્વભાવિક છે. જોકે, આમાંનો એક મોટો ફેરફાર ગુજરાતમાં થવાની તૈયારીઓ થઈ ગઈ છે. સૂત્રોની માનીએ તો એના માટેનો તખ્તો પણ તૈયાર કરી દેવાયો છે. એવું ચર્ચામાં છેકે, ૪ જૂનના રોજ લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ તુરંત જ ગુજરાતમાં જંત્રીના દરોમાં મોટો ફેરફાર કરવામાં આવી શકે છે. સરકાર દ્વારા જંત્રીમાં મોટા પાયે વધારો કરવામાં આવી શકે છે. જો આવું થશે તો નવી બનનાવી તમામ પ્રોપર્ટીઓ મોંઘી થઈ જશે. મહત્ત્વનું છેકે, ગયા વર્ષે દિવાળીમાં દરો રિવાઈઝ થવાના હતા પરંતુ લોકસભાની ચૂંટણી આવતી હોવાથી સરકારે કાર્યવાહી સ્થગિત કરી હતી. ગુજરાતમાં જંત્રીના દરોમાં ફેરફાર કરવાની અને સાયન્ટિફિક રીતે રીતે દેરો નક્કી કરવાની કાર્યવાહી ચાલી રહી હતી પરંતુ લોકસભાની ચૂંટણીના કારણે રાજ્ય સરકારે જંત્રીના દરોમાં અત્યાર સુધી કોઈ ફેરફાર કર્યા ન હતા પરંતુ હવે ચૂંટણી પુરી થઈ ચૂકી હોવાથી રિવાઈઝ જંત્રીનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. સચિવાલયના આંતરિક વર્તુળોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે જ્યારે જંત્રીના દરો લાગુ કરવામાં આવ્યા ત્યારે કેટલીક વિસંગતતા જોવા મળી હતી. માર્કેટ રેટ અને જંત્રી રેટના તફાવત દૂર કરવા માટે સાયન્ટિફિક રીતે વેલ્યૂ ઝોનના આધારે સર્વેક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. એ સમયે દિવાળીના સમયમાં ફેરફાર કરેલી જંત્રીના દરો લાગુ કરવાની વિચારણા હતી પરંતુ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી આવી રહી હોવાથી તે સમયે દરોમાં ફેરફારનો નિર્ણય લેવાયો ન હતો. આ પ્રક્રિયામાં સરકારના કેટલાક અધિકારીઓની ટીમ મહારાષ્ટ્ર અને મુંબઈમાં મોકલવામાં આવી હતી, જ્યાં તેમણે જંત્રીની પદ્ધતિનો અભ્યાસ કર્યો હતો. જંત્રીને એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રીયલ અને અન્ય જમીન એમ કુલ ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવેલી છે. વેલ્યુએશન થયા પછી જે તે વિસ્તારની જમીનોના ભાવને ધ્યાને રાખી ફેરફાર કરવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્યમાં જંત્રીનું માળખું બદલાવાની તૈયારીમાં છે અને સંભવતઃ ઓગષ્ટ મહિનામાં તેની જાહેરાત થઈ શકે તેમ છે. જંત્રીના નવા પ્લાન પ્રમાણે મહાનગરોમાં વિકસિત વિસ્તારોમાં બજાર ભાવ પ્રમાણે દરો નિયત કરવામાં આવ્યા છે અને વિકાસની ઓછી તકો રહેલી છે તેવા વિસ્તારમાં જંત્રીના દરોમાં ઘટાડો પણ કરવામાં આવ્યો છે. બીજી તરફ શહેરી વિસ્તારની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારમાં ઘણી જગ્યાએ જંત્રીના હાલના દરોમાં ઘટાડો પણ થઈ શકે તેવી સંભાવના છે. જંત્રીના દરોમાં સૌથી મોટો ફેરફાર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેરી વિકાસ સત્તામંડળોમાં જોવા મળી શકે.

## વડોદરાની મહી નદીમાંથી એક સાથે મળ્યા ચાર યુવકોના મૃતદેહ

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

રાજ્યમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે, ત્યારે આવામાં લોકો ઠંડકમાં વોટર પાર્ક, તળાવ કે નદીમાં ન્હાવા માટે જતા હોય છે અને દુર્ઘટનાનો ભોગ બનતા હોય છે. દરમિયાન વડોદરાથી દુખદ ઘટના સામે આવી છે. અહીં મહી નદીમાંથી એક બે નહીં પરંતુ એક સાથે ચાર યુવકના મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. હાલ આ ચારેય મૃતદેહને પોલસ દ્વારા પોસ્ટમોર્ટમ અર્થે ખસેડયા છે. મળતી માહિતી અનુસાર, વડોદરાની મહી નદીમાંથી એક સાથે ચાર યુવકોના મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ છે. કોટના તરફથી સિંધરોટ મૃતદેહ તણાઈ આવ્યા હોવાનું અનુમાન લગાવવમાં આવી રહ્યું છે. હાલ સ્થાનિક તરવૈયાઓ દ્વારા ચારેય મૃતદેહ બહાર કઢાયા છે અને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયા છે. એક સાથે ચાર મૃતદેહ મળતા પોલીસે તપાસ હાથધરી છે.

## ફરસાણની દુકાનમાં બાળ મજૂરી મામલે દુકાનના માલિકની કરાઈ ધરપકડ

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

વડોદરા શહેરમાં એક ફરસાણની દુકાનમાં બાળ મજૂરી મામલો સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ફરસાણની દુકાનમાં કામ કરતા બાળમજૂરને લઈને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટસે કાર્યવાહી કરતા તેને મુક્ત કરાવ્યો. આ બાળક છેલ્લા એક મહિનાથી ફરસાણની દુકાનમાં કામ કરતો હતો. બાળ મજૂરી એક અપરાધ છે અને આ મામલે દુકાનના માલિક પ્રવિણ શર્માની ધરપકડ કરવામાં આવી છે. ફરસાણની આ દુકાન કારેલીબાગ વિસ્તારમાં આવેલ છે. ચોખેલાલજી નામની પ્રખ્યાત ફરસાણની દુકાનમાં એક મહિનાથી બાળ મજૂરનું શોષણ થતું હતું. બાળ મજૂરની ઉંમર ૧૫ વર્ષ છે. કાયદા મુજબ સગીર વયના બાળકોને નોકરી પર રાખવામાં આવતા નથી. જ્યારે ૧૫ વર્ષીય આ બાળક ફરસાણની દુકાનમાં નોકરી કરતા હતો અને તેને પગારપેટે ૯ હજાર રૂપિયા અપાતા હતા. બાળ મજૂરી મામલે કામ કરતા એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટએ દુકાનદાર સામે કાર્યવાહી કરતા કુંભારવાડા પોલીસમાં ફરિયાદ નોંધાવી. એન્ટી હ્યુમન ટ્રાફીકીંગની ટીમ મહિલાઓ અને બાળકોના શોષણ અટકાવવા મામલે કામગીરી કરી છે. તાજેતરમાં એન્ટી હ્યુમન ટ્રાફીકીંગની ટીમને બાતમી મળી હતી કે કારોલીબાગ વિસ્તારમાં આવેલ એક ફરસાણની દુકાનમાં નાના બાળકો પાસે મજૂરી કામ કરવામાં આવી રહ્યું છે.

# વિશેષ

### એફટીઆઈઆઈના વિદ્યાર્થીને ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ‘લા સિનેફ’ એવોર્ડ મળ્યો

## “સનફ્લાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો” - એફટીઆઈઆઈના વિદ્યાર્થી ચિદાનંદ એસ નાઈક (ડિરેક્ટર) અને તેમની ટીમ કાન્સમાં ચમક્યા

### ચિદાનંદ એસ નાઈક - ‘૭૫ ક્રિએટિવ માઈન્ડ્સ ઓફ ટુમોરો’માંના એક અને ૨૦૨૨ બેચના એફટીઆઈઆઈના વિદ્યાર્થી

ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII)ના વિદ્યાર્થી ચિદાનંદ નાઈકને, ફ્રાન્સમાં ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ શોર્ટ, કોર્સ એન્ડ ફિલ્મ “સનફલાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો”માટે કાનનો લા સિનેફ એવોર્ડ મળ્યો હતો. વિજેતાની સત્તાવાર રીતે ૨૩મી મે ૨૦૨૪ના રોજ ઉત્સવમાં જાહેરાત કરવામાં આવી હતી જ્યાં વિદ્યાર્થી દિગ્દર્શક શ્રી ચિદાનંદ નાઈકે એવોર્ડ મેળવ્યો હતો.

આ ફિલ્મનું દિગ્દર્શન ચિદાનંદ એસ નાયકે કર્યું છે, સૂરજ ઠાકુરે શૂટ કર્યું છે, મનોજ વી દ્વારા સંપાદિત અને અભિષેક કદમે સાઉન્ડ કર્યું છે.

ભારતીય સિનેમા માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. ભારતીય ફિલ્મો આંતરરાષ્ટ્રીય મંચ પર પ્રશંસા મેળવી રહી છે, ખાસ કરીને FTII એ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ફેસ્ટિવલમાં તેના વિદ્યાર્થીઓની ફિલ્મો દર્શાવવા સાથે કાન્સમાં નોંધપાત્ર રીતે સારું પ્રદર્શન કર્યું છે. FTII સ્ટુડન્ટની બીજી ફિલ્મ 'CATDOG'ને ૭૩મા કાન્સમાં એવોર્ડ જીત્યાના ચાર વર્ષ બાદ વર્તમાન માન્યતા મળી છે. ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતમાંથી વિવિધ કેટેગરીમાં બહુવિધ એન્ટ્રીઓ જોવા મળી હતી. FTIIના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેમ કે પાયલ કાપડિયા, મૈસમ અલી, સંતોષ સિવાન, ચિદાનંદ એસ નાઈક અને તેમની ટીમને આ વર્ષની કાન્સમાં ઓળખ મળી.

"સનફલાવર્સ વેર ધ ફર્સ્ટ વન્સ ટુ નો" તે એક વૃદ્ધ મહિલાની વાર્તા છે જે ગામના મરઘાને ચોરી લે છે, જે સમુદાયને અવ્યવસ્થિત કરી દે છે. કૂકડાને પાછો લાવવા માટે, એક ભવિષ્યવાણી કરવામાં આવે છે, જે વૃદ્ધ મહિલાના પરિવારને દેશનિકાલ મોકલે છે. આ FTII ફિલ્મ ટીવી વિંગના એક-વર્ષના કાર્યક્રમનું નિર્માણ છે જ્યાં વિવિધ શાખાઓના ચાર વિદ્યાર્થીઓ એટલે કે દિગ્દર્શન, ઈલેક્ટ્રોનિક સિનેમેટોગ્રાફી,



એડિટિંગ, સાઉન્ડ એક પ્રોજેક્ટ માટે વર્ષ-અંતની સંકલિત જહેમત તરીકે એક સાથે કામ કર્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન ચિદાનંદ એસ નાઈક દ્વારા કરવામાં આવ્યું છે, સૂરજ ઠાકુર દ્વારા શૂટ કરવામાં આવ્યું છે, મનોજ વી દ્વારા સંપાદિત કરવામાં આવ્યું છે અને અભિષેક કદમ દ્વારા અવાજ આપવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓએ તેમની અંતિમ વર્ષની સંકલિત કસરતના ભાગ રૂપે ફિલ્મ પર કામ કર્યું હતું અને ૨૦૨૩માં FTIIમાંથી પાસ આઉટ થયા હતા. FTIIના ૧-વર્ષના ટેલિવિઝન કોર્સના વિદ્યાર્થીની ફિલ્મની પસંદગી અને પ્રતિષ્ઠિત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આ પ્રથમ વખત છે. ૨૦૨૨માં FTII માં જોડાતા પહેલા, ચિદાનંદ એસ નાઈકને ૫૩મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં ૭૫ ક્રિએટિવ માઈન્ડ્સમાંના એક તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, જે સિનેમાના ક્ષેત્રમાં ઉભરતા યુવા કલાકારોને ઓળખવા અને સમર્થન આપવા માટે I&B મંત્રાલયની પહેલ છે.

FTII ના પ્રમુખ શ્રી આર. માધવને ફિલ્મના સમગ્ર વિદ્યાર્થી એકમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું, “શ્રી ચિદાનંદ નાઈક અને ‘સનફ્લાવર વેર ધ ફર્સ્ટ ઓન ટુ નો’ની સમગ્ર ટીમને આ ખૂબ જ પ્રતિષ્ઠિત સન્માન માટે અભિનંદન. આ ઘણી વધુ અસાધારણ માન્યતા અને પ્રેમ સાથે એક પ્રખ્યાત કારકિર્દીની માત્ર શરૂઆત હોઈ શકે. સાથે જ, આવી વિશ્વ કક્ષાની પ્રતિભાને ઉજાગર કરવા માટે FTIIના તમામ સ્ટાફ અને વહીવટીતંત્રને ખૂબ આનંદ અને આદર.”

‘લા સિનેફ’ એ ફેસ્ટિવલનો એક અધિકૃત વિભાગ છે જેનો ઉદ્દેશ્ય નવી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાનો છે અને વિશ્વભરની ફિલ્મ સ્કૂલોની ફિલ્મોને ઓળખે છે. આ ફિલ્મ વિશ્વભરની ૫૫૫ ફિલ્મ શાળાઓ દ્વારા સબમિટ કરવામાં આવેલી કુલ ૨,૨૬૩ ફિલ્મોમાંથી પસંદ કરાયેલા ૧૮ શોર્ટ્સ (૧૪ લાઈવ-એક્શન અને ૪ એનિમેટેડ ફિલ્મો) માંની હતી.

FTII ની અનન્ય શિક્ષણ શાસ્ત્ર અને સિનેમા અને ટેલિવિઝનના ક્ષેત્રમાં શિક્ષણ માટે અભ્યાસ આધારિત સહ-શિક્ષણ અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરવાને પરિણામે સંસ્થાના વિદ્યાર્થીઓ અને તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વર્ષોથી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવોમાં વખાણ મેળવ્યા છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કારનું સ્વાગત ભારતીય સિનેમા માટે એક ઐતિહાસિક સિદ્ધિ છે. ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મ શાળાઓમાં ટોચ પર છે અને આજે ભારતને ગૌરવ અપાવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૫૨ના મોત

। (એજન્સી) દહેરાદૂન, તા.૨૪ ।

ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૫૨ લોકોના મોત થયા છે. જેમાંથી બદ્રીનાથમાં ૧૪, કેદારનાથમાં ૨૩, ગંગોત્રીમાં ૦૩ અને યમુનોત્રીમાં ૧૨ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં કેદારનાથમાં ૩૫૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે, જેનું મુખ્ય કારણ છાતીમાં દુખાવો, બેચેની અને હાર્ટ એટેક છે. બદ્રીનાથ ધામની યાત્રાએ આવેલા કેરળના એક ભક્તનું ગુરુવારે કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ થયું હતું. પરિવારના સભ્યોએ વિષ્ણુપ્રયાગમાં જ અંતિમ સંસ્કાર કર્યા હતા. અત્યાર સુધીમાં બદ્રીનાથ ધામની યાત્રાએ આવેલા આઠ શ્રદ્ધાળુઓનું હૃદય બંધ થવાથી મૃત્યુ થયું છે. કેરળના તિરુવનંતપુરમથી ચાર મહિલાઓ અને બે પુરૂષો બદ્રીનાથ દર્શન માટે આવ્યા હતા. શ્રીનિવાસન (૬૩)નું બુધવારે કાર્ડિયાક અરેસ્ટને કારણે અચાનક અવસાન થયું હતું. CMO ડૉ. રાજીવ શર્માએ આ વાતની પુષ્ટિ કરી છે. આ પછી પરિવારજનો મૃતદેહને વિષ્ણુપ્રયાગ લઈ આવ્યા.

### કેદારનાથમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ૩૫૦ શ્રદ્ધાળુઓના મોત થયા



। (એજન્સી) દહેરાદૂન, તા.૨૪ ।

ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં ૫૨ લોકોના મોત થયા છે. જેમાંથી બદ્રીનાથમાં ૧૪, કેદારનાથમાં ૨૩, ગંગોત્રીમાં ૦૩ અને યમુનોત્રીમાં ૧૨ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં કેદારનાથમાં ૩૫૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે, જેનું મુખ્ય કારણ છાતીમાં દુખાવો, બેચેની અને હાર્ટ એટેક છે. બદ્રીનાથ ધામની યાત્રાએ આવેલા કેરળના એક ભક્તનું ગુરુવારે કાર્ડિયાક અરેસ્ટને કારણે મૃત્યુ થયું હતું. પરિવારના સભ્યોએ વિષ્ણુપ્રયાગમાં જ અંતિમ સંસ્કાર કર્યા હતા. અત્યાર સુધીમાં બદ્રીનાથ ધામની યાત્રાએ આવેલા આઠ શ્રદ્ધાળુઓનું હાર્ટ એટેક થવાથી મૃત્યુ થયું છે. કેરળના તિરુવનંતપુરમથી ચાર મહિલાઓ અને બે પુરૂષો બદ્રીનાથ દર્શન માટે આવ્યા હતા. શ્રીનિવાસન (૬૩)નું બુધવારે કાર્ડિયાક અરેસ્ટને કારણે અચાનક અવસાન થયું હતું. ડૉ. રાજીવ શર્માએ આ વાતની પુષ્ટિ કરી છે. આ પછી પરિવારજનો મૃતદેહને વિષ્ણુપ્રયાગ લઈ આવ્યા.

### UPના બરેલીમાં સિવિલ જજનો કુતરો ચોરાઈ ગયો



। (એજન્સી) બરેલી, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના બરેલીમાં એક સિવિલ કોર્ટના જજનો કૂતરો ચોરાયો હતો. જજના પરિવારનો આરોપ છે કે તેમના પાડોશી ડમ્પી અહેમદે તેમના પાલતુ કૂતરાની ચોરી કરી છે. જજના પરિવારની ફરિયાદ બાદ પોલીસે ૧૨થી વધુ લોકો સામે ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. જો કે, ન્યાયાધીશની પોસ્ટિંગ હાલમાં હરદોઈમાં છે, જ્યારે તેમનો પરિવાર બરેલીની સનસિટી કોલોનીમાં રહે છે. એફઆઈઆર મુજબ જજના પરિવાર અને અહમદના પરિવાર સાથે થોડા દિવસો પહેલા માથાકુટ થઈ હતી. ડમ્પી અહેમદના પુત્ર કાદિર ખાને કથિત રીતે જજના પરિવારના સભ્યોને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ૧૬ મેના રોજ રાત્રે લગભગ ૯.૪૫ કલાકે ડમ્પી અહેમદની પત્ની જજના ઘરે આવી હતી. તે ન્યાયાધીશના પરિવારથી નારાજ હતી, કારણ કે તેમના કૂતરાએ તેમની પુત્રી સાથે કથિત રીતે તેમના પર હુમલો કર્યો હતો.







આર્મી સ્ટાફ (સીઓએએસ)જનરલ મનોજ પાંડેએ મહારાષ્ટ્રના ખડકવાસલામાં એનડીએના ખેતરપાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રીય સંરક્ષણ એકેડમીના ૧૪૬મા અભ્યાસક્રમની પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી હતી.

### બાંગ્લાદેશી સાંસદની હત્યામાં હની ટ્રેપ એંગલ આવ્યો

# સીઆઈડીએ મુંબઈના પ્રોફેશનલ કસાઈને પણ પકડી પાડ્યો જેણે હત્યા કરી લાશના ટુકડા કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

બાંગ્લાદેશની સત્તાધારી પાટી અવામી લીગના સાંસદ અનવારુલ અઝીમ અનવરની હત્યાના કારણે કોલકાતામાં ખળભળાટ મચી ગયો છે. ભારત અને બાંગ્લાદેશ બંનેની પોલીસ આ હત્યાનો ભેદ ઉકેલવામાં વ્યસ્ત છે. પોલીસે કહ્યું છે કે સાંસદની હત્યામાં તેનો બાળપણનો મિત્ર સામેલ હતો. પરંતુ હવે આ મામલે હની ટ્રેપ નો એંગલ પણ સામે આવી રહ્યો છે. લાશના ટુકડા કરનાર કસાઈની પણ ધરપકડ કરવામાં આવી છે.સાંસદ અનવરુલની હત્યા કેસની તપાસ કરી રહેલી બંગાળ પોલીસને શંકા છે કે



સાંસદને હનીટ્રેપના બહાને તેમના કોલકાતાના ફ્લેટમાં બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની હત્યા કરવામાં આવી હતી.પોલીસે કહ્યું કે તપાસમાં સંકેત મળ્યો કે બાંગ્લાદેશી સાંસદ હની ટ્રેપમાં છે. આ મહિલા મૃતક સાંસદના મિત્રની નજીકની મિત્ર છે. સાંસદ અનવારુલને તે જ મહિલાએ તેના કોલકાતાના ફ્લેટમાં બોલાવ્યો હતો. પોલીસને શંકા છે કે ફ્લેટમાં ઘૂસ્યા બાદ તરત જ તેની હત્યા કરવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજમાં અનવરૂલને એક પુરુષ અને એક મહિલા સાથે ફ્લેટમાં પ્રવેશતા જોઈ શકાય છે. આ બંને માણસો પાછળથી ફ્લેટમાંથી બહાર નીકળતા અને બીજા દિવસે ફ્લેટમાં પાછા જતા જોઈ શકાય છે પરંતુ સાંસદ ક્યારેય ફ્લેટમાંથી બહાર નીકળતા જોવા મળ્યા ન હતા. પરંતુ આ બંને આરોપીઓ મોટી ટ્રોલી સૂટકેસ લઈને ફ્લેટમાં પ્રવેશતા જોઈ શકાય છે.પોલીસનું કહેવું છે કે આ એક આયોજનબદ્ધ હત્યા છે.

### 'પોલીસ પર રાજકીય દબાણ કોણે કર્યુ? 'સરકારે જાહેર કરવું જોઈએ'

# સુપ્રિયા સુલેએ પૂણે પોર્શે કાર અકસ્માત અંગે ફડણવીસ પર નિશાન સાધ્યું




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

મહારાષ્ટ્રના પુણેમાં એક સ્પીડિંગ 'પોર્શ' કારની ટક્કરથી બે સોફ્ટવેર એન્જિનિયરોના મોતના મામલામાં વિરોધ પક્ષોએ રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે. મહારાષ્ટ્રમાં, વિપક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટી (શરદ પવાર)ના નેતા સુપ્રિયા સુલે અને શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે આ અંગે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધ્યું હતું. સુપ્રિયા સુલેએ કહ્યું કે સત્તામાં રહેલા લોકોએ જાહેર કરવું જોઈએ કે પુણેમાં પોર્શ કાર અકસ્માત કેસમાં પોલીસ પર કોણે દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો.સુપ્રિયા સુલેએ કહ્યું, 'હું દેવેન્દ્ર ફડણવીસ પાસેથી જવાબ માંગું છું, તેમણે કહ્યું કે પોલીસે રાજકીય દબાણમાં આવવું જોઈએ નહીં. પોલીસ પર રાજકીય દબાણ કોણે કર્યું? સત્તામાં રહેલા લોકો જ પોલીસ પર દબાણ લાવી શકે છે. તે છોકરાના જામીન માટે કોણે ફોન કર્યો અને આટલા જઘન્ય ગુના છતાં સગીરને જામીન કેવી રીતે મળ્યા?બારામતીના સાંસદ સુલેએ દાવો કર્યો હતો કે અકસ્માત બાદ અજિત પવારની આગેવાની હેઠળના ધારાસભ્ય સુનિલ ટિંગારેએ આ મામલે દખલ કરી હતી.

રાજ્ય સરકાર બેદરકાર અને સંવેદનહીન છે. પછી તે નશામાં ડ્રાઈવિંગનો મુદ્દો હોય કે પુણેમાં ડ્રગ્સની વસૂલાતનો મુદ્દો... આ સરકારને પ્રશ્નો ઉકેલવામાં રસ નથી. સ્વાતિ માલીવાલ કેસ પર સુપ્રિયા સુલેએ કહ્યું, 'અમને આશા છે કે આ કેસમાં નિષ્પક્ષ તપાસ થશે. અમે ઈચ્છીએ છીએ કે હકીકતો બહાર આવે. આમ આદમી પાટી લોકો માટે કામ કરી રહી છે.આ આરોપો પર સુનીલ ટિંગ્રેએ સ્પષ્ટતા આપી છે. તેણે કહ્યું કે સવારે ૩.૨૧ વાગ્યે મારા પીએનો ફોન આવ્યો કે મોટો અકસ્માત થયો છે. આ પછી, મને ઘણા કામદારોના ફોન પણ આવ્યા અને વિશાલ અગ્રવાલે કહ્યું કે મેં હંમેશા પબ અને બાર સામે સ્ટેન્ડ લીધો છે. રાજકારણમાં આવતા પહેલા હું વિશાલ અગ્રવાલ સાથે કામ કરતો હતો. આ તેની અને મારી વચ્ચેનો સંબંધ છે. મેં મૃતકના પરિવારજનોને મદદ કરી. હું પોલીસ સ્ટેશનના સીસીટીવી ફૂટેજ ખોલવાની માંગ કરું છું.દરમિયાન, શિવસેનાના નેતા સંજય રાઉતે સરકાર પાસે આ બાબતે પૂણે પોલીસ કમિશનરને સેવામાંથી બરતરફ કરવાની માંગ કરી, આરોપ લગાવ્યો કે કિશોરીને કસ્ટડીમાં લીધા પછી, તેને પોલીસ સ્ટેશનમાં પિઝા અને બર્ગર પીરસવામાં આવ્યું હતું. તેણે કહ્યું કે પુણે પોલીસે એક અમીર છોકરાને મદદ કરી જેણે ૨ યુવાનોનો જીવ લીધો અને હવે વીડિયો સામે આવ્યો છે કે છોકરો દારૂ પીતો હતો. દરેક વ્યક્તિ વાસ્તવિકતાથી વાકેફ હતા પરંતુ તેમ છતાં તેઓએ તેની મદદ કરી. રાઉતે કહ્યું કે અજિત પવાર જૂથના ધારાસભ્યો તેમની મદદ માટે ત્યાં હાજર હતા.



નવી દિલ્હીના અક્ષરધામ કોમનવેલ્થ ગેમ્સ વિલેજ ખાતે મતદાન અધિકારીઓ લોકસભા ચૂંટણી-૨૦૨૪ના છઠ્ઠા તબક્કા માટે જરૂરી મતદાન સામગ્રીની ચકાસણી કરી રહ્યા છે.

### 'તત્કાલ રક્તપાત બંધ કરો'

## નંદીગ્રામ હિંસા પર રાજ્યપાલે મમતા સરકાર પર કડક વલણ અપનાવ્યું

### પશ્ચિમ બંગાળના નંદીગ્રામમાં એક મહિલા ભાજપ કાર્યકરની હત્યાના મામલાએ જોર પકડ્યું છે

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૨૪ ।

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે ગુરુવારે પૂર્વ મેદિનીપુર જિલ્લાના નંદીગ્રામમાં એક વૃદ્ધ મહિલાની ''હત્યા'' મામલે મુખ્યમંત્રી મમતા બેનજીની ટીકા કરી હતી. તેમણે સીએમને તાત્કાલિક પગલાં લેવા અને કાર્યવાહીનો અહેવાલ તેમને સુપરત કરવાનો નિર્દેશ આપ્યો.એક સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, રાજ્યપાલે એક પત્રમાં સીએમ મમતાને ''રક્તપાત'' રોકવા માટે ''ચેતવણી'' આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે આચાર સંહિતાના પરિમાણોમાં તમામ જરૂરી પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરો.રાજ્યપાલે નંદીગ્રામમાં રાજ્ય સરકાર દ્વારા ''પ્રાયોજિત હિંસા'' સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને ભાર મૂક્યો હતો કે કોઈપણ બંધારણીય ઉલ્લંઘનને ગંભીરતાથી લેવામાં આવશે અને યોગ્ય પગલાં લેવામાં આવશે. આ સંદર્ભમાં રાજ્યપાલે ગુરુવારે સાંજે રાજ્ય સચિવાલયને પત્ર મોકલ્યો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ''તેમણે (રાજ્યપાલ) સીએમ મમતા બેનજીને તાત્કાલિક પગલાં લેવા અને તેમને (રાજ્યપાલને) લેવામાં આવેલી કાર્યવાહીનો અહેવાલ તરત જ મોકલવાનો નિર્દેશ આપ્યો છે. ભારતના બંધારણની કલમ ૧૬૭ હેઠળ આવું કરવું ફરજિયાત છે. કોઈપણ ઉલ્લંઘનને ગંભીરતાથી લેવામાં આવશે અને મુખ્યમંત્રીએ આચારસંહિતાના પરિમાણોમાં અસરકારક પગલાં લેવા જોઈએ. પશ્ચિમ બંગાળ પોલીસનું કહેવું છે કે બુધવારે રાત્રે નંદીગ્રામમાં અનુસૂચિત જાતિ સમુદાયની એક મહિલા ભાજપ કાર્યકરની હત્યા કરવામાં આવી હતી.

# એક વ્યક્તિની એન્ટ્રી ઉપર બે લાખ વસૂલવામાં આવતા હતા

। (એજન્સી) બેંગલુરૂ, તા.૨૪ ।

બેંગલુરૂમાં રેવ પાર્ટી કેસમાં મોટો ખુલાસો થયો છે. પોલીસના અનુસાર તેલુગૂ અભિનેત્રી હેમા અને આશી રોયનો ડ્રગ્સ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તમને જણાવી દઈએ કે આ અઠવાડિયે બેંગલુરૂ પોલીસે એક ફાર્મહાઉસમાં ચાલી રહેલી રેવા પાર્ટીમાં રેડ પાડી હતી. આ પાર્ટીમાં ૭૩ પુરૂષો અને ૩૦ મહિલાઓ સામેલ હતી. તેમાં ૫૯ પુરૂષો અને ૨૭ મહિલાઓના બ્લડ સેમ્પલ ડ્રગ્સ પોઝિટિવ મળી આવ્યા છે. ૧૦૩ માંથી કુલ ૮૬ લોકોએ ડ્રગ્સ લીધું હતું. કર્ણાટક પોલીસને લાગે છે કે ડ્રગ્સ સાથે અહીં સેક્સ રેકેટ પણ ચાલી રહ્યું હતું. સેંટ્રલ ક્રાઈમ બ્રાંચ હવે તે લોકોને નોટિસ જાહેર કરશે જેમના બ્લડ સેમ્પલ પોઝિટિવ આવ્યા છે. આ ઉપરાંત તે લોકોને સમન પણ કરવામાં આવશે. પહેલાં આ કેસ ઈલેક્ટ્રોનિક સિટી પોલીસના અંડરમાં હતો પરંતુ પછી તેને હેબ્બાગોડી પોલીસને ટ્રાંસફર કરવામાં આવ્યો. ૧૦૪ લોકો વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે હાર્મ હાઉસમાંથી ૧૪.૪૦ ગ્રામ એમડીએમએની ગોળીઓ, ૧.૧૬ ગ્રામ એમડીએમએ ક્રિસ્ટલ, ૬ ગ્રામ હાઈડ્રો કેનબિસ, ૫ ગ્રામ કોકીન, ૫૦૦ રૂપિયાની જૂની નોટો જેના પર કોલીન લાગેલું હતું. ૬ ગ્રામ હાઈડ્રો ગાંજો, ૫ મોબાઈલ ફોન, બે વાહન જેમાં વેક્સવેગન અને લેંડ રોવર સામેલ છે, ૧.૫ કરોડનું ડીજે અને લાઈટ સિસ્ટમ મળી આવી છે. સૂત્રોના અનુસાર દરેક વ્યક્તિ પાસેથી પ્રવેશ માટે ૨ લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. તેમણે એ પણ દાવો કર્યો હતો કે એક જન્મદિવસની પાર્ટીમાં ભાગ લઈ રહ્યા હતા. પોલીસ સૂત્રોએ કહ્યું હતું કે તેમણે શંકા છે પાર્ટી આયોજક સેક્સ રેકેટ પણ ચલાવતો હતો. દરેક વસ્તુનું સાવધાનીપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું અને પાર્ટી સામેલ થનાર લોકોની તમામ માંગ પુરી કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે ૨૦ મેના રોજ ફાર્મહાઉસ પર દરોડો પાડ્યો હતો. બર્થ ડે પાર્ટીના નામે રેવ પાર્ટીનું આયોજન કરવામાં આવી રહ્યું હતું.

### જૂથવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો

# તેલંગાણામાં BRSના નેતાની હત્યા, KTRએ કોંગ્રેસ સરકાર પર આક્ષેપ કર્યો

। (એજન્સી) તેલંગાણા, તા.૨૪ ।

તેલંગાણાના વાનપથી જિલ્લામાં એક BRS નેતાની કથિત રીતે હત્યા કરવામાં આવી છે. આ માટે પાટીએ સત્તાધારી કોંગ્રેસ પર રાજકીય પ્રેરિત હત્યાનો આરોપ લગાવ્યો છે. જણાવવામાં આવી રહ્યું છે કે બુધવારે રાત્રે કોલ્લાપુરમાં ભારત રાષ્ટ્ર સમિતિના સ્થાનિક નેતા શ્રીધર રેડ્ડીની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ૪૫ વર્ષીય બીઆરએસ નેતા વાનપથી જિલ્લાના ચિનંબી મંડલના લક્ષ્મીપલ્લી ગામમાં તેમના ઘરની



બહાર સૂતા હતા ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો. BRSએ આ હત્યાની નિંદા કરી હતી અને શંકા વ્યક્ત કરી હતી કે તે શાસક કોંગ્રેસ પક્ષ દ્વારા રાજકીય રીતે પ્રેરિત હત્યા હોઈ શકે છે.પાટીના કાર્યકારી અધ્યક્ષ કેટી રામારાવે BRS નેતાની હત્યાના સંદર્ભમાં કોંગ્રેસ પાટી પર નિશાન સાધ્યું હતું. તેમણે કોંગ્રેસ પર તેલંગાણામાં રાજકીય હિંસાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો. ખાસ કરીને, તેમણે કોલ્લાપુરમાં જૂથવાદ શરૂ કરવા અને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારના પ્રધાન જુપલ્લી કૃષ્ણ રાવને દોષી ઠેરવ્યા.કેટીઆરએ કહ્યું કે મલ્લેશ યાદવની હત્યા બાદ ચાર મહિનામાં આ બીજી હત્યા છે. તેમણે મંત્રી જુપલ્લીને બરતરફ કરવાની માંગ કરી હતી અને હત્યાની SIT અથવા ન્યાયિક તપાસની માંગ કરી હતી.

### કલેકટરે બેદરકારી અંગે તપાસના આદેશ આપ્યા

# મધ્યપ્રદેશના નીમચમાં મહિલાએ રિક્ષામાં બાળકને જન્મ આપ્યો

। (એજન્સી) ભોપાલ, તા.૨૪ ।

મધ્યપ્રદેશના નીમચની જિલ્લા હોસ્પિટલમાં એનેસ્થેટિસ્ટની ગેરહાજરીને કારણે દાખલ કરવાની ના પાડ્યા બાદ ૩૦ વર્ષીય મહિલાએ ઓટો રિક્ષામાં બાળકને જન્મ આપ્યો હતો. જો કે, માતા અને નવજાત બાળકને બાદમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને હાલમાં તેમની સ્થિતિ સારી છે. જિલ્લા કલેકટરે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. બાળકીના પિતા દિનેશ સિલાવત રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના ગંગરાર વિસ્તારના રહેવાસી છે.



તે ધાબળા વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે. તે કેટલાક દિવસોથી નીમચના માલખેડા ગામમાં રહે છે.મીડિયા સાથે વાત કરતા તેણે કહ્યું કે બુધવારે બપોરે ૨.૩૦ વાગ્યાની આસપાસ તેની પત્ની રજનીને લેબર પેઈન શરૂ થઈ અને તે તેને રિક્ષામાં જિલ્લા હોસ્પિટલ લઈ ગઈ. ''પરંતુ હોસ્પિટલના સ્ટાફે તેને તેની પત્નીને રાજસ્થાનના ઉદયપુર લઈ જવા કહ્યું,'' તેણે દાવો કર્યો. સિલાવતે કહ્યું, 'મારી વારંવાર વિનંતી કરવા છતાં તેઓ સંમત ન થયા અને મહિલા સ્ટાફે અમને હોસ્પિટલ છોડવા કહ્યું. જલદી અમે ૪ વાગ્યાની આસપાસ હોસ્પિટલમાંથી બહાર આવ્યા, મારી પત્નીએ ઓટો રિક્ષામાં બાળકને જન્મ આપ્યો. તેણે કહ્યું કે જ્યારે તેની પત્નીએ બાળકને જન્મ આપ્યો, ત્યારે કેટલાક સારા લોકોએ તેની ગોપનીયતા પૂરી પાડવા માટે બેડશીટની વ્યવસ્થા કરી.

# તંત્રી લેખ...

## છત્તીસગઢમાં ભારતીય સેનાએ વધુ ૭ નક્સલવાદીઓનું એન્કાઉન્ટર કર્યું

છત્તીસગઢના એક જિલ્લામાં સવારે ૧૧ વાગ્યે ભારતીય સેના અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું હતું. આ એન્કાઉન્ટર નારાયણપુર અને બીજાપુરના સરહદી વિસ્તારો પર સ્થિત કોરોવે અને રેકાવેના ગાઢ જંગલોમાં થયું હતું. નારાયણપુર, દંતેવાડા અને બસ્તરમાં ટોચના નક્સલી નેતાઓની હાજરીની માહિતી પર પોલીસે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં હજારો સૈનિકો સામેલ હતા. સૈનિકોએ સાત ગણવેશધારી નક્સલીઓને ઠાર કર્યા હતા. માર્યા ગયેલા નક્સલવાદીઓ પાસેથી સાત હથિયારો પણ મળી આવ્યા હતા. ૧૦ થી ૧૨ નક્સલીઓના ઘાયલ થવાના પણ સમાચાર છે. ફોર્સને માહિતી મળી હતી કે અબુઝહમદના રેકાવાયા વિસ્તારમાં મોટા નક્સલી નેતાઓ હાજર છે. આ માહિતીના આધારે પોલીસ ફોર્સે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું. જેમાં દંતેવાડા, બસ્તર અને નારાયણપુર જિલ્લાના ૧ હજારથી વધુ ડીઆરજી અને એસટીએફ ના જવાનો ઓપરેશનમાં ગયા હતા. નક્સલવાદીઓની પ્લાટૂન નંબર ૧૬ અને ઈન્દ્રાવતી એરિયા કમિટીના ટોચના નેતાઓની હાજરીની માહિતીના આધારે ત્રણ જિલ્લાની પોલીસે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. આમાં ડીઆરજી, બસ્તર ફાઈટર અને એસટીએફની સંયુક્ત ટીમો નારાયણપુર, દંતેવાડા અને બસ્તર જિલ્લામાંથી શોધ માટે રવાના થઈ હતી. આ સર્ચિંગ દરમિયાન નારાયણપુર, દંતેવાડા અને બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તાર રેકવાયામાં ગુરુવારે સવારે ૧૧ વાગ્યે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે એન્કાઉન્ટરમાં બળને હતપ્રભ જોઈને ટોચના નેતાઓ ભાગી ગયા હતા. જોકે, ફોર્સ આ વાતની પુષ્ટિ કરી રહ્યું નથી. એન્કાઉન્ટર બંધ થયા પછી પણ ફોર્સ વિસ્તારની શોધખોળમાં વ્યસ્ત છે. મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈએ કહ્યું- નારાયણપુર-બીજાપુર જિલ્લાના સરહદી વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ૭ નક્સલવાદીઓના મોતના સમાચાર છે. ચોક્કસપણે સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. હું તેની હિંમતને સલામ કરું છું. અમારી સરકાર નક્સલવાદ સામે મજબૂત લડાઈ લડી રહી છે. અમારો ઉદ્દેશ્ય રાજ્યમાંથી નક્સલવાદને ખતમ કરવાનો છે. છેલ્લા ચાર મહિનામાં ફોર્સે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૯૧ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. જે દર્શાવે છે કે બસ્તરમાં ફોર્સે હવે ગિયર બદલ્યા છે. છેલ્લા ચાર દાયકામાં આ પહેલીવાર છે જ્યારે આટલી મોટી સંખ્યામાં નક્સલવાદીઓ માર્યા ગયા છે.

## ધર્મ સંપૂર્ણ સત્ય હોય છે કે સાપેક્ષ સત્ય? શું ધર્મ સત્યનો પર્યાયવાચી શબ્દ છે?



જ્યારે દુર્યોધન અને અર્જુન કૃષ્ણ પાસે યુદ્ધમાં તેમને પોતાની સાથે જોડાવાનું કહેવા ગયા, ત્યારે કૃષ્ણએ પોતાનું સૈન્ય, જે સંપૂર્ણપણે તેમના આશરે હતું, તેને દુર્યોધનના પક્ષે લડવા માટે મોકલ્યું. એ પક્ષ હારશે જ તેની તેમને જાણ હતી. રાજા તરીકે તેમનો ધર્મ શું હતો? ધર્મ વ્યવહારુ બનવાનો હતો. ધર્મને પ્રાચીન નિયમ તરીકે અથવા તત્કાલીન પરિસ્થિતિ તેરીકે, બન્ને સંદર્ભમાં જોઈ શકાય. તમે ચુકાદા આપો તે પહેલાં તે સમજવાની જરૂર છે. મહાભારતના દરેક પાત્રો તમારી અંદર ઉપસ્થિત હોય છે અને પરિસ્થિતિને અનુરૂપ તે તમારામાં ઉજાગર થાય છે. તમારામાં રહેલ દુર્યોધન, તમારામાં રહેલ અર્જુન, તમારામાં રહેલ યુધિષ્ઠિર, તમારામાં રહેલ કર્ણ કે પછી તમારામાં રહેલ કૃષ્ણ - કોને ઉપર લાવવાના છે. ચુકાદાઓ આપવા તરફ ન આવી જાઓ. કોઈ મૂર્ખ દેખાતી વ્યક્તિ ક્યારેક અંતમાં જીતી જતી હોય છે. કોઈ દુષ્ટ દેખાતી વ્યક્તિ અંતમાં દૈવીય નીકળી શકે. કોઈ સત્યવાદી વ્યક્તિ સાવ ખોટી નીકળી શકે. આવું આપણા જીવનમાં રોજબરોજ બનતું આપણે જોઈએ છીએ. કૃષ્ણ તેમને યાદ કરાવે છે, "હું દુર્યોધન અને તેના ભાઈઓને તમારા જેટલો જ પ્રમ કરું છું. હું તમારી સાથે ઊભો છું કારણ કે, તમે સત્યવાદી છો અને માત્ર ત્યાં સુધી છું જ્યાં સુધી તમે સત્યવાદી રહેશો. તમારે આ બધી વાતમાં કૃષ્ણના ભાગે શું છે તે જોવું જોઈએ, તેમની પાસે ગુમાવવાપાત્ર કશું નથી, કશું મેળવવાપાત્ર નથી. તેમની પાસે પોતાનું સમૃદ્ધ રાજ્ય છે; તેઓ ત્યાં સુખેથી રહી શકતા હોત. જ્યારે પાંડવો એ રીતે વાત કરે કે, કૃષ્ણ તેમની જાગીર છે ત્યારે કૃષ્ણ તેમને યાદ કરાવે છે, "હું દુર્યોધન અને તેના ભાઈઓને પણ તમારા જેટલો જ પ્રેમ કરું છું. હું તમારી સાથે ઊભો છું કારણ કે, તમે સત્યવાદી છો અને માત્ર ત્યાં સુધી જ્યાં સુધી તમે સત્યવાદી રહેશો. હું એટલે તમારી સાથે એટલે નથી કે, હું કૌરવોને ધિક્કારું છું અને તમને પ્રેમ કરું છું." હવે તમને પ્રશ્ન થશે કે, "તેઓએ સ્વયં તેમને સત્યનું પાલન ન કરવા કહ્યું છે." આ શાબ્દિક વસ્તુ નથી, સત્ય એ અસ્તિત્ત્વગત વસ્તુ છે. દાખલા તરીકે, છેલ્લા થોડા દિવસોથી દુનિયામાં બૉમ્બમારો થઈ રહ્યો છે, પરંતુ તેમાં જાનહાનિ થઈ નથી. ખરી રીતે તો તેઓ એવી જગ્યાઓ પર બૉમ્બ નાખવા ઈચ્છે છે જ્યાં સર્વાધિક માનવવસ્તી હોય, જેથી તેઓ વધુમાં વધુ નુકસાન પહોંચાડી શકે. એ અર્થમાં આ મહાભારત કાર્યક્રમ તેમના માટે મોટું લક્ષ્ય હોઈ શકે, કારણ કે, અહીં ઘણા લોકો એકત્ર થયા છે. જો આવી સંભાવના હોય અને તેઓ મને પૂછે કે, "શું આદિયોગી અલાયમ્માં ઘણા લોકો છે?" મારે તેમને શું કહેવું જોઈએ? સત્ય? પરમ્ સત્ય તમારી પોતાની સમાવેશ કરવાની ક્ષમતા ને આધારે કરવામાં આવતું કર્મ છે. પ્રશ્ન એ છે કે તમારા કાર્યો સમાવેશી છે કે પછી અસમાવેશી. કૃષ્ણનો ધર્મ તે જ છે. તમારો આશય અને કાર્યો જો મોટા પ્રમાણના લોકોની સુખાકારી તરફ હોય, તો કૃષ્ણ તમારી સાથે છે. જો તમારો આશ્ય અને કાર્યો માત્ર અસમાવેશી તો કૃષ્ણ તમારી સાથે નથી. તેઓ આ જ કહી રહ્યા છે. ગમે તે થાય, તેઓ સતત સમાવિષ્ટતા પર ભાર મૂકે છે. તેમાં કોઈ રસ્તામાં આવે તો, તેઓ જે જરૂરી લાગે તે કરવા માટે ઈચ્છુક છે. તમારી પાસે જેટલી પણ નૈતિકતા હોય, આખરે વાત જ્યારે જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દા પર આવે ત્યારે સહુ કોઈ આમ જ કરશે.

**રામાયણમાં તામસી સુંદરતાનું પ્રમાણ જોઈએ તો, રાવણની બહેન શૂર્પણખા સુંદર રૂપ લઈને પંચવટીમાં આવે છે**

# તુલસીએ માનસમાં અતિ સુંદર નવ વસ્તુ માટે કહ્યું છે કે દેખિ સેતું અતિ સુંદર રચના, બિહસી કૃપાનિધિ બોલે બચના...



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**મહુવામાં દર વર્ષ તકરીર થાય છે, અને એમાં મારાં મુખે જે બોલાયું હોય એનું સંકલન અમારા ગુરુકુળનાં જયદેવ માંકડે કર્યું છે, એ પુસ્તક મઝહબે મુહોબ્બતનું લોકાર્પણ વિજ્ઞાન વ્રત, આદરણીય બહેન મુમતાઝ, અને જયદેવના માતૃશ્રી અમારા આદરણીય જ્યોત્સનાબેનનાં હાથે થયું.**

માનસ સેતુબંધની રામેશ્વરની કથાના સાતમા દિવસમાં પ્રવેશ કરતાં બાપુએ મુશાયરાની વાતો કરી અને કેટલીક કવિતાની પંક્તિઓ ટાંકી આ ઉપરાંત કહ્યું કે, કથા પહેલાંના ઉપક્રમ રુપે જે ચોપડીનું લોકાર્પણ થયું, એમાં હવે આવી ઉચ્ચકક્ષાનાં કવિઓના મુશાયરા ભાગ્યે થતા જોવા મળે છે, જેમાં ખરેખર કોઈ કવિતા તત્વ હોય! મહુવામાં દર વર્ષ તકરીર થાય છે, અને એમાં મારાં મુખે જે બોલાયું હોય એનું સંકલન અમારા ગુરુકુળનાં જયદેવ માંકડે કર્યું છે, એ પુસ્તક મઝહબે મુહોબ્બતનું લોકાર્પણ વિજ્ઞાન વ્રત, આદરણીય બહેન મુમતાઝ, અને જયદેવના માતૃશ્રી અમારા આદરણીય જ્યોત્સનાબેનનાં હાથે થયું. વિષયમાં પ્રવેશ કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે માનસ સેતુબંધનાં અગાઉનાં દિવસોમાં નિવેદન કર્યું હતું કે આપણે ત્યાં જ્યોતિર્લિંગ બાર છે, શિવની અષ્ટમૂર્તિ છે, અને શિવત્વના રૂપ અગિયાર છે. પરંતુ એ પહેલાં દેખિ સેતું અતિ સુંદર રચના.. ભગવાન રામે સેતુની રચનાને અતિ સુંદર રચના કહી છે. તો સુંદરતા ચાર પ્રકારની હોય છે પહેલી તામસી સુંદરતા, જે સુંદર તો અવશ્ય હોય, પરંતુ રીસાવું, ગુસ્સો કરવો, ઉપેક્ષા કરવી, ગાળાગાળી કરવી, એ તામસી સુંદરતાનું પ્રમાણ માનવામાં આવે છે. રામાયણમાં એનું પ્રમાણ જોઈએ તો, રાવણની બહેન શૂપ ર્ણખા સુંદર રૂપ લઈને પંચવટીમાં આવે છે. પરંતુ એની પ્રકૃતિ તામસી છે, એણે તો સૌંદર્યનું ખાલી નાટક કર્યું છે, પ્રભાવ પાડવા માટે. પરંતુ સ્વભાવ તામસી છે, અને પોતાના સૌંદર્યને ઈચ્છા અનુકૂળ જવાબ ન મળ્યો તો તામસ્તા તરત પ્રગટ થઈ ગઈ, અને એ એકદમ ક્રોધિત થઈ ગઈ. બીજો પ્રકાર રાજસી સુંદરતા એટલે કે એમાં રજોગુણી સૌંદર્ય હોય છે. થોડો ભાગ શૃંગારનો પણ હોય છે, જેમાં સ્વભાવ સારો છે, શીલવાન છે, પણ રૂપ રજોગુણી છે. દેખિ સેતું અતિ સુંદર રચના ત્રીજો શબ્દ અતિ સુંદર અતિ સુંદર એને કહે છે, જેમાં રજોગુણ હોતો નથી, તમોગુણ નથી, કેવળ સત્વગુણ હોય છે, એવો અતિ સુંદર શબ્દ રામચરિત માનસમાં નવ વાર આવ્યો છે. માનસને નવ વસ્તુ અતિ સુંદર છે, તો હું એની વ્યાખ્યા કરું! પહેલીવાર અતિ સુંદર શબ્દ ભગવાન વિષ્ણુના સંદર્ભમાં આવ્યો, પાર્વતીને જ્યારે સમજાવવામાં આવે છે કે, તું શિવની જીદ છોડ વિષ્ણુ ભગવાન સાથે લગ્ન કર, ત્યારે ગોસ્વામી જે લખે છે.

**અતિ સુંદર સુચિ સુખદ સુશીલા,**
**ગાવહી વેદ બાસુ જશ લીલા.**

હે ભવાની ભગવાન વિષ્ણુ અતિ સુંદર છે, અને અતિ સુંદરના ચાર લક્ષણ બતાવ્યા છે. પહેલું લક્ષણ સૂચિ જે આંતર બાહ્ય પવિત્ર હોય, બીજું જે સૌંદર્ય આપણને સતાવે નહીં સુખ દે. ત્રીજું જેનામાં શીલ હોય, શીલ ન હોય તો એ સૌંદર્યનો શો અર્થ! અને ચોથું જેની લીલાને જેના ચરિત્રને વેદ ગાય છે. એટલે જે પવિત્ર, સુખદ, સુશીલ, અને કીર્તિવાન હોય, વેદ સુધીની પ્રતિષ્ઠા હોય તે અતિ સુંદર છે.

**અતિ સુંદર દીન્હેહું જનવાસા,**
**જબ સબ કહું સબ ભાંતિ સુપાસા.**

જનવાસા એટલે કે ઉતારો! સૌને કેવા સુંદર નિવાસમાં ઉતારો આપ્યો. હવે અતિ સુંદર નિવાસ કોને કહેવો એ અહીં લખ્યું નથી. પરંતુ તલગાજરડા કહે છે કે, અતિ સુંદર નિવાસના પણ ચાર લક્ષણ છે. અતિ સુંદર નિવાસ જ્યાં આંગણ હોય, બીજું જ્યાં આવકાર હોય, આપણે કોઈને આંગણે જઈએ અને આવકાર ન મળે તો ત્રીજું લક્ષણ આરામ જે નિવાસ છે, એમાં આરામ મળવો જોઈએ. મોટું આંગણું હોય, હસીને આવકાર આપ્યો હોય, આરામદાયક પણ હોય, પરંતુ ભોજનનું ન પૂછે તો, કેવું લાગે! એટલે ચોથું લક્ષણ છે આહાર. આંગણ, આવકાર, આરામ, અને આહાર એ અતિ સુંદર નિવાસના લક્ષણો છે.

**સુનહુ દેવ રઘુવીર કૃપાલા,**
**એહિ મૃગ કર અતિ સુંદર છાલા.**

જાનકીજીએ પંચવટીમાં કહ્યું હે રઘુવીર મૃગની ચામડી અતિ સુંદર છે, પણ એની કસોટીનાં ચાર લક્ષણ છે. એટલે કે સુવર્ણ મૃગ એની ચામડી સુવર્ણની છે. બીજા અર્થમાં કહીએ તો મારીચ જે બનીને આવ્યો છે, એનું મૃગ ચર્મ અતિ સુંદર છે, પણ એ કોઈ સાધુનું આસન બની જાય, જેના પર બેસીને કોઈ સાધના કરે! તો એ સુંદર બને છે. જેમાં સ્વર્ણીમતા હોય, એટલે કે કેવળ ઉપરનું વરખ ન હોય, પરંતુ પાકું હોય. એ યોગીઓની મર્યાદા ને જાળવી રાખે, જેવી રીતે શિવ મૃગચર્મ પહેરતા હતા એ સાધનાની ચેતનાને ધરતીમાં જતી રોકી રાખે છે, તો આ અતિ સુંદર છાલ એટલે કે ચામડીના ચાર લક્ષણ છે.

**તવ દેખી મુદ્રિકા મનોહર,**
**રામ નામ અંકિત અતિ સુંદર.**

ભગવાન રામ એ સીતાની ઓળખ માટે હનુમાનજીને જે મુદ્રિકા આપી હતી એ મુદ્રિકાને તુલસીદાસજી અતિ સુંદર કહી. રામનામની એ મુદ્રિકા અતિ સુંદર એટલા માટે છે, કે મુદ્રિકા સોનાની છે. રામ નામ સુવર્ણ છે, રામ નામ મણી છે ,એ બે એની અતિ સુંદરતા છે. રામ અને સીતા જે વિખુટા પડી ગયા હોય, એને ભેગા કરી દે એ અતિ સુંદર. રામ નામ અંકિત મુદ્રિકા જોઈ સીતાને શાંતિ થઈ. માટે સુંદર હકીકતમાં તો રામનું નામ સુંદર છે, અને એટલે આ મુદ્રિકા પર એ અંકિત હોવાથી, ભવસાગર પાર તારી દે. પ્રમાણ રૂપે સ્થૂળ રૂપમાં જોઈએ તો આ મુદ્રિકા અને કારણે હનુમાનજી સત્સંગ સાગર પાર કરીને આવ્યા.

**સાવધાન મન કરિ પુનિ સંકર,**
**લાગે કહન કથા અતિ સુંદર.**

તુલસી કથાને અતિ સુંદર કહી, કેમ કે એમાં રૂપ છે, નામ છે, લીલા છે, ધામ છે, એમાં ચારે ચાર વસ્તુ છે. એવી કથા અતિ સુંદર છે ભગવાન શંકર રામકથા કહે છે એમાં રામ નામ, રામનું રૂપ, રામની લીલા, અને રામનું ધામ છે એટલે કથા અતિ સુંદર છે.

**દેખિ સેતુ અતી સુંદર રચના,**
**બિહસી કૃપાનિધિ બોલે બચના.**

સેતુ વિશે અતિ સુંદર રચના એમ કહેવાયું, અહીં તો સેતુ એટલે કે બ્રિજની વાત છે. પરંતુ રચનાને સુંદર કહી છે, એટલે કોઈ કવિતા એ પણ રચના છે, ગીત એ પણ રચના છે. એટલે કોઈ પણ કૃતિ હોય, એમાં ચાર વસ્તુ હોય, ત્યારે એ અતિ સુંદર છે. એક જે સર્જન સૌને પ્રાપ્ય હોય, દુર્લભ ન હોય, પણ સુલભ હોય. બીજું જે સુલભ તો હોય પણ હિતકારી પણ હોય સૌનું કલ્યાણ કરનારી રચના હોય. ત્રીજું સર્જકને પોતાની રચનાનો અહંકાર ન હોવો જોઈએ. અહીં સેતુ બન્યો છે, પણ શ્રી રઘુવીર પ્રતાપ તે! એટલે કે ભગવાન રામનાં પ્રતાપથી આ સેતુ બન્યો. અમે તો નિમિત બન્યા છીએ, રઘુવીરની કૃપાથી સેતુ બન્યો. આમ સર્જક અભિમાન શૂન્ય થઈ જાય, એની રચના અતિ સુંદર છે. ચોથું સર્જકનું સર્જન ખુદને સંતોષ અને આનંદ આપે, કોઈ દાદ આપે કે ના આપે, એનો ખુદનો આત્મા દાદા આપે, એવો પોતાને અહોભાવ થાય પોતાની રચના માટે સંતોષ અને આનંદ હોવો જોઈએ.

**ગિરત સંભારિ ઉઠા દસકંધર,**
**ભૂતલ પરે મુકુટ અતિ સુંદર.**

તુલસી કહે છે લંકામાં રાવણ જ્યારે સિંહાસનથી નીચે પડી ગયો તેના મસ્તક પરથી ચાર મુગટ પડ્યા, એ અતિ સુંદર છે. રાવણના મુગટ અતિ સુંદર હશે, નિઃશંક. મુકુટ એ રાજનીતિનું પ્રતીક છે, અને રાજનીતિ ત્યારે જ અતિ સુંદર મનાય જ્યારે આ ચારેય તત્વ રાજનીતિમાં હોય. સામ દામ દંડ ભેદ એ ચાર લક્ષણ રાજનીતિના છે. મારા હનુમાનજી રાવણની આ ચાર વસ્તુઓ છીનવીને રાઘવને આપે છે કે રાજનીતિ મારા રાઘવ પાસે સુરક્ષિત છે.

**દોઉ બિજઈ બિનઈ ગુન મંદિર,**
**હરિ પ્રતિબિંબ મનહુ અતિ સુંદર.**

સીતાજીનાં બંને પુત્ર લવ અને કુશ અતિ સુંદર છે. શ્રેષ્ઠ મા બાપના સંતાનોની અતિ સુંદરતાનું એક લક્ષણ રામ સત્ય છે, સીતા ભક્તિ એટલે કે શાંતિ, સત્ય અને શીલવાન સંતાન એટલે અતિ સુંદર. ત્યાગીના આશ્રમમાં બ્રહ્મવિદ્યા મેળવીને મોટા થયા માટે અતિ સુંદર. વાદ્યકલામાં પારંગત થઈને વીણા વગાડે એટલે અતિ સુંદર, અતિ સુંદર વાણી અને વીણા માટે સુંદર.

**પુર ચહું પાસ કોટ અતિ સુંદર,**
**રચે કંગૂરા રંગ રંગ બર.**

નગરની ચારે બાજુ અતિ સુંદર કોટ છે, અને એમાં છિદ્ર ન હોય, શુભ તત્વ બહાર ચાલ્યું ન જાય એનો બંદોબસ્ત હોય, એને અતિ સુંદર કહેવાય એના સુંદર કાંગરા છે, કોટનો મૂળભાગ તો પાયો, અને એનો રમણીય ભાગ કાંગરા. જે ઉર્ધ્વ ભાગ છે તે આકર્ષિત છે, એવું મણીમય કોટ છે, અને એની પર મણીમય રત્ન મઢ્યા કાંગરા છે, કોટને એક સુંદર દ્વાર જે સ્વાગતની નિશાની છે, આ ચાર લક્ષણ અતિ સુંદર કોટના છે, આમ કહી સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

**આપણે કુદરત અનુકૂળ થવા પ્રયત્ન કરીએ આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી હ્રદય મનમાં ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ**

# ગાફેલ હોઇએ તો જ કામ, ક્રોધ અને લોભ માથે ચડી બેસે છે, નિર્ભય બનો, નિર્ભય જીવ હંમેશાં પરમાત્માના સાનિધ્યમાં સતત અનુભવ કરે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જ્ઞાની ભક્ત માને છે કે, મારી પાછળ હજાર હાથવાળો રક્ષણ કરનાર છે, બે હાથવાળા શું રક્ષણ કરનાર હતા? જ્ઞાની ભક્તો માતા જીને બહુ વહાલા લાગે છે, માતાજીએ પોતે આમ ભરતજીનું રક્ષણ કર્યું.**

કાળઝાળ ગરમી આ વર્ષે લગભગ તેના તમામ રેકોર્ડ તોડી નાખે તેવું લાગે છે. આપણે સૌ કુદરતી ઘટનાક્રમ સામે સજાગ બનીને તેના પ્રમાણે જીવન જીવવા પ્રયત્ન કરીએ. ગરમી છે તો બિનજરૂરી સીધા સૂર્યપ્રકાશમાં ફરવાનું ટાળિયે, બહાર જવાનું થાય તો કાળજી રાખવી જરૂરી છે. બસ કુદરત તેનું કામ કરે છે આપણે તેને અનુકૂળ થવા પ્રયત્ન કરીએઆજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી હ્રદય મનમાં ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ.આવો જાણીએ કે જ્ઞાની ભક્ત માને છે કે,મારી પાછળ હજાર હાથવાળો રક્ષણ કરનાર છે. બે હાથવાળા શું રક્ષણ કરનાર હતા?જ્ઞાની ભક્તો માતા જીને બહુ વહાલા લાગે છે. માતાજીએ પોતે આમ ભરતજીનું રક્ષણ કર્યું. ભીલો ભાગી ગયા. એક સમયે સિંધુ દેશના રાજા રહૂગણને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું મન થયું એટલે વિદ્યા પ્રાપ્ત કરવા પાલખીમાં બેસી એ કપિલ મુનિના આશ્રમે આવવા નીકળ્યો. ચાર ભાઈઓએ પાલખી ઊંચકી છે. રસ્તામાં એક ભાઈ ભાગી ગયો. રાજાએ કહ્યું, જે મળે તેને પકડી લાવો. સેવકો પાલખી ઊંચકવા જડભરતને પકડી લાવ્યા. કહે કે, આ તગડો ઠીક કામ લાગશે. ભરતજીએ પાલખી ઉપાડી. અગાઉ ઘણીવાર પોતે પાલખીમાં બેઠેલા હતા, તેમ છતાં આજે પાલખી ઉપાડવાનું કામ આવ્યું તો આનંદથી સ્વીકારી લીધું. આ તેનું પ્રારબ્ધ હતું. પ્રારબ્ધ ભોગવ્યા વગર છૂટકો નથી. છેલ્લો જન્મ હતો તેમ છતાં પાલખી ઉપાડવી પડી. વૈષ્ણવો ભગવદચ્છાથી જીવે છે. જ્ઞાનીઓ પ્રારબ્ધ કર્મ ભોગવવાની ઈચ્છાથી જીવે છે. જ્ઞાનીઓ અનિચ્છાથી પ્રારબ્ધ જુએ છે. વૈષ્ણવો તેમાં ભગવઈચ્છા જુએ છે. સાધક માટે ખાસ આજ્ઞા કરી છે કે, ચાર હાથ કરતાં વધારે દૂર દૃષ્ટિ ન જાય. દૃષ્ટિ ચંચળ થાય એટલે મન ચંચળ થાય છે એટલે ભરતજી જમીન ઉપર જોઈને ચાલે છે. કોઈ જીવની હિંસા ન થઈ જાય. ભરતજીને દરેક જીવ માં ભગવાનનાં દર્શન થાય છે. ભરતજી વિચારે છે કે, મારું પ્રારબ્ધ થોડું બાકી છે. મરશે તો શરીર મરશે.હું તો મારા નારાયણને મળવાનો છું. હું સાવધ છું.હું નિર્ભય છું. ગાફેલ હોઈએ તો જ કામ, ક્રોધ લોભ માથે ચડી બેસે છે. નિર્ભય બનો. નિર્ભય જીવ હંમેશાં પરમાત્માના સાનિધ્યમાં સતત અનુભવ કરે છે. રસ્તે ચાલતાં જડભરતજી પ્રભુને રીઝવવા ચાલે છે. મનમાંથી ક્ષણભર પ્રભુ અંતર્ધ્યાન થાય તો ભરતજી વ્યાકુળ બની રડી પડે છે. નાથ મને શરણમાં ક્યારે લેશો?મારું પ્રારબ્ધ ક્યારે પૂરું થશે? હજુ મને તમારાં દર્શન કેમ થયાં નથી? વિચારી ભરતજી રડે છે. રસ્તામાં કીડીને બચાવવા ભરતજી પગને રોકે એટલે પાલખીને આંચકો આવે, અને રાજાના માથામાં વાગે. રાજાએ સેવકોને કહ્યું, બરાબર ચાલો. મને ત્રાસ થાય છે. સેવકોએ કહ્યું, અમે તો બરાબર ચાલીએ છીએ પણ આ નવો આવનારો બરાબર ચાલતો નથી. તે ઘડીમાં ઊભો રહે છે, ઘડીમાં દોડે છે, ઘડીમાં કૂદે છે, ઘડીમાં હસે છે, ઘડીમાં રડે છે, કોક પાગલ છે. રાજા વક્રોક્તિ જડભરતને કહેવા લાગ્યા, વાહ રે, તું તો સાવ દૂબળો છે! તારા હાથપગમાં જોર નહીં એટલે તારાથી સારી રીતે કેમ ચલાય? રહુગણ હવે ભરતજી ઉપર નજર રાખે છે. ભરતજી વિચારે છે કે, રસ્તામાં કોઈ જીવ કચડાઈ મરશે તો પાપ લાગશે. ભરતજીને કીડીમાં પણ કનૈયો દેખાય છે. જડભરતે રાજાના કહેવા ઉપર ધ્યાન ન આપ્યું. એવામાં કીડીને ચંપાતી બચાવવા ભરતજીએ દંદકો માર્યો. રાજાને પાલખીનો દાંડો માથામાં વાગ્યો. રાજાથી આ સહન ન થયું. ક્રોધથી અપમાન કરી તેણે ભરતજીને કહ્યું, તું જીવતો મૂઆ જેવો છે. તને ચાલવાનું યે ભાન નથી. બરાબર ચાલ!ભસ્મમાં છુપાયેલો અગ્નિ ઓળખાતો નથી એવી રીતે બ્રહ્મચિંતનમાં લીન થયેલો જ્ઞાની ઓળખાતો નથી. વળી ફરી એવો જ બનાવ બન્યો. રહૂગણ રાજાને ફરીથી દાંડો માથામાં વાગ્યો.એણે ક્રોધ કરી કહ્યું, એય જાડિયા! હું જે તે નથી. રહૂગણ રાજા પોતે છું. હું તને સજા કરીશ. રાજાનો પૈસો લીધો નથી. રાજાનું અન્ન ખાધું નથી, છતાં રાજા મારવા તૈયાર થયો છે. નિર્દોષને મારવાનો રાજાને શું અધિકાર? પણ રાજા અભિમાની હતો. મદાંધ થયો હતો. ભરતજીને બોલવાની ઈચ્છા ન હતી. વિચાર્યું કે દુબળા-પાતળા હોવું એ શરીરનો ધર્મ છે. આત્માને કંઈ નથી. એ મારા શરીર સાથે વાતો કરે છે એટલે તેની સાથે બોલવાની શું જરૂર છે. મારા શરીરનું એ અપમાન કરે તે મહત્ત્વનું નથી. પરંતુ મેં એને ખભા ઉપર ઊંચક્યો છે, એટલે તે જો હવે નરકમાં પડશે, તો પૃથ્વી ઉપરથી સત્સંગનો મહિમા નષ્ટ થશે. લોકો કહેશે કે, મહાજ્ઞાની જડભરતે જેને ખભે ઊંચક્યો તે પણ નરકમાં પડયો. જગતમાં સત્સંગનો બહુ મોટો મહિમા છે. માટે હવે હું તેનો ઉદ્ધાર કરીશ. આમ સત્સંગનો મહિમા રાખવા જડભરતને બોલવાની ઈચ્છા થઈ. આજદિન સુધી તેઓ કોઈની સાથે બોલ્યા ન હતા. રાજા ઉપર દયા આવી અને બોલવાની ઈચ્છા થઈ. રાજા કપિલ મુનિના આશ્રમમાં તત્ત્વજ્ઞાનનો ઉપદેશ લેવા જાય છે. ઉપદેશ લેવા દીન બનીને જવું જોઈએ. તેના બદલે 'હું પણુ' રાખીને, રાજા થઈને ઉપદેશ લેવા જાય. આવું અભિમાન લઈને જશે તો ઋષિ વિદ્યા નહીં આપે. માટે આજે તેને અધિકારી બનાવું. આવી ભાવના ભરતજીના મનમાં જાગી. રહૂગણ રાજા ભાગ્યશાળી છે કે, એમને માટે જડભરતજીને બોલવાની ઈચ્છા થઈ. ભાગવતના સંત બહુ ઓછું બોલે છે. સુદામા પણ બહુ ઓછું બોલશે. મૌન રાખવાથી માયાનું બંધન ઓછું થાય છે. બોલો તો એવું બોલો કે સામાનું કલ્યાણ થાય. જડભરતજી બોલ્યા, હે રાજા, તમે કહ્યું 'તું દૂબળો છે' એ વાત ખરી છે. તે કંઈ મારી નિંદા કે મશ્કરી ન કહેવાય. જાડાપણું કે પાતળાપણું એ તો શરીરના ધર્મો છે. આત્માને તેની સાથે કોઈ સંબંધ નથી.હે રાજા, તમે કહ્યું કે તું જીવતે મૂઆ જેવો છે, એ વાત પણ ખરી છે. આખું જગત જીવતે મૂઆ જેવું છે. આ પાલખી મૂઆ જેવી છે અને પાલખીમાં બેઠેલો તું પણ જીવતો મૂઆ જેવો છે. હે રાજા, વિકારવાળી સર્વ વસ્તુઓ આદિ અંતવાળી હોય છે. જે જન્મ્યા તે બધા મૃત્યુ પામવાના છે. આ શરીર તો મડદા સમાન જડ છે જ. હે રાજા, શરીર અને આત્મા જુદા છે. શરીરના ધર્મો જુદા છે. આત્મા નિર્લેપ છે. આત્મા એ મનનો દૃષ્ટા છે, સાક્ષી છે. જ્ઞાની પુરુષો ઈશ્વર સિવાય કોઈને સત્ય સમજતાનથી સર્વ જીવોમાં પરમાત્મા છે. આમાં રાજા કોણ અને સેવક કોણ ? વ્યવહાર દૃષ્ટિએ આ ભેદ છે. બાકી તત્ત્વદૃષ્ટિએ તો તું અને હું એક જ છીએ. હે રાજા, એક ઈશ્વર જ સત્ય છે. તે કહ્યું કે, હું તને સજા કરીશ, પણ શરીરને માર પડશે તેથી મારી ચાલ સુધરશે નહીં. આ તો બધા શરીરના ધર્મો છે. શરીરને માર પડે તેથી હું સુખી દુઃખી થતો નથી. શરીરને શક્તિ આપે છે મન. મનને શક્તિ આપે છે બુદ્ધિ અને બુદ્ધિને ચેતન આપનાર હું આત્મા છું. શરીરના ધર્મો મને લાગુ પડતા નથી. હે રાજા, કીડીમંકોડી મારા પગ નીચે ન કચડાય એટલે હું આમ ચાલું છું. જીવજંતુ બચાવવા હું કૂદકો મારું છું. આ કીડીમાં પણ પરમાત્મા છે. તેથી હું કીડીઓ અને બીજા જીવજંતુઓનો ખ્યાલ રાખી ચાલું છું કે કોઈ કચડાઈ ન જાય. એટલે મારી ચાલ જેવી છે એવી જ રહેશે.

### આલિયાએ નવાઝુદ્દીનને છૂટાછેડાની નોટિસ મોકલી

# પ્રખ્યાત નવાઝુદ્દીન સિદ્દીકીના ભાઈ અયાઝુદ્દીન સિદ્દીકીની થઈ ધરપકડ

## ‘ગેંગ્સ ઓફ વાસેપુર’ જેવી બોલિવૂડ ફિલ્મોમાં પોતાના દમદાર કામ માટે પ્રખ્યાત નવાઝુદ્દીન સિદ્દીકી વધુ એક મશ્કેલીમાં છે

‘ગેંગ્સ ઓફ વાસેપુર’ જેવી બોલિવૂડ ફિલ્મોમાં પોતાના દમદાર કામ માટે પ્રખ્યાત નવાઝુદ્દીન સિદ્દીકી વધુ એક મશ્કેલીમાં છે. તેના મોટા ભાઈ અયાઝુદ્દીન સિદ્દીકીની પોલીસે ધરપકડ કરી લીધી છે. ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં બુઢાના પોલીસે અયાઝુદ્દીનની બનાવટીના આરોપમાં ધરપકડ કરી છે. તાજેતરના અહેવાલો અનુસાર, અયાઝુદ્દીને કથિત રીતે જિલ્લા મેજિસ્ટ્રેટ કોર્ટ વતી કોન્સોલિડેશન વિભાગને નકલી આદેશ પત્ર જારી કર્યો હતો. આ જાવેદ ઈકબાલ સાથે ચાલી રહેલા જમીન વિવાદ સાથે સંબંધિત હતું. માર્ચ ૨૦૨૪માં, અયાઝુદ્દીન અને જાવેદ



વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. કાયદા સાથે અયાઝુદ્દીનની આ પહેલી અથડામણ નથી. ૨૦૧૮માં, તેના પર સોશિયલ મીડિયા પર વાંધાજનક ફોટા પોસ્ટ કરીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. અયાઝુદ્દીને પોતાનો બચાવ કરતા કહ્યું, ‘એક વ્યક્તિએ ભગવાન શિવની અપમાનજનક તસવીર પોસ્ટ કરી હતી. મેં તેનો વિરોધ કર્યો અને લખ્યું કે આવી પોસ્ટ શેર ન કરવી જોઈએ કારણ કે તેનાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી શકે છે. તેના બદલે મારી સામે કેસ નોંધવામાં આવ્યો. નવાઝુદ્દીન સિદ્દીકીના ઘરમાં કાયદાકીય મશ્કેલીઓ નવી નથી. નવાઝુદ્દીન ખુદ તેની પત્ની આલિયા સિદ્દીકીથી અલગ થવાને કારણે ચર્ચામાં છે. મે ૨૦૨૦માં, આલિયાએ નવાઝુદ્દીનને છૂટાછેડાની નોટિસ મોકલી, એક દાયકાથી વધુ સમયથી તેમના લગ્નજીવનમાં સમસ્યાઓ અને તેના ભાઈ શમાસ સામે હિંસાનો આરોપ મૂક્યો હતો.

### અમિતાભ બચ્ચનનો ડુપ્લિકેટ બનીને મળી હતી ખ્યાતિ

# ‘ભાભી જી ઘર પર હૈ’શોના એક્ટર ફિરોઝ ખાનનું હાર્ટ એટેકથી અવસાન

## ફિરોઝ ખાન ઉત્તર પ્રદેશના બદાઉનમાં છેલ્લા કેટલાક સમયથી હતો, કેટલાક સમયથી ફિરોઝ બદાઉનના કબુલપુરામાં તેના ઘરે રહેતો હતો

ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે એક્ટર અને મિમિક્રી આર્ટિસ્ટ ફિરોઝ ખાનનું નિધન થઈ ગયું છે. મળતી માહિતી મુજબ ફિરોઝનું મોત હાર્ટ એટેકના કારણે થયું હતું. તેણે પ્રખ્યાત કોમેડી શો ‘ભાબી જી ઘર પર હૈ’ અને ‘શક્તિમાન’માં કામ કર્યુ હતું. ફિરોઝ ખાનને અમિતાભ બચ્ચનના ડુપ્લિકેટ તરીકે પણ ઓળખવામાં આવતા હતા.રિપોર્ટ્સ અનુસાર ફિરોઝ ખાન ઉત્તર પ્રદેશના બદાઉનમાં છેલ્લા કેટલાક સમયથી હતો. કેટલાક સમયથી ફિરોઝ બદાઉનના કબુલપુરામાં તેના ઘરે રહેતો હતો. ૨૩ મેની સવારે બદાઉનમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ફિરોઝ ખાને ૪ મેના રોજ મતદાર મહોત્સવમાં તેમનું છેલ્લું પ્રદર્શન આપ્યું હતું. અભિનેતાના અંતિમ સંસ્કાર બદાઉનમાં કરવામાં આવશે.ફિરોઝ ખાન ટીવી ઈન્ડસ્ટ્રીના જાણીતા કલાકારોમાંથી એક હતા. તેણે ઘણા કોમેડી શોમાં કામ



કર્યું. આમાંથી એક હતી ‘ભાભી જી ઘર પર હૈ’. તે ‘હપ્પુ કી ઉલતાન પલટન’, ‘સાહિબ બીવી ઔર બોસ’, ‘શક્તિમાન’ અને ‘જીજા જી છટ પર હૈ’ જેવી સીરિયલ્સમાં પણ જોવા મળી હતી. આટલું જ નહીં, ફિરોઝ ખાન ગાયક અદનાન સામીના લોકપ્રિય ગીત ‘થોડી સી તુ લિફ્ટ કારા દે’માં પણ જોવા મળ્યો હતો. ફિરોઝ ખાને ટીવી શો અને મ્યુઝિક વીડિયોમાં કામ કરતાં તેની મિમિક્રીને કારણે વધુ ખ્યાતિ મેળવી હતી. તે અમિતાભ બચ્ચનની નકલ કરતો હતો. આનાથી તેમની એક અલગ ઓળખ ઊભી થઈ. ફિરોઝને અમિતાભનો ડુપ્લિકેટ કહેવામાં આવી રહ્યો હતો. તેણે બિગ બીની નકલ કરતા ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. ફિરોઝ અમિતાભની ફિલ્મના દ્રશ્યો અને પાત્રોને રિક્રિએટ કરતો હતો. તેણે બિગ બીના ડુપ્લિકેટ તરીકે લાઈવ પરફોર્મન્સ પણ કર્યુ છે. માત્ર અમિતાભ જ નહીં, તેઓ ફિરોઝ ખાન, દિલીપ કુમાર, શાહરૂખ ખાન, ધર્મેન્દ્ર અને સની દેઓલની પણ નકલ કરતા હતા. ફિરોઝ ખાનના આકસ્મિક નિધનથી ટીવી ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

**આકસ્મિક નિધનથી ટીવી ઈન્ડસ્ટ્રીમાં શોક**



### બોમ્બે હાઈકોર્ટમાં કેસમાંથી પોતાનું નામ હટાવવાની અરજી

# સલમાને આરોપી અનુજ થાપનના મૃત્યુના કેસમાંથી તેનું નામ હટાવવાની કરી વિનંતી

## વિક્કી અને સાગર બંને શૂટરોને બાદમાં ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી હતી

સલમાન ખાન હાઉસ ફાયરિંગ કેસમાં નવું અપડેટ સામે આવ્યું છે. અભિનેતાએ આરોપી અનુજ થાપનના મૃત્યુના કેસમાંથી પોતાનું નામ હટાવવાની માંગ કરી છે. બુધવારે, સલમાને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી છે કે તેના ઘર પર ફાયરિંગ સંબંધિત કેસમાં પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરનાર આરોપી અનુજ થાપનની માતાની અરજીમાંથી તેનું નામ હટાવવામાં આવે.



સલમાન ખાનના વકીલ આબાદ પોંડાએ અરજીમાં પ્રતિવાદી તરીકે અભિનેતાનું નામ કાઢી નાખવાની વિનંતી કરી હતી અને દાવો કર્યો હતો કે અરજદારે અભિનેતા સામે કોઈ આક્ષેપો



કર્યા નથી. આરોપીના પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી હતી કે તેનું મૃત્યુ આત્મહત્યા નથી. હવે નવા અપડેટ મુજબ, સલમાન ખાનના વકીલ આબાદ પોંડાએ દાવો કર્યો છે કે અરજદારે અભિનેતા પર કોઈ આરોપો કર્યા નથી. તેણે દાવો કર્યો હતો કે અરજદારે અભિનેતા વિરુદ્ધ કોઈ દલીલ કરી નથી. એડવોકેટ પોંડાએ કહ્યું, ‘ખરેખર અભિનેતા ખૂબ જ પરેશાન છે. તેમના અને તેમના ઘર પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેઓ જાણતા નથી કે આ હુમલા પાછળ કોણ છે અને કોની ધરપકડ કરવામાં આવી છે, તેમને પ્રતિવાદી તરીકે નામ આપવાથી ખોટો સંદેશો જાય છે અને તેમની છબીને નુકસાન થાય છે. તમને જણાવી દઈએ કે હાઈકોર્ટ ૧ મેના રોજ પોલીસ કમિશનર ઓફિસના કેદી સેલ ટોયલેટમાં આત્મહત્યા કરનાર આરોપી અનુજ થપનની માતા રીટા દેવીની અરજી પર સુનાવણી કરી રહી હતી. પોલીસનો દાવો છે કે થપનનું મૃત્યુ આત્મહત્યાથી થયું હતું જ્યારે અનુજની માતાએ અરજીમાં અનિયમિતતાનો આક્ષેપ કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેની હત્યા કરવામાં આવી હતી. દરમિયાન, જસ્ટિસ એનઆર બોરકર અને સોમશેખર સુંદરેસનની બેન્ચે થાપનના અધૂરા પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર નારાજગી વ્યક્ત કરી હતી અને પ્રોસિક્યુશન પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું કે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આરોપીનું મોત ગૂંગળામણને કારણે થયું છે. તમને જણાવી દઈએ કે ૧૪ એપ્રિલે અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

# દેશભક્તિમાં ડૂબેલા ખેસારી લાલ યાદવે દુશ્મનો સામે હથિયાર ઉઠાવ્યા

## ખેસારી લાલ યાદવની આગામી ફિલ્મ ‘રંગ દે બસંતી’ દેશભક્તિથી પ્રેરિત છે, દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે



ભોજપુરી સુપરસ્ટાર ખેસારીલાલ યાદવ પોતાના ફેન્સ માટે એક સારા સમાચાર લઈને આવ્યા છે. ભોજપુરી સુપરસ્ટારની ફિલ્મ ‘રંગ દે બસંતી’ ૭મી જૂને દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મની રિલીઝ પહેલા નિર્માતા રોશન સિંહે ફિલ્મનો વધુ એક લુક જાહેર કર્યો છે. જેમાં ખેસારી લાલ યાદવ રોકેટ લોન્ચર સાથે જોવા મળે છે. ખેસારી લાલ યાદવની આગામી ફિલ્મ ‘રંગ દે બસંતી’ દેશભક્તિથી પ્રેરિત છે. ફિલ્મને લઈને સર્વત્ર ધૂમ મચી છે. તેના મેકર્સ ધીમે ધીમે ફિલ્મમાંથી ખેસારીના દરેક લુકને જાહેર કરી રહ્યા છે. આના પરથી સમજી શકાય છે કે ખેસારી લાલ ‘રંગ




દે બસંતી’માં એક નહીં પરંતુ અનેક અવતારમાં જોવા મળશે. ખેસારી લાલે ફિલ્મના નવા પોસ્ટર સાથે ફરી એકવાર બધાનું ધ્યાન ખેંચ્યું છે.ખેસારી લાલ અભિનીત ‘રંગ દે બસંતી’નું નિર્માણ રોશન સિંહ દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું દિગ્દર્શન પ્રેમાંશુ સિંહ દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મના લુક અંગે રોશન સિંહે કહ્યું કે, ‘આ ભોજપુરીની સૌથી મોંઘી ફિલ્મ છે.

# શાહરૂખ ખાન સેટ પર ઘાયલ થયો, સર્જરી કરવી પડી

## બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનને અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા

બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનને અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, તેમને ડીહાઈડ્રેશનના કારણે દાખલ કરવામાં આવ્યા હતા. આ સમાચારે તેના ચાહકોને ચિંતામાં મૂકી દીધા હતા. જો કે હવે તેને રજા આપી દેવામાં આવી છે, પરંતુ આ પહેલીવાર નથી જ્યારે શાહરૂખની હાલત આટલી બગડી હોય કે તે હોસ્પિટલ પહોંચ્યો હોય. છેલ્લા ૫૮ વર્ષમાં અભિનેતાને ઘણી વખત મેડિકલ ઈમરજન્સીમાંથી પસાર થવું પડ્યું છે. પરંતુ સારી વાત એ છે કે દરેક વખતે શાહરૂખે કમબેક કર્યું છે, અને રાજાની જેમ બધાના દિલો પર રાજ કર્યું છે.ફિલ્મ ‘રા.વન’ના શૂટિંગ દરમિયાન શાહરૂખને ખભામાં ઈજા થઈ હતી. જો કે તે સમયે તે ઠીક હતો, પરંતુ આ સુપરહીરો ફિલ્મ બાદ રોહિત શેટ્ટીની ‘ચેન્નઈ એક્સપ્રેસ’ના શૂટિંગ દરમિયાન આ ઈજા વધુ ગંભીર બની ગઈ હતી. સ્ટંટ કરતી વખતે શાહરૂખના ખભાનો દુખાવો વધી ગયો હતો. તેથી તેના ખભા પર સર્જરી કરાવવી પડી હતી. આટલું જ નહીં, આ ફિલ્મના શૂટિંગ દરમિયાન શાહરૂખને વધુ એક ઈજા થઈ હતી. દીપિકા પાદુકોણ સાથે ડાન્સ કરતી વખતે શાહરૂખના અંગૂઠામાં પણ ફ્રેક્ચર થયું હતું. ફરાહ ખાનની ફિલ્મ હેપ્પી ન્યૂ યરના શૂટિંગ દરમિયાન શાહરૂખને વધુ એક દર્દમાંથી પસાર થવું પડ્યું હતું. અહેવાલો અનુસાર શાહરૂખ મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં શૂટિંગ કરી રહ્યો હતો. અભિનેતા ડાન્સ સિકવન્સનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે એક દરવાજો તેના પર પડ્યો, જેના કારણે તેના ચહેરા અને માથા પર ઈજા થઈ. તેમને તાત્કાલિક નાણાવટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ પછી, અભિનેતાની ટીમે એક નિવેદન જારી કરીને કહ્યું કે થોડી સારવાર પછી, અભિનેતાની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. જોકે, તેણે તૂટેલા ઘૂંટણ અને તેના દર્દ સાથે ફેન અને દિલવાલે બંને ફિલ્મોનું શૂટિંગ કર્યું હતું. વરુણ ધવને કહ્યું હતું કે, દર્દ હોવા છતાં તેણે અમારું પૂરું ધ્યાન રાખ્યું. અમે ગયા પછી જ તે જતો. શાહરૂખ ખાને પોતાના ખભા પર આર્થ્રોસ્કોપિક સર્જરી પણ કરાવી છે. ૨૦૦૯ માં, અભિનેતાને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેણે તેના ડાબા ખભા પર સર્જરી કરાવી હતી. ફિલ્મ માય નેમ ઈઝ ખાનની રિલીઝના થોડા મહિના પહેલા જ શાહરૂખને મેડિકલ ઈમરજન્સીમાંથી પસાર થવું પડ્યું હતું. આ સર્જરી તેને દુલ્હા મિલ ગયા થી ડોન ૨ ના શૂટિંગ દરમિયાન થયેલી ઈજાનું પરિણામ હતું. ડોન ૨માં ફાઈટ સીન શૂટ કરતી વખતે શાહરૂખનો ખભા ડૂબી ગયો હતો. વર મળે તે પહેલા જ તે ખભામાં દુખાવાની ફરિયાદ કરતી હતી. શાહરૂખ ખાને તેની પીઠની સર્જરી જર્મનીમાં કરાવી હતી. કલ હો ના હો ફિલ્મના શૂટિંગ દરમિયાન તેને ફરી એકવાર મેડિકલ ઈમરજન્સીનો સામનો કરવો પડ્યો.



### અભિનેત્રી ખરાબ રીતે લાગી રડવા

# જાન્હવી કપૂરને આવ્યો શોમાં ‘પેનિક એટેક’




જાણીતી અભિનેત્રી જાન્હવી કપૂર આ દિવસોમાં તેની આગામી ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ને લઈને ચર્ચામાં છે. અભિનેત્રી ખૂબ જ ભવ્ય રીતે ફિલ્મનું પ્રમોશન કરી રહી છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. દરમિયાન હવે સોશિયલ મીડિયા પર એક સમાચાર જંગલની આગની જેમ


## જાન્હવી આગામી ફિલ્મ ‘મિસ્ટર એન્ડ મિસિસ માહી’ને લઈને ચર્ચામાં છે

ફેલાઈ રહ્યા છે. હા, ઈન્ટરનેટ પર એવી ઘણી ચર્ચા થઈ રહી છે કે અભિનેત્રી ‘જાન્હવી કપૂર’ને એક રિયાલિટી શોમાં અચાનક પેનિક એટેક આવ્યો અને તે ખરાબ રીતે પરેશાન થઈ ગઈ. ચાલો તમને જણાવીએ શું છે સમગ્ર મામલો? તાજેતરમાં, જાહ્નવી કપૂરે ખુલાસો કર્યો હતો કે તેને એક રિયાલિટી શોમાં પેનિક એટેક આવ્યો હતો. હા, આ વિશે વાત કરતાં અભિનેત્રીએ કહ્યું કે જ્યારે હું ફિલ્મ ધડકનું પ્રમોશન કરી રહી હતી ત્યારે હું એક રિયાલિટી શોમાં ગઈ હતી. આ શોમાં મારી માતાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેને જોઈને હું ખૂબ જ પરેશાન થઈ ગઈ હતી. અભિનેત્રીએ કહ્યું કે આ શોમાં અમને કહેવામાં આવ્યું ન હતું કે આવું કંઈક થવાનું છે. હા, જાહ્નવીએ ખુલાસો કર્યો કે તેને ખબર નહોતી કે શોમાં તેની માતાને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. તેને કહ્યું કે શોમાં મારી માતાના તમામ ગીતોનો ઓડિયો વિઝ્યુઅલ વગાડવામાં આવ્યો હતો, જે અદ્ભુત હતો, પરંતુ હું તેના માટે બિલકુલ તૈયાર નહોતી. તે ખૂબ જ સુંદર દેખાતી હતી.



# મેં કહ્યું નહોતું કે રણવીર સિંહ બનશે શક્તિમાન

ચાહકોના ફેવરિટ ભારતીય સુપરહીરો શક્તિમાન પર બની રહેલી આ ફિલ્મને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. ૧૯૯૭ના ટીવી શોમાં શક્તિમાનનું પાત્ર ભજવનાર એક્ટર મુકેશ ખન્ના આ ફિલ્મ વિશે સતત ચર્ચા કરી રહ્યા છે. મુકેશે ૨૨ મેના રોજ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે અભિનેતા રણવીર સિંહ સાથેની મુલાકાત અંગે પ્રતિક્રિયા આપી હતી. હવે તેણે વધુ એક વીડિયો શેર કર્યો છે.નવા વીડિયોમાં મુકેશ ખન્ના કહી રહ્યા છે, ‘રણવીર સિંહ મને મળવા આવ્યો હતો. મેં આ વીડિયો શેર કર્યાના બે-ત્રણ કલાકની અંદર તમામ ન્યૂઝ ચેનલોમાં વીડિયો આવવા લાગ્યા કે રણવીર સિંહ મુકેશજીને મનાવવા આવ્યો હતો. મુકેશ જીએ કહ્યું કે રણવીર સિંહ ખૂબ જ ગતિશીલ વ્યક્તિત્વ ધરાવે છે અને ઈન્ડસ્ટ્રીમાં તેમનાથી વધુ એનર્જી ધરાવતો બીજો કોઈ અભિનેતા નથી. તમને જણાવી દઈએ કે મેં આ બધું કહ્યું છે. પરંતુ મેં ક્યાંય કહ્યું નથી કે તે શક્તિમાનની ભૂમિકા ભજવશે.



### પુષ્પા-૨ના આઈટમ સોંગ માંથી બહાર થઈ સમાન્થા

# તૃપ્તિ અલ્લુ અર્જુન સાથે ગીતમાં કરશે કામ

બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાનને અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, તેમને ડીહાઈડ્રેશનના કારણે દાખલ કરવામાં આવ્યા હતા. આ સમાચારે તેના ચાહકોને ચિંતામાં મૂકી દીધા હતા. જો કે હવે તેને રજા આપી દેવામાં આવી છે, પરંતુ આ પહેલીવાર નથી જ્યારે શાહરૂખની હાલત આટલી બગડી હોય કે તે હોસ્પિટલ પહોંચ્યો હોય. છેલ્લા ૫૮ વર્ષમાં અભિનેતાને ઘણી વખત મેડિકલ ઈમરજન્સીમાંથી પસાર થવું પડ્યું છે. પરંતુ સારી વાત એ છે કે દરેક વખતે શાહરૂખે કમબેક કર્યું છે, અને રાજાની જેમ બધાના દિલો પર રાજ કર્યું છે.ફિલ્મ ‘રા.વન’ના શૂટિંગ દરમિયાન શાહરૂખને ખભામાં ઈજા થઈ હતી. જો કે તે સમયે તે ઠીક હતો, પરંતુ આ સુપરહીરો ફિલ્મ બાદ રોહિત શેટ્ટીની ‘ચેન્નઈ એક્સપ્રેસ’ના




શૂટિંગ દરમિયાન આ ઈજા વધુ ગંભીર બની ગઈ હતી. સ્ટંટ કરતી વખતે શાહરૂખના ખભાનો દુખાવો વધી ગયો હતો. તેથી તેના ખભા પર સર્જરી કરાવવી પડી હતી. આટલું જ નહીં, આ ફિલ્મના શૂટિંગ દરમિયાન શાહરૂખને વધુ એક ઈજા થઈ હતી. દીપિકા પાદુકોણ સાથે ડાન્સ કરતી વખતે શાહરૂખના અંગૂઠામાં પણ ફ્રેક્ચર થયું હતું. ફરાહ ખાનની ફિલ્મ હેપ્પી ન્યૂ યરના શૂટિંગ દરમિયાન શાહરૂખને વધુ એક દર્દમાંથી પસાર થવું પડ્યું હતું. અહેવાલો અનુસાર શાહરૂખ મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં શૂટિંગ કરી રહ્યો હતો. અભિનેતા ડાન્સ સિકવન્સનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે એક દરવાજો તેના પર પડ્યો, જેના કારણે તેના ચહેરા અને માથા પર ઈજા થઈ.

### દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે : રાજ્યપાલ

# પ્રોબેશનરી આઈએએસ અધિકારીઓએ રાજ્યપાલ સાથે સૌજન્ય મુલાકાત કરી

### આઠ નવા પ્રોબેશનરી આઈએએસ અધિકારીઓમાં સાત મહિલાઓ દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં આચાર્ય દેવવ્રત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૩ ની બેચના પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, પ્રતિભા, કૌશલ્ય અને સખત પરિશ્રમથી, માતા-પિતા અને ગુરુજનોના આશીર્વાદથી આપ આઈ.એ.એસ. તરીકે સર્વોચ્ચ પ્રશાસનિક પદ પામ્યા છો ત્યારે સેવાકાળ દરમિયાન એવા કર્મો કરજો કે દુઃખિયારા લોકોના આંસુ લૂછી શકાય, કોઈ જરૂરિયાતમંદના ઘરને ઉજ્જ્વળ કરી શકાય, યુવા પેઢીને તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે તૈયાર કરી શકાય. જે સત્કર્મો કરે છે તેને જ ઈતિહાસ યાદ રાખે છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, આપ ભાગ્યશાળી છો કે સેવા માટે આપને ગુજરાત જેવું રાજ્ય મળ્યું છે, જે હર ક્ષેત્રમાં અગ્રેસર છે. ગુજરાતના લોકો પરિશ્રમી, પ્રગતિશીલ અને સહયોગી છે. ગુજરાતીઓમાં પોતાના પ્રદેશને આગળ વધારવાની ભાવના રહેલી છે. આઠ નવા પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓમાં સાત મહિલાઓ છે. દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પ્રાચીનકાળમાં મૈત્રેયી, ગાર્ગી, લોપામુદ્રા, રત્નાવલી, વિશ્વઆરા જેવી વિદુષી મહિલાઓ થઈ ગઈ, જેમણે ભારતના ગરિમા અને ગૌરવમાં વૃદ્ધિ કરી છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યા માટે સરસ્વતી દેવી છે, વીરતા માટે દુર્ગા અને પાલનપોષણ માટે જગતજનની જગદંબા છે. ઈશ્વર પછી માતૃ શક્તિને જ ભગવાનનો દરજ્જો મળ્યો છે. વર્તમાનમાં પણ દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે. આઈ.એ.એસ.ની કઠિન પરીક્ષા પાસ કરીને નવી જવાબદારી સંભાળવા જઈ રહેલી દીકરીઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું કે, ભારતના ગામડાઓમાં વિકાસની ક્ષમતા છે, તેમને વિકાસનો અવસર આપજો. શિક્ષણનો વ્યાપ વધે તે માટે પ્રયત્ન કરજો. તમે તમારા જિલ્લા માટે આદર્શ બનો અને માતા-પિતા તથા રાષ્ટ્રનું ગૌરવ વધારીને નવા કીર્તિમાન સ્થાપો એ જ શુભકામના. ગુજરાતને ફાળવાયેલા આ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ સરદાર પટેલ ઈન્સ્ટિટ-યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન-સ્પીપામાંથી ઈન્સ્ટિટ્યૂશનલ તાલીમ પૂર્ણ કરી છે. હવે તેઓ અલગ અલગ જિલ્લાઓમાં ક્ષેત્રીય તાલીમ મેળવશે.

## 'નિર્મળ ગુજરાત ૨.૦' એક્શન પ્લાન સંદર્ભે જિલ્લા કલેક્ટરશ્રી મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાત સરકાર દ્વારા ૨૦૦૭માં નિર્મળ ગુજરાત વર્ષ જાહેર કરી નિર્મળ ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ પછી રાજ્ય સ્વચ્છતા બાબતે હંમેશા અગ્રેસર હોવાથી સ્વચ્છતા ઝુંબેશને આગળ વધારવા તેમજ સ્વચ્છતા બાબતે રાજ્યના તમામ નાગરિકોની સમાન ભાગીદારી કેળવવાના હેતુથી રાજ્યને એક મોડલ રાજ્ય બનાવવા તા. ૨૫/૧૨/૨૦૨૩ના સુશાસન દિવસે મુખ્યમંત્રીશ્રી દ્વારા 'નિર્મળ ગુજરાત ૨.૦' શરૂ કરવામાં આવ્યું છે. 'નિર્મળ ગુજરાત ૨.૦' અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પણ સ્વચ્છતાની કામગીરી વધુ સુદ્રઢ રીતે થઈ શકે તે માટે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી મેહુલ દવેએ ઉપસ્થિત અધિકારીઓને સુચન કરતાં કહ્યુ હતું કે, સ્વચ્છતાની બાબતમાં સજાગ રહી કામગીરી વધુ સુદ્રઢ બનાવવા સૌએ સાથે મળીને પ્રયત્ન કરવાના છે. સાથે સાથે તેમણે દહેગામ, માણસા, કલોલ નગરપાલિકા તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચાલતા નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત કામગીરીની સમીક્ષા કરી હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંજય મોદી, પોલીસ અધિક્ષકશ્રી વાસમશેટ્ટી રવિ તેજા, નિવાસી અધિક કલેક્ટરશ્રી તથા નગરપાલિકાના ચીફ ઓફીસર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# થરા પાલિકા પ્રમુખ ચેતનાબેન સોની અને ઉપપ્રમુખ નીતબબા વાઘેલાએ ચાર્જ સંભાળ્યો

### રખડતાં પશુઓ, દબાણો, ટ્રાફિકની વિકટ સમસ્યાનો ઉકેલ આવશે કે પછી ?


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૪ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક અને જિલ્લા રાજકીય ક્ષેત્રે અગ્રેસર રહેલ થરા નગર ટ્રાફિક જામ દબાણો બિનકાયદેસર બાંધકામોની નાગચૂડમાં ફસાયેલ નગર છે આ નગરની નગર પાલિકામાં ૬ (વૉર્ડ)ના ૨૪ કોર્પોરેટરમાં ૨૦ બીજેપીના અને ૦૪ કોંગ્રેસના ચૂંટાયેલા તેમાં પ્રથમ ટર્મમાં પૃથ્વીરાજસિંહ વાઘેલા પ્રમુખ તરીકે અને વૉર્ડ નં -૨ના નૈશદ કુમાર ચીનુલાલ પાંચાણી ઉપ પ્રમુખપદે શાસન કરેલ.આ પ્રમુખ-ઉપ પ્રમુખની મુદત ગત તા.૨૪/૦૪/ ૨૦૨૪ના રોજ પુરી થતાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બાકીના અઢી વર્ષ માટે ચૂંટાયેલા મહિલા સભ્યોમાંથી અઢી વર્ષના બીજા તબક્કામાં ગત તા.૧૩/૫/૨૦૨૪ને સોમવારે થરા નગર પાલિકા હોલ ખાતે બીજા તબક્કા માટે મહીલા પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં ભાજપ ના મેન્ડેડ મુજબ પ્રમુખપદ માટે વૉર્ડ નં-૩ના ચેતનાબેન અનિલભાઈ સોની તથા ઉપપ્રમુખ પદે વૉર્ડ નં -૪ ના નીતબબા જયપાલસિંહ વાઘેલા બિનહરીફ જાહેર કરવા માં આવેલ. ગઈકાલે તા.૨૪/૦૫/ ૨૦૨૪ના રોજ થરા નગર પાલિકા પ્રમુખ -ઉપપ્રમુખ પદનો ચાર્જ સંભાળતા હવે થરા નગરમાં ટ્રાફિક, રખડતાં ઢોરો અને ફૂટપાથ સર્વીસ રોડ ઉપરના દબાણો, બિન કાયદેસર આડેધડ બાંધકામોથી લોકો જેનાથી ત્રાહિમામ પોકારી ગયા છે તેનાથી છુટકારો મળશે તેવો સૂર નગર જનો વ્યક્ત કરતા હતા.

### રાજ્યભરમાં આ ઉનાળો આકરો અને ભયાવહ સાબિત થઈ રહ્યો છે

# જામનગરમાં કાળઝાળ ગરમી વચ્ચે 3 વ્યક્તિના હૃદય થંભી ગયા

### આલિયાબાડા અને ભાંગડા ગામે ત્રણ વ્યક્તિના મોત થતા હાહાકાર મચી ગયો છે આથી પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે

। (એજન્સી) જામનગર,તા.૨૪ ।

જામનગર સહિત રાજ્યભરમાં આ ઉનાળો આકરો અને ભયાવહ સાબિત થઈ રહ્યો છે. આવી સ્થિતિ વચ્ચે દિવસે ને દિવસે તાપમાન રેકોર્ડ બ્રેક સ્થિતીએ પહોંચી રહ્યું છે. તેવામાં આકરી ગરમી વચ્ચે ગભરામણ અને હાર્ટએટેકને પગલે ત્રણ લોકોના મોત થયાના કિસ્સો સામે આવ્યો છે. જામનગર શહેર ઉપરાંત આલિયાબાડા અને ભાંગડા ગામે ત્રણ વ્યક્તિના મોત થતા હાહાકાર મચી ગયો છે આથી પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

સીટી સી ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલા કેસની વિગત એવી છે કે ગોકુલનગર વિસ્તારમાં નારાયણ નગર હરિયા કોલેજની પાછળ રહેતા સતિષભાઈ દામજીભાઈ બુશા નામના ૫૪ વર્ષીય આજે ગઈકાલે પોતાના ઘરે હતા. ત્યાં દરમિયાન તેમની એકાએક તબિયત બગડી હતી. જેને લઈને પરિવારજનોને જાણ થતા સતિષભાઈ ને તાત્કાલિક સારવાર માટે જામનગરની જીજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર મળે તે પહેલા જ સતિષભાઈ બુશાને માર્ગમાં કાળ આંબી જતા ફરજ પરના તબીબે તેઓનું મોત નીપ જ્યું હોવાનું જણાવ્યું હતું. આ મામલે પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયેલા કેસની વિગત એવી છે કે કાલાવડ નજીક આવેલ ભંગડા ગામે રહેતા પ્રફુલસિંહ પ્રવિણસિંહ જાડેજા નામના ૬૨ વર્ષીય ખેડૂત આધેડ બપોરના સમયગાળા દરમિયાન પોતાના રહેણાંક મકાને હતા. આ દરમિયાન ગરમીને તેઓ એકાએક તેઓ બેભાન થઈ ગયા હતા. જેને લઈને કાલાવડની સરકારી હોસ્પિટલ ખાતે તેઓને સારવાર માટે ખસેડાયા હતા. જોકે આ દરમિયાન પ્રફુલસિંહનું હૃદય રોગના હુમલાને પગલે મોત થયું હોવાનું ફરક પરના તબીબે જાહેર કર્યો હતો. જેને લઈને રાજદીપસિંહ જાડેજાએ કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

## જામનગર શહેરમાં સ્માર્ટ મીટર મામલે આપનું કલેક્ટરને આવેદન

। (એજન્સી) જામનગર, તા.૨૪ ।

જામનગર શહેરમાં પ્ફઝ્ન દ્વારા શરૂ કરાયેલા સ્માર્ટ વિજ મીટર ને કેન્સલ કરાવવા માટે આમ આદમી પાર્ટી પણ મેદાને પડી છે, અને જન આંદોલન શરૂ કરવાની ચીમકી આપી છે. શહેરમાં સ્માર્ટ મીટર કેન્સલ કરવાની સાથો સાથ ગરીબ લોકોને દર મહિને ૩૦૦ યુનિટ ફ્રી વીજળી આપવાની માંગણી સાથે મુખ્યમંત્રીને સંબોધીને જિલ્લા કલેકટરને આવેદન પત્ર અપાયું છે. નજીકના ભવિષ્યમાં આ નિર્ણય પરત લેવામાં નહીં આવે, તો આમ આદમી પાર્ટી શેરી મહોલ્લામાં જઈને ત્યાં આંદોલન કરશે, તેવી ચીમકી ઉચ્ચારી છે. જામનગર શહેરમાં પીજીવીસીએલ દ્વારા કેટલાક વિસ્તારોમાં સ્માર્ટ વિજ મીટર લગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, અને પ્રીપેઈડ રિચાર્જ સિસ્ટમ વગેરે દાખલ કરવામાં આવી રહી છે. જેથી આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે, અને આજે 'આપ'ના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડની આગેવાની હેઠળ 'આપ'ના કાર્યકર્તાઓ જિલ્લા કલેકટર કચેરીએ પહોંચ્યા હતા, જ્યાં મુખ્યમંત્રીને સંબોધીને વિસ્તૃત આવેદનપત્ર પાઠવ્યું છે, અને સ્માર્ટ મીટર યોજના કેન્સલ કરવાની સાથે દિલ્હી અને પંજાબની જેમ ગુજરાતમાં પણ માસિક ૩૦૦ યુનિટી ફ્રી વીજળી આપવાની માંગણી કરવામાં આવી છે. નજીકના ભવિષ્યમાં તંત્ર દ્વારા સ્માર્ટ મીટર યોજના પડતી મુકવામાં નહીં આવે, તો આમ આદમી પાર્ટી શેરી ગલી મહોલ્લામાં જઈને લોકોની વચ્ચે સરકાર અને વીજળી કંપની સામે જન આંદોલન કરી લોકોને જાગૃત કરશે, તેમજ જે નાગરિકોના વીજ કંપનીઓ દ્વારા જૂના મીટર બંધ કરવામાં આવશે, તેઓને આમ આદમી પાર્ટી ના કાર્યકર્તાઓની ટીમ દ્વારા વિજ થાંભલા પરથી સીધું વીજ જોડાણ ચાલુ કરાવી આપશે. જેથી રિચાર્જ કરવાનું કે બિલ ભરવાનો કોઈ પ્રશ્ન નહીં રહે, તેમ જણાવી ફરી સ્માર્ટ મીટર યોજના પરત લેવા અનુરોધ કર્યો છે.

# આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ NDAના ૧૪૬મા કોર્સની પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી

### COASએ કેડેટ્સને સેવામાં સંયુક્તતાની ભાવના આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આર્મી ચીફ (COAS) જનરલ મનોજ પાંડેએ ૨૪ મે ૨૦૨૪ના રોજ ખડકવાસલાના ખેતરપાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે નેશનલ ડિફેન્સ એકેડમીના ૧૪૬મા કોર્સની પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી હતી. પરેડમાં કુલ ૧૨૬૫ કેડેટ્સે ભાગ લીધો હતો જેમાંથી ૩૩૭ પાસિંગ આઉટ કોર્સ કેડેટ્સ હતા. આમાં ભૂતાન, તાજિકિસ્તાન, અફઘાનિસ્તાન, શ્રીલંકા, મ્યાનમાર અને માલદીવ્સ સહિતના મૈત્રીપૂર્ણ વિદેશી દેશોના ૧૯ કેડેટ્સ સહિત ૧૯૯ આર્મી કેડેટ્સ, ૩૮ નેવલ કેડેટ્સ અને ૧૦૦ એરફોર્સ કેડેટ્સ સામેલ હતા. ૨૪ મહિલા કેડેટ્સની એક ટુકડી, જે હાલમાં તેમની તાલીમના ત્રીજા અને ચોથા ટર્મમાં છે તેમણે પણ પરેડમાં ભાગ લીધો.

લશ્કરી નેતૃત્વના ઉદ્ગમ સ્થાન તરીકે ઓળખાતા દ્ઞઙ્ગ એ દેશની અગ્રણી સંયુક્ત સેવાઓ તાલીમ સંસ્થા છે. ૧૪૬મો અભ્યાસક્રમ જૂન ૨૦૨૧માં સામેલ કરવામાં આવ્યો હતો અને ત્રણ વર્ષની સખત લશ્કરી તાલીમ પૂર્ણ કર્યા પછી કેડેટ્સ એક ભવ્ય ઔપચારિક કાર્યક્રમમાં પાસ આઉટ થયા હતા. કેડેટ્સ હવે તેમના સંબંધિત પ્રી-કમિશનિંગ તાલીમ એકેડેમિક્સમાં જોડાશે.

બટાલિયન કેડેટ કેપ્ટન (બીસીસી) શોભિત ગુપ્તાએ મેરિટના એકંદર ક્રમમાં પ્રથમ સ્થાને રહેવા માટે રાષ્ટ્રપતિનો સુવર્ણ ચંદ્રક જીત્યો, એકેડેમી કેડેટ એડજ્યુટન્ટ (એસીએ) માણિક તરુણે એકંદરે ગુણવત્તાના ક્રમમાં બીજા સ્થાને રહેવા બદલ રાષ્ટ્રપતિનો સિલ્વર મેડલ જીત્યો અને બીસીસી અન્ની નેહરાએ મેરિટના એકંદર ક્રમમાં ત્રીજા સ્થાને રહેવા બદલ રાષ્ટ્રપતિનો બ્રોન્ઝ મેડલ જીત્યો. ગોલ્ફ સ્ક્વોડ્રને પરેડ દરમિયાન રજૂ કરાયેલ ચેમ્પિયન સ્ક્વોડ્રન હોવા બદલ પ્રતિષ્ઠિત 'ચીફસ ઓફ સ્ટાફ બેનર' મેળવ્યું હતું.

સમીક્ષા અધિકારીએ પાસિંગ આઉટ કોર્સ કેડેટ્સ, મેડલ વિજેતાઓ અને ચેમ્પિયન સ્ક્વોડ્રનને તેમની સખત મહેનત અને જબરજસ્ત પ્રદર્શન માટે અભિનંદન આપ્યા હતા. તેમણે સશસ્ત્ર દળોમાં જોડાવા માટે તેમના પ્રેરિત બાળકોને મોકલવા બદલ પાઠ્યક્રમને ઉત્તીર્ણ કરનાર ગૌરવાન્વિત માતા પિતાનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે કેડેટ્સને સેવામાં આગળ વધવા સાથે સંયુક્તતાની ભાવનાને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા અને લશ્કરી બાબતોમાં ક્રાંતિ વિશે પણ ભાર મૂક્યો જે મોટાભાગે ટેકનોલોજી દ્વારા સંચાલિત છે.

આ પાસિંગ આઉટ પરેડ બાદ નેશનલ ડિફેન્સ એકેડેમીના હટ ઓફ રિમેમ્બરન્સ ખાતે એક ગૌરવપૂર્ણ સમારોહમાં, આર્મી સ્ટાફે તે બહાદુર હૃદયોને શ્રદ્ધાંજલિ આપી હતી જેમના નામ પવિત્ર પરિસરમાં કોતરેલા છે. હટ ઓફ રિમેમ્બરન્સનું નિર્માણ એનડીએના ૧૦મા થી ૧૭મા અભ્યાસક્રમ કેડેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું અને ત્યારથી આ બહાદુરી, હિંમત અને નિઃસ્વાર્થ સેવાઓનું પ્રતીક છે. આ પવિત્ર સ્મારકની દીવાલો છેલ્લા ૭૫ વર્ષોમાં નેશનલ ડિફેન્સ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી અદમ્ય હિંમત, બહાદુરી અને અસંખ્ય બલિદાનની ગાથાઓનું સંબોધન કરે છે.

# અમદાવાદમાં CID, IT ના દરોડા બાદ આંગડિયા પેઢીને NCBની નોટિસ

### NDPS એક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ આ કેસના સંબંધમાં પાંચ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ,તા.૨૪ ।

અમદાવાદ અને સુરતમાં ઓછામાં ઓછી ૧૨ આંગડિયા પેઢીઓ પર CID (ક્રાઈમ અને રેલ્વે) અને આવકવેરા વિભાગના દરોડા બાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ દરોડા પાડ્યા છે. NCBના દિલ્હી યુનિટે એપ્રિલમાં રાજસ્થાનના સિરોહી જિલ્લામાં સિન્થેટિક ડ્રગ્સ જપ્ત કરવાના સંબંધમાં અમદાવાદ સ્થિત આંગડિયા પેઢીને સમન્સ જારી કર્યા હતા. NCB દિલ્હીના ઈન્સ્પેક્ટર યોગેન્દ્ર સિંહ દ્વારા જારી કરવામાં આવેલ નોટિસમાં લખ્યું છે કે, "૨૭ એપ્રિલના રોજ સિરોહીના કૈલાશ નગરમાં માતર નારી પોલીસ સ્ટેશનનું કાર્યક્ષેત્રમાં એનસીબીએ જોધપુર ઝોનલ યુનિટે લોગ્વાટી ગામની જમીનમાં ગુપ્ત પ્રયોગશાળામાંથી ૧૨.૬ કિલો મેફેડ્રોન (ડ્રગ્સ), ૬૦.૭૦ કિગ્રા મેફેડ્રોન (પ્રવાહી) અને ૫૨.૪ કિલો સ્યુડોફેડ્રિન સફળતાપૂર્વક જપ્ત કર્યું છે. સૂત્રો મુજબ, (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)NDPS એક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ આ કેસના સંબંધમાં પાંચ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે."

એચ.એમ. આંગડિયાની ઓફિસની બહાર એનસીબીની નોટિસ જોવા મળી હતી, જેમાં મનોહરલાલ ઐનાનીને ટ્રાન્સફર કરેલા પૈસા અંગેની માહિતી આપવા છેલ્લાં બે વર્ષના નાણાકીય વર્ષના હિસાબો સાથે હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું છે.

અમદાવાદના રતનપોળ વિસ્તાર અને સુરતના ભાગલ વિસ્તારમાં સીજી રોડ પર ઈસ્કોન આર્કેડ ખાતે આવેલી આંગડિયા પેઢીની ઓફિસો પર ૯મી મેના રોજ ગેરકાયદેસર નાણાકીય પ્રવૃત્તિઓમાં સંડોવણીની શંકાના આધારે દરોડા પાડવામાં આવ્યા હતા. અધિકારીઓએ ખુલાસો કર્યો છે કે, જ્વેલરી અને વિદેશી નાણાં સાથે ૧૮ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરી છે.

# ગીરસોમનાથમાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો



। (એજન્સી) ગીરસોમનાથ, તા.૨૪ ।

ગીરસોમનાથમાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો. પુરવઠા વિભાગે રેડ પાડી તાલાળા-સાસણ રોડ પર શંકાસ્પદ અનાજનો જથ્થો પકડી પાડ્યો. ગીરસોમનાથમાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો. પુરવઠા વિભાગે રેડ પાડી તાલાળા-સાસણ રોડ પર શંકાસ્પદ અનાજનો જથ્થો પકડી પાડ્યો. પુરવઠા વિભાગે બાતમીના આધારે દરોડો પાડ્યો. આ દરોડામાં હોટલની માલિકીની જગ્યામાં થી અનાજનો જથ્થો પકડાયો. વિભાગને દરોડામાં ઘઉં, ચોખા અને ચણા જથ્થો મળી આવ્યો. વિભાગ દ્વારા તમામ સામગ્રી ઝડપી પાડતા તેમાં ઉપયોગ થતા ૩ છોટા હાથી અને ૧ રિક્ષા પણ સીઝ કરી. પુરવઠા વિભાગે શંકાસ્પદ અનાજનો જથ્થો ઝડપી પાડ્યા બાદ આગળ ની કાર્યવાહી હાથ ધરી. વિભાગ દ્વારા અચાનક આ રીતે દરોડા પાડવામાં આવતા ગેરરીતિ આચરનારા અનાજના વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો. અનાજની ગેરરીતી મામલે કલેકટરે ગેરકાયદેસર અનાજનો વેપાર કરતા લોકો ઉપર લાલ આંખ કરતા ગેર કાયદેસર અનાજનો વેપાર કરતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવામાં સક્ષમ ના થયી શકો. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. કામના સ્થળે તમે આજે ખાસ હોવાની અનુભૂતિ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારો આપવાનો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રવાસને કારણે રોમેન્ટિક સંબંધોને વંગ મળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારે ખાસ કરીને હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે. રોમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.

**તુલા (ર,ત) :**
આજે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો। મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમે રોમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે કઈપણ બોલતા પહેલા બે વાર વિચાર કરોજો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટેન્શન ઘટાડશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**મકર (ખ,જ) :**
આજે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે। તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી. તમારી અપેક્ષા મુજબ કામ ન કરવા બદલ તમે તમારા હાથ નીચેના લોકોથી ખાસ્સા નારાજ થાવ તેવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. હાથમાં લીધેલા નવા કાર્યો અપેક્ષાથી ઊણા ઉતરશે.

## ન્યુઝ બોક્ષ

### કંબોડિયાથી ભારત પરત ફરેલા ૬૦ ભારતીય નાગરિકોની પ્રથમ બેચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

૬૦ ભારતીય નાગરિકોની પ્રથમ બેચ કંબોડિયાથી સ્વદેશ પરત આવી છે. કંબોડિયામાં ભારતીય દૂતાવાસે તેને ૨૦ મેના રોજ જિનબેઈ-૪ નામના સ્થળે એક છેતરપિંડી કરનાર એમ્પ્લોયરથી બચાવ્યો હતો. નોકરી અપાવવાના નામે તેને વિદેશ લઈ જઈને તગડા પગારની લાલચ આપી હતી. દૂતાવાસે કહ્યું કે આ ઓપરેશન સિહાનૌકવિલેમાં સ્થાનિક અધિકારીઓના સમર્થનથી હાથ ધરવામાં આવ્યું હતું.ભારતીય દૂતાવાસે પણ તાજેતરમાં નોકરી માટે કંબોડિયા જતા લોકો માટે એડવાઈઝરી જારી કરી છે. એડવાઈઝરીમાં ચેતવણીની સાથે ભારતીયોને એ પણ સલાહ આપવામાં આવી છે કે તેઓ નોકરી મેળવવા માટે વિદેશ મંત્રાલય દ્વારા માન્ય એજન્ટોનો જ સંપર્ક કરે. “વિદેશમાં ભારતીયોને મદદ કરવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે,” ભારતીય દૂતાવાસે ૬૦ ભારતીયોને ભારત મોકલવાના સંદર્ભમાં જણાવ્યું હતુ કે, કંબોડિયામાં ભારતીય દૂતાવાસ દ્વારા ૬૦ ભારતીય નાગરિકોની પ્રથમ બેચ સ્વદેશ પરત આવી ગઈ છે. દૂતાવાસે આ માટે કંબોડિયન સત્તાવાળાઓનો પણ આભાર માન્યો હતો.દૂતાવાસે અગાઉ ભારતીય નાગરિકોના બચાવ અંગે એક પોસ્ટ પણ પોસ્ટ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, “SHV (Sihanoukville) ઓથોરિટીની મદદથી ૬૦ ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે.” દૂતાવાસના જણાવ્યા અનુસાર, તેને SHV દ્વારા ફનોમ પેન્હ (કંબોડિયાની રાજધાની) મોકલવામાં આવ્યો હતો અને તેના ઘરે વહેલા પરત આવવા માટે કામ ચાલી રહ્યું છે.કંબોડિયામાં દૂતાવાસે ૨૧ મેના રોજ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, “ફનોમ પેન્હમાં ભારતીય દૂતાવાસ ઘણા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે.

### એફબીઆઈએ જારી ચેતવણી

# અમેરિકામાં ખંડણી રેકેટ ચલાવતા ગુનેગારોના નિશાના પર ભારતીયો

## અમેરિકાના સેક્રામેન્ટો શહેરના એફબીઆઈ યુનિટે પોતાની અપીલમાં કોઈપણ પ્રકારની ગેંગ કે તેની સાથે સંકળાયેલા વ્યક્તિના નામનો ઉલ્લેખ કર્યો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

યુ.એસ.માં એફબીઆઈની સેક્રામેન્ટો ફિલ્ડ ઑફિસે ભારત સાથેના કુટુંબ અથવા વ્યવસાયિક સંબંધો ધરાવતી વ્યક્તિઓને નિશાન બનાવતી ગેરવસૂલી યોજના અંગે લોકોને ચેતવણી જારી કરી છે. ભારતમાંથી ભાગી છૂટ્યા બાદ ગોલ્ડી બ્રાર, લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈ અને રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા બિશ્નોઈની હરીફ ગેંગે અમેરિકાના જુદા જુદા શહેરોમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે. ભારતીય મૂળના ઉદ્યોગપતિઓ, હોટલ માલિકો અને અમેરિકામાં રહેતા પ્રખ્યાત લોકો પાસેથી રિકવરી કરવામાં આવી રહી છે.અમેરિકાના સેક્રામેન્ટો શહેરના એફબીઆઈ યુનિટે પોતાની અપીલમાં કોઈપણ ગેંગ કે ગેંગ સાથે સંકળાયેલા કોઈપણ વ્યક્તિના નામનો ઉલ્લેખ કર્યો નથી. એફબીઆઈએ કહ્યું કે અમને માહિતી મળી છે કે શહેરમાં એક મોટું ખંડણી રેકેટ ચાલી રહ્યું છે, જે ભારતીય મૂળના લોકોને ધમકી આપીને મોટી રકમની ઉચાપત કરી રહ્યું છે. પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી રહ્યો છે અને ઘણી જગ્યાએ ગોળીઓ પણ ચલાવવામાં આવી છે. એફબીઆઈ હેલ્પલાઈન નંબર જારી કરીને, એફબીઆઈએ ત્યાં રહેતા ભારતીય મૂળના તમામ લોકોને અપીલ કરી છે કે તેઓ શક્ય તેટલા આવા કેસ વિશે પોલીસને જાણ કરે અને આ બાબતની જાણ કરે.ભારતીય તપાસ એજન્સીઓ અનુસાર, ભારતમાંથી ફરાર મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર અને આતંકવાદી ગોલ્ડી બ્રાર અને તેની ગેંગ અમેરિકાના ફ્રેસ્નો, કેલિફોર્નિયા અને લેક સિટી જેવા વિવિધ શહેરોમાં ફેલાયેલી છે. ગોલ્ડી બ્રાર અહીં નકલી પાસપોર્ટ અને નકલી નામથી રહેતો હતો. આ ઉપરાંત તાજેતરમાં સલમાન ખાનના ઘરે ગોળીબાર કરનાર લોરેન્સનો ભાઈ અનમોલ બિશ્નોઈ અને રાજસ્થાનમાં ગોગામેડી હત્યાકાંડને અંજામ આપનાર કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા પણ અમેરિકામાં જ રહે છે. આ સાથે ખાલિસ્તાની આતંકવાદીઓના જુદા જુદા જૂથો અને લોરેન્સ બિશ્નોઈ ગેંગના હરીફ ગેંગના સભ્યો પણ અમેરિકામાં રહે છે.હવે જ્યારે આટલા ગુનેગારો એકઠા થશે ત્યારે ગેંગ વોર થાય તે અનિવાર્ય છે. તાજેતરમાં ફ્રેસ્નોમાં ગેંગ વોરના સમાચાર હેડલાઈન્સમાં હતા. આ સમય દરમિયાન, અફવા ફેલાઈ હતી કે ગોલ્ડી બ્રારની હત્યા કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોલ્ડી બ્રાર ઘટનાસ્થળે હાજર નહોતા પરંતુ ત્યાં ઘણા ગુનેગારો હતા જેઓ ભારતમાંથી ભાગી ગયા હતા અને શૂટઆઉટમાં આશ્રય લીધો હતો. અમેરિકાના કાયદાકીય નિયમોનો લાભ લેવો.ભારતમાંથી ફરાર ગેંગસ્ટર દીપક બોક્સરની દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે મેક્સિકોથી વર્ષ ૨૦૨૩માં એ સમયે ધરપકડ કરી હતી જ્યારે તે યુએસ બોર્ડરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દીપકની ધરપકડ કરનારી ટીમના એક સભ્યએ જણાવ્યું હતું કે મેક્સિકોમાં ઘણા એજન્ટો સક્રિય છે જેઓ અમેરિકામાં પ્રવેશ મેળવવાનો ધંધો ચલાવે છે.તેઓ યુએસ બોર્ડરમાં પ્રવેશતાની સાથે જ તેમના પાસપોર્ટ ફાડી નાખે છે. તે પછી, યોજના મુજબ, તેઓ અટકાયત કેન્દ્રમાં જાય છે.

## જબલપુરમાં પાંચમા ધોરણના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

મધ્યપ્રદેશના જબલપુરમાં આત્મહત્યાનો મામલો સામે આવ્યો છે. એજન્સી અનુસાર, પોલીસે જણાવ્યું હતું કે ૧૦ વર્ષની બાળકીએ ગુરુવારે કથિત રીતે આત્મહત્યા કરી હતી કારણ કે તેની માતાએ તેને જિલ્લાના પ્રખ્યાત પર્યટન સ્થળ ભેડાઘાટ પર લઈ જવાની ના પાડી હતી.

દાનવંત્રી નગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર વિનોદ પાઠકે કહ્યું, ‘જ્યારે માતાએ ના પાડી, ત્યારે બાળકીએ ઉપરના માળે જઈને દરવાજાના પડદા સાથે લટકીને આત્મહત્યા કરી લીધી.’ ઈન્સ્પેક્ટર વિનોદ પાઠકે જણાવ્યું હતું કે શબપરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

૧૭ મેના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક યુવતીએ તેના મંગેતરથી નારાજ થઈને આત્મહત્યા કરી લીધી હતી. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. ઉપરાંત, આરોપી મંગેતર સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી અને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપ છે કે યુવતી અને તેનો મંગેતર પણ એકબીજાને મળતા હતા. આ દરમિયાન યુવતીની છેડતી થવા લાગી.મામલો ચંદનનગર પોલીસ સ્ટેશન વિસ્તારનો છે.

આ કેસની માહિતી આપતા એડિશનલ ડીસીપી રાજેશ દાંડોટિયાએ જણાવ્યું હતું કે ચંદન નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક યુવતીએ તાજેતરમાં જ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે મૃતક યુવતીના લગ્ન દેવેન્દ્ર નામના યુવક સાથે નક્કી થયા હતા. પરિવારની સંમતિ બાદ બંનેએ સગાઈ કરી લીધી હતી.


### પુતિને મોટો આદેશ આપ્યો

## મોસ્કો વળતર તરીકે રશિયામાં અમેરિકન સંપત્તિનો ઉપયોગ કરશે

### પુતિન દ્વારા હસ્તાક્ષર કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે રશિયન એન્ટિટી રશિયન કોર્ટને તે નક્કી કરવા માટે કહી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે એક આદેશ જારી કર્યો હતો. આ આદેશ અનુસાર, રશિયા અહીં અમેરિકન સંપત્તિની ઓળખ કરશે અને તેનો ઉપયોગ અમેરિકામાં જપ્ત કરાયેલી રશિયન સંપત્તિઓને કારણે થયેલા નુકસાનના વળતર તરીકે કરવામાં આવશે. ગુરુવારે પુતિન દ્વારા હસ્તાક્ષર કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે રશિયન એન્ટિટી રશિયન કોર્ટને



તે નક્કી કરવા માટે કહી શકે છે કે તેની સંપત્તિ અયોગ્ય રીતે જપ્ત કરવામાં આવી છે અને વળતર માંગી શકે છે. આ પછી કોર્ટ વળતર તરીકે અમેરિકન સંપત્તિ રશિયાને ટ્રાન્સફર કરવાનો આદેશ આપશે. આ હુકમનામું રશિયન કંપનીઓમાં હિસ્સો, રિયલ એસ્ટેટ, જંગમ મિલકત જેવી સંપત્તિઓને આવરી લે છે. G7 વાટાઘાટકારો અઠવાડિયાથી ચર્ચા કરી રહ્યા છે કે ફેબ્રુઆરી ૨૦૨૨ માં મોસ્કોએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી સ્થિર થઈ ગયેલી મુખ્ય કરન્સી અને સરકારી બોન્ડ જેવી લગભગ $300 બિલિયન રશિયન નાણાકીય સંપત્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો.અધિકારીઓ અને અર્થશાસ્ત્રીઓએ આ મહિને રોઈટર્સને જણાવ્યું હતું કે જો પશ્ચિમી નેતાઓ અસ્કયામતો જપ્ત કરે તો વિદેશી રોકાણમાં ઘટાડો થવાને કારણે બદલો લેવાની રશિયાની ક્ષમતા ઓછી થઈ ગઈ છે પરંતુ તેના બદલે ખાનગી રોકાણકારોની રોકડ પાછળ જઈ શકે છે.રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયાને બે વર્ષથી વધુ સમય થઈ ગયો છે. યુદ્ધની ભયાનકતા ખૂબ જ ગંભીર છે પરંતુ ન તો રશિયા પીછેહઠ કરવા તૈયાર છે કે ન તો યુક્રેન તેના શસ્ત્રો મૂકવા તૈયાર છે. દરમિયાન એવા સમાચાર છે કે રશિયન દળોએ વ્યૂહાત્મક પરમાણુ હથિયારો સાથે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેનની સરહદ નજીક વ્યૂહાત્મક પરમાણુ હથિયારો સાથે સૈન્ય અભ્યાસ કરવાનો આદેશ આપ્યો હતો. સુરક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે આ સૈન્ય કવાયત પુતિન માટે ચેતવણીના સંકેત તરીકે તૈયાર કરવામાં આવી છે. તે આ રીતે જોઈ શકાય છે કે પુતિને પશ્ચિમી દેશોને ચેતવણી આપી છે કે તેઓ યુક્રેન સાથેના તેમના યુદ્ધમાં હવે દખલ ન કરે. વાસ્તવમાં, પશ્ચિમી દેશો રશિયા સાથેના યુદ્ધમાં યુક્રેનને શસ્ત્રો અને અન્ય સહાય આપી રહ્યા છે.

### ‘ઈઝરાયલી સેનાએ તેમનું વાહન નષ્ટ કર્યું...’

# પૂર્વ ભારતીય કર્નલના મૃત્યુ પર પેલેસ્ટાઈનના PMનો PM મોદીને પત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

પેલેસ્ટાઈનના વડા પ્રધાન મોહમ્મદ મુસ્તફાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન એસ જયશંકરને એક પત્ર લખ્યો છે જેમાં તેમણે કહ્યું છે કે ગયા અઠવાડિયે ગાઝામાં ભૂતપૂર્વ ભારતીય સૈન્ય અધિકારી કર્નલ વૈભવ અનિલ કાલેના મૃત્યુ માટે ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ જવાબદાર છે. ૧૬ મેના રોજ લખેલા પત્રમાં પીએમ મુસ્તફાએ ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયેલ હુમલાને ‘નરસંહારનું યુદ્ધ’ ગણાવ્યું હતું. તેમણે લખ્યું કે લોકોના જીવ બચાવવા અને રક્તપાત રોકવા માટે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામની જરૂર છે.

પીએમ મોદીને લખેલા પત્રમાં પેલેસ્ટાઈનના વડાપ્રધાન મુસ્તફાએ લખ્યું છે કે, ‘ઈઝરાયલી સેના દ્વારા ભારતીય ઓફિસર વૈભવ અનિલ કાલેની દુઃખદ હત્યા પર હું ઊંડી સંવેદના વ્યક્ત કરવા ઈચ્છું છું. કાલે ગાઝામાં સંયુક્ત રાષ્ટ્રના કર્મચારી તરીકે કામ કરતો હતો અને રફાહમાં તે યુએનની નિશાનીવાળા વાહનમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે તેના પર હુમલો કરવામાં આવ્યો અને તેની હત્યા કરવામાં આવી. આવા મુશ્કેલ સમયમાં મારી સંવેદના અને પ્રાર્થના મૃતકના પરિવાર, મિત્રો, સહકર્મીઓ અને સમગ્ર ભારત સાથે છે.કર્નલ કાલે બે વર્ષ પહેલા ભારતીય સેનામાંથી નિવૃત્ત થયા હતા અને છેલ્લા બે મહિનાથી ગાઝામાં યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ સેફ્ટી એન્ડ સિક્યુરિટીમાં કામ કરી રહ્યા હતા. ૧૩ મેના રોજ, ગાઝામાં યુએનની નિશાની ધરાવતા તેમના વાહન પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તે માર્યો ગયો હતો. કર્નલના મૃત્યુથી ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે આંતરરાષ્ટ્રીય ચિંતામાં વધારો થયો છે અને તાત્કાલિક યુદ્ધવિરામ અને સંઘર્ષના શાંતિપૂર્ણ નિરાકરણની માંગણી કરવામાં આવી રહી છે.પેલેસ્ટાઈનના વડાપ્રધાને પણ પત્રમાં ભારત સહિત અન્ય હિતધારકો સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને સંઘર્ષને સમાપ્ત કરવા માટે શાંતિપૂર્ણ પદ્ધતિઓ અપનાવવા વિનંતી કરી હતી. તેમણે પત્રમાં લખ્યું, ‘ભારતીય અધિકારીનું મૃત્યુ અમને યાદ અપાવે છે કે જીવન બચાવવા અને પેલેસ્ટિનિયન લોકો વિરુદ્ધ ઈઝરાયેલના નરસંહાર, યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના અપરાધોને રોકવા માટે તાત્કાલિક યુદ્ધવિરામની જરૂર છે.

### ઈઝરાયેલે નવો વીડિયો જાહેર કર્યો

# હમાસના આતંકવાદીઓએ બંધક મહિલા સૈનિકોને કહ્યું : ‘અમે તમને બધાને ગોળી મારી દઈશું’

## વીડિયોમાં પાંચ મહિલાઓ હમાસના આતંકવાદીઓની સામે દિવાલ પાસે ઉભી જોવા મળે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ઈઝરાયેલે ૭ ઓક્ટોબરના હુમલા દરમિયાન હમાસના આતંકવાદીઓ દ્વારા સાત મહિલા ઈઝરાયેલ સૈનિકોના અપહરણના ગ્રાફિક ફૂટેજ શેર કર્યા છે. આ વીડિયો હોસ્ટેજ ફેમિલી ફોરમ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ૩ મિનિટનો વીડિયો શેર કરતા ઈઝરાયેલે કહ્યું, “તેને ૨૩૦ દિવસ (૮ મહિના) થી વધુ સમયથી હમાસના આતંકવાદીઓએ બંધક બનાવી રાખ્યો છે. “વિચારો કે આ યુવતીઓ માટે આનો અર્થ શું છે.”નહલ ઓઝ બેઝ પરથી પાંચ મહિલા સૈનિકોનું કથિત રીતે અપહરણ કરવામાં આવ્યું હતું. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના અહેવાલ મુજબ હુમલાખોરો દ્વારા પહેરવામાં આવેલા બોડી કેમેરામાં કેદ કરાયેલા ભયાનક ફૂટેજમાં લીરી અલ્બાગ, કરીના એરીવ, અગમ બર્જર, ડેનિએલા ગિલબોઆ અને નામા લેવીના અપહરણનો ખુલાસો થયો છે. વીડિયોમાં પાંચ મહિલાઓ હમાસના આતંકવાદીઓની સામે દિવાલ પાસે ઉભી જોવા મળે છે. તેમના હાથ બંધાયેલા છે અને કેટલાકના ચહેરા પર લોહી છે.

વીડિયોમાં એક આતંકી મહિલાઓ તરફ ઈશારો કરીને કહેતો જોઈ શકાય છે. તેમાં તે કહે છે, “અહીં છોકરીઓ, મહિલાઓ છે, જે ગર્ભવતી બની શકે છે. આ ઝાયોનિસ્ટ છે.”વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે મહિલાઓને જમીન પર બેસાડવામાં આવી રહી છે. બંધકોમાંથી એક આતંકવાદીઓને કહેતો સંભળાયો છે, “મારા પેલેસ્ટાઈનમાં મિત્રો છે.”હમાસના આતંકવાદીઓને કહેતા સાંભળી શકાય છે કે, ‘તમારા કારણે અમારા ભાઈઓ મરી ગયા, અમે તમને બધાને ગોળી મારીશું.’વીડિયોમાં આગળ દેખાઈ રહ્યું છે કે મહિલાઓને એક પછી એક જીપમાં લાવવામાં આવી રહી છે. હોસ્ટેજ ફેમિલીઝ ફોરમે ઈઝરાયેલી સરકારને તાત્કાલિક વાટાઘાટો ફરી શરૂ કરવા વિનંતી કરવાની આશામાં વિડિયો રિલીઝ કર્યો હતો.ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ અનુસાર, પાંચ સૈનિકોના સંબંધીઓ કહે છે કે ત્રણ મિનિટની ક્લિપ જાહેરમાં પ્રસારિત કરવામાં આવી છે તે મૂળ ૧૩-મિનિટના ફૂટેજનું ભારે સેન્સર કરેલ સંસ્કરણ છે.ફોરમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “વિચલિત કરનાર વીડિયો એગમ, ડેનિએલા, લિરી, નામા, કરીના અને અન્ય ૧૨૩ બંધકોના ૨૨૯ દિવસની વાસ્તવિકતા છે.” આ વિડિયો ૨૨૯ દિવસથી ત્યજી દેવાયેલા બંધકોને ઘરે લાવવામાં દેશની નિષ્ફળતાનો એક ગંભીર પ્રમાણ છે.

### યમુનોત્રીમાં પગપાળા ૧૨૭% અને કેદારનાથમાં ૧૫૬% વધ્યા

# ચાર ધામ યાત્રાના પ્રથમ ૧૦ દિવસમાં ૩.૧૯ લાખ ભક્તો કેદારનાથ પહોંચ્યા

## ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રાતુરીએ ગુરુવારે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને ચાર ધામ યાત્રા વિશે માહિતી આપી હતી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૨૪ ।

ઉત્તરાખંડમાં ચાર ધામના દર્શન કરવા જનારા ભક્તોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૦ મેથી શરૂ થયેલી ચાર ધામ યાત્રાના પ્રથમ ૧૦ દિવસમાં ૩ લાખ ૧૯ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ પહોંચ્યા છે. ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રાતુરીએ ગુરુવારે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને ચાર ધામ યાત્રા વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ગયા વર્ષની સરખામણીમાં યમુનોત્રીમાં ૧૨૭% અને કેદારનાથમાં ૧૫૬% નો વધારો જોવા મળ્યો છે.

મુખ્ય સચિવે કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાને જણાવ્યું હતું કે આ વર્ષે ૧૩૮,૫૩૭ શ્રદ્ધાળુઓએ યાત્રા સીઝનના પ્રથમ દસ દિવસમાં યમુનોત્રીની મુલાકાત લીધી હતી, જે છેલ્લા બે વર્ષ કરતાં ૧૨૭% વધુ છે. એ જ રીતે, ૧૨૮,૭૭૭ ભક્તોએ ગંગોત્રી ધામની મુલાકાત લીધી, જે છેલ્લા બે વર્ષ કરતાં ૮૯% વધુ છે. કેદારનાથ ધામને ૩૧૯,૧૯૩ ભક્તો મળ્યા, જે છેલ્લા બે વર્ષ કરતાં ૧૫૬% વધુ છે, અને બદ્રીનાથ ધામને ૧૩૯,૬૫૬ ભક્તો મળ્યા છે, જે છેલ્લા બે વર્ષ કરતાં ૨૭% વધુ છે.તેમણે વધુમાં






જણાવ્યું હતું કે ૨૨ મે સુધી કુલ ૩,૧૧૮,૯૨૬ નોંધણીઓમાંથી, યમુનોત્રી માટે ૪૮૬,૨૮૫, ગંગોત્રી માટે ૫૫૪,૬૫૬, કેદારનાથ માટે ૧,૦૩૭,૭૦૦, બદ્રીનાથ માટે ૯૫૫,૮૫૮ અને સાહિબ માટે ૮૪,૪૨૭ ભક્તોએ નોંધણી કરાવી છે.

ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, બિહાર, હરિયાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ સૌથી વધુ ભક્તો ધરાવતા દસ રાજ્યો છે.બેઠક દરમિયાન, સીએસ રાતુરીએ એ પણ માહિતી આપી કે પોલીસે ૫૬ પ્રવાસન સહાયતા કેન્દ્રો સ્થાપ્યા છે. યાત્રા પર નજર રાખવા માટે ૮૫૦ સીસીટીવી કેમેરા અને ૮ ડ્રોન લગાવવામાં આવ્યા છે. તેમણે કેદારનાથ ધામ યાત્રા રૂટ પર ૧,૪૯૫ વાહનોની ક્ષમતા સાથે વીસ પાર્કિંગ જગ્યાઓ બનાવી છે. તેઓએ પાર્કિંગ વ્યવસ્થાપન માટે ઊઈ કોડ-આધારિત સિસ્ટમ રજૂ કરી અને યમુનોત્રી અને ગંગોત્રી યાત્રાના માર્ગો પર નિયંત્રિત વાહનોની અવરજવર માટે ૩-૪ હોલ્ડિંગ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે કેદારનાથ માર્ગ પર બહેતર ટ્રાફિક વ્યવસ્થાપન માટે સેક્ટર મેજિસ્ટ્રેટ તૈનાત કરવામાં આવ્યા છે અને ટ્રેકના માર્ગને સાફ કરવા માટે કુલ ૬૫૭ પર્યાવરણ મિત્ર તૈનાત કરવામાં આવ્યા છે.મુખ્ય સચિવના જણાવ્યા અનુસાર, આરોગ્ય વિભાગે યાત્રાના રૂટ પર ૧૨ મુખ્ય સ્થળોએ ૫૦ સ્ક્રીનિંગ કિઓસ્ક સ્થાપિત કર્યા છે. આ ઉપરાંત યાત્રાના રૂટ પર કુલ ૧૫૬ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત ૮ બ્લડ બેંક પણ બનાવવામાં આવી છે. આરોગ્ય વિભાગે ૪૯ કાયમી આરોગ્ય સુવિધાઓ અને ૨૬ તબીબી રાહત પોસ્ટ બનાવી છે. યાત્રાના રૂટ પર ૨૨ નિષ્ણાતો, ૧૭૯ મેડિકલ ઓફિસર અને ૨૯૯ પેરામેડિકલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે.

ન્યૂઝ બ્રિફ

## ગરમીથી પરેશાન લોકોએ વીજ કચેરીમાં હોબાળો કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

રાજ્યમાં દરેક જિલ્લામાં અગન ગોળા વરસે તેવી કાળઝાળ ગરમી પડી રહી છે જેના કારણે લોકોનું સ્વાસ્થ્ય પર ખરાબ અસર થઈ રહી છે ત્યારે સુરતમાં કાળઝાળ ગરમીમાં DGVCL દ્વારા વીજકાપ આપવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. છેલ્લા ૧૦ દિવસથી બપોરે બેથી ત્રણ કલાક વીજકાપ આપતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને આ સામે સ્થાનિકો રોષે ભરાયા હતા. દિવસ સાથે રાત્રીના સમયે પણ વીજકાપ આપતા હોવાનો સ્થાનિકોનો આરોપ છે. DGVCL ઓફિસે ફોન કરે તો કર્મચારીઓ ફોન ના ઉપાડતા હોવાનો સ્થાનિકો આક્ષેપ સાથે કચેરીએ ધસી ગયા હતા.અમરોલી અને કાપોદ્રાના સ્થાનિકો રોષે ભરાઈ DGVCL ઓફિસે પહોંચ્યા હતા.

## સુરતના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૭૦૦ કિલો ગૌમાસ ઝડપાયું

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતના ગામમાં વિસ્તારમાંથી ૧૭૦૦ કિલો ગૌમાંસ ઝડપાયાની માહિતી સામે આવી છે. જેમાં કદરામાં ગામ પાસે એક ટેમ્પો ચાલક પૂર ઝડપે જઈ રહ્યો હતો જ્યાં જાગૃત નાગરિકને શંકા જતા ટેમ્પો રોકવાનું કહેતા ચાલકે ટેમ્પો નહીં રોકતા આગળ જતાં ટેમ્પો પલટી ગયો હતો ત્યાં પોલીસને બોલાવતા તપાસમાં ગૌમાંસ થવાનું બહાર આવ્યું હતું. સુરત ગ્રામ્યમાંથી ૧૭૦૦ કિલો ગૌમંસ ઝડપાયું છે. કીમ ઓલપાડ રોડ પર કદરામાં ગામ પાસે ગૌમાંસ ઝડપાયું છે. પિક અપ ટેમ્પામાં સુરત શહેર તરફ લઈ જવામાં આવી રહ્યું હતું. જાગૃત નાગરિક દ્વારા ટેમ્પા ચાલકને ટેમ્પો અટકાવવાનું કેહતા ટેમ્પો ચાલક પુર ઝડપે ભાગ્યો હતો. સામેથી આવતા વાહન ને અડફેટે લઈ ગૌમાંસ ભરેલો ટેમ્પો પલટી ગયો હતો.

# લાલ દરવાજા પાસે ભોંયરામાં લાગેલી આગ પર ૧૫ કલાકની જહેમત બાદ સંપૂર્ણ કાબુ કરાયો

### ભોંયરામાં લાગેલી આગ એટલી ભીષણ હતી કે તેને બુઝાવવા માટે ૧૧૨ થી વધુ ફાયરકર્મીઓ અને ૩૯ જેટલી ફાયરની ગાડીઓની મદદ લેવાઈ

। (એજન્સી) અમદાવાદ,તા.૨૪ ।

અમદાવાદમાં લાલ દરવાજા પાસે આવેલા ત્રણ દરવાજા નજીક ટ્યુટોરિયલ માર્કેટના બેઝમેન્ટમાં ભીષણ આગ લાગી હતી. ગુરુવારે રાત્રે ૮ વાગ્યા આસપાસ લાગેલી આગ પર ૧૫ કલાકની જહેમત બાદ કાબુ કરી શકાયો છે. ભોંયરામાં લાગેલી આગ એટલી ભીષણ હતી કે તેને બુઝાવવા માટે ૧૧૨ થી વધુ ફાયરકર્મીઓ અને ૩૯ જેટલી ફાયરની ગાડીઓની મદદ લેવાઈ હતી.અમદાવાદમાં આખરે ૧૫ કલાકની જહેમત બાદ લાલ દરવાજા નજીક ટ્યુટોરિયલ માર્કેટના ભોંયરામાં લાગેલી આગ પર કાબુ કરી શકાયો છે. ત્રણ દરવાજા નજીક આવેલ ટ્યુટોરિયલ માર્કેટના બેઝમેન્ટમાં ગત રાત્રે ભીષણ આગ લાગી હતી. ફાયર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આગ લાગવાનું પ્રાથમિક કારણ ભોંયરામાં રાખવામાં આવેલા આર્ટિફિશ્યલ ફુલોને કારણે આગ ફેલાઈ હતી. બેઝમેન્ટની નજીક આવેલા એસડી ફ્લાવર નામના ગોડાઉનમાં આર્ટિફિશ્યલ ફુલોનો જથ્થો રાખવામાં આવ્યો હતો. તેના કારણે આગ પ્રસરીને અન્ય ગોડાઉન સુધી ફેલાઈ હતી. વેપારીઓએ સમયસૂચક્તા વાપરીને નજીકના ફાયર સ્ટેશનને ફોન કરી તાત્કાલિક બોલાવી લેતા જાનમાલનું નુકસાન થતુ અટકાવ્યુ હતુ. ફાયર અધિકારીના જણાવ્યા મુજબ જો થોડો પણ વિલંબ થયો હોત તો આ આગ બેઝમેન્ટમાંથી ગ્રાઉન્ડ ફ્લોર સુધી કે પહેલા માળ સુધી ફેલાઈ હોત અને તેના કારણે આસપાસની ૨૫૦ થી ૩૦૦ દુકાનો તેની ચપેટમાં આવી ગઈ હોત. સાંકડી જગ્યા અને ફાયર સેફ્ટીની કોઈ સુવિધા ન હોવાને કારણે ફાયરના જવાનોને આગ પર કાબુ કરવામાં ભારે પરેશાની અને જહેમત ઉઠાવવી પડી હતી. ટ્યુટોરિયલ માર્કેટમાં ૧૨૦થી વધુ દુકાનો આવેલી છે. ભોંયરામાંથી બહાર આવેલો ધુમાડો માર્કેટમાં ફેલાતાની સાથે જ લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે આખી રાત સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો અને અંતે આગ પર કાબુ કરાયા બાદ પણ ઘટનાસ્થળ પર કુલિંગ કરવા માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. સતત પાણીનો મારો ચલાવવાને કારણે બેઝમેન્ટમાં પાણી ભરાવાથી ૮૦ થી વધુ વાહનો ડૂબ્યા છે. એકતરફ બેઝમેન્ટ હોવાને કારણે અને આગ ફરી ન ફેલાય તે માટે ફાયરવિભાગ દ્વારા ૧૫ કલાક સુધી સતત કામગીરી કરવામાં આવી હતી. હાલ આગને કારણે ત્રણ દરવાજાથી પાનકોર નાકા સુધીની માર્કેટ બંધ રાખવામાં આવી છે. માર્કેટમાં ફાયર સેફ્ટીની કોઈ સુવિધા ન હોવાનુ પણ સામે આવ્યુ છે. ફાયર અધિકારીના જણાવ્યા મુજબ ૨૫ થી ૩૦ વર્ષ જુની ઈમારત હોવાથી એસ્ટેટ વિભાગના અધિકારીઓને પણ બોલાવવામાં આવ્યા હતા.

## ૨૪ જૂનથી શરૂ થશે ધોરણ ૧૦-૧૨ની પૂરક પરીક્ષા

### વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયની પૂરક પરીક્ષા લેવાશે ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૩૨,૭૪૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે

। (એજન્સી) ગાંધીનગર,તા.૨૪ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાને લઈને લેટેસ્ટ અપડેટ અપાઈ છે. બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાની તારીખ જાહેર કરાઈ છે. જે અનુસાર, ૨૪ જૂનથી ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા શરૂ થશે. ધોરણ ૧૨ના તમામ પ્રવાહોની પૂરક પરીક્ષા પણ ૨૪ જૂનથી શરૂ થશે. બોર્ડ દ્વારા ટુંક સમયમાં વિષયવાર તારીખોનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૦માં એક, બે અથવા ત્રણ વિષય અને ધોરણ ૧૨માં એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાશે. વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયની પૂરક પરીક્ષા લેવાશે. ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૩૨,૭૪૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં ૨૫,૬૨૮ ફોર્મ ભરાયા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮,૪૪૭ ફોર્મ ભરાયા છે. આમ કુલ ૬૭,૧૧૫ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦-૧૨ની પૂરક પરીક્ષા આપશે. પૂરક પરીક્ષા ૨૦૨૪માં છૂટછાટની વાત કરીએ તો દરેક વિષયમાં ઓછામાં ઓછા ૨૦% માર્કસ હોવા જોઈએ. તમે જે સ્કૂલમાં અથવા તમે જે શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરો છો તે સંસ્થા દ્વારા અથવા શાળા દ્વારા તમને પૂરક પરીક્ષા વિશે અગત્યની અને મહત્વપૂર્ણ માહિતીઓ આપી શકશે. બોર્ડના નવા નિયમથી તમામ વિદ્યાર્થીઓ જે ૧૨માં વિજ્ઞાન પ્રવાહની આખી પરીક્ષા આપવાની છે જે તેઓ સરળતાથી હવે નવા નિયમ મુજબ આપી શકશે. આ નિર્ણયથી ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહના તમામ વિદ્યાર્થીઓ માટે ફાયદો થશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની આખી પરીક્ષા કોઈપણ વિદ્યાર્થી જે નાપાસ થયો છે.

## નકલી ચલણી નોટમાં કાળા બજારમાં વધુ આરોપી જબ્બે

### ન્યુઝ ચેનલની ઓફિસની આડમાં ચાલતા નકલી ચલણી નોટમાં કાળા બજારમાં વધુ એક આરોપી ઝડપાયો

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

શહેરના લિંબાયત વિસ્તારમાં ન્યુઝ ચેનલની ઓફિસની આડમાં નકલી ચલણી નોટની કાળા બજારનો પર્દાફાશ તાજેતરમાં જ સુરત SOG દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારે આ મામલે વધુ એક આરોપીને ૨.૯૦ લાખની નકલી ચલણી નોટ સાથે સલાબત પુરા ઉમરવાડા ગુજરાતી સ્કૂલ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઈસમનું નામ સાદીક અલી ઉર્ફે બટાકા અબ્બાસ અલી શાહપોર છે અને તે ગાડી લે વેચનો ધંધો કરે છે. જણાવી દઈએ કે, તાજેતરમાં જ થયેલા આ પર્દાફાશમાં પોલીસે કુલ અત્યાર સુધીમાં ૪ આરોપીઓની ધરપકડ કરી છે. બનાવની વિગતો જોઈએ તો, સુરતના લિંબાયત વિસ્તારમાં એક ન્યુઝ ચેનલની આડમાં ફિરોજ શાહ પોતાના સાગરીતો સાથે મળીને નકલી નોટો છાપતો હતો. સુરત SOGએ બાતમીના આધારે ફિરોજ સહિત કુલ ૩ ઈસમોની ધરપકડ કરી હતી અને તેની પાસેથી નકલી નોટનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. ત્યારે આરોપીઓની પૂછપરછમાં સાદિક અલી ઉર્ફે બટાકાનું નામ ખુલ્યું હતું અને ત્યારબાદ પોલીસે સાદીકની શોધ ખોળ હાથ ધરી હતી. પોલીસથી બચવા માટે આ સાદિક કર્ણાટક ભાગી ગયો હતો અને ત્યારબાદ ફરીથી સુરત આવ્યો હતો અને સુરત SOGએ બાતમીના આધારે સાદિકને સલાબતપુરાના ઉમરવાડા ગુજરાતી સ્કૂલ પાસેથી ઝડપી પાડ્યો હતો. સાદીકની પૂછપરછમાં તેને કબુલાત કરી હતી કે તેને આરોપી ફિરોજ શાહ પાસેથી પૈસા કમાવાની લાલચે ૨,૯૧,૦૦૦ની ૨૦૦ના દરની નકલી નોટો ખરીદી હતી અને ત્યારબાદ તેને આ નોટો પોતાના ઘરે મૂકી દીધી હતી અને તે બજારમાં આ નોટ વટાવવાનો પ્રયાસ કરતો હતો.

સાબરમતી જેલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં

## અમદાવાદની સાબરમતી જેલમાં કેદીઓ સલામત નથી




। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદની સૌથી જૂની અને જાણીતી સાબરમતી જેલમાંથી એક ચોંકાવનારા સમાચાર આવતા સમગ્ર જેલ તંત્ર અને પોલીસ ડિપાર્ટમેંટ હચમચી ગયુ છે. આ ઘટનાને પગલે સાબરમતી જેલ ફરી એક વાર વિવાદો ના ઘેરામાં આવી ગઈ છે. અત્યાર સુધી આ જેલમાંથી મોબાઈલ સહિતની ચીજ વસ્તુઓ પકડાતી હતી, પરંતુ તાજેતરમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં એક ભયંકર ઘટના બની હતી. જેમાં જેલમાં એક ગુનેગારે બીજા ગુનેગારની હત્યા કર્યાનો મામલો સામે આવ્યો છે. જેલમાં સજા ભોગવતા એક ગુનેગારે કરી બીજા કેદીની હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ છે. મોટી વાત તો એ છે કે આ હત્યા કરનાર આરોપી પૂર્વ આર્મી મેન છે અને અગાઉ તેણે કરેલી એક હત્યાના કેસમાં તે આજીવન કેદની સજા ભોગવતો હતો. સાબરમતી સેન્ટ્રલ જેલમાં બડા ચક્કર યાર્ડ નંબર ૪ એમાં એક કેદીએ અન્ય કેદીની હત્યા કરી છે. આ મામલે રાણીપ પોલીસ મથકે ગુનો પણ નોંધાયો છે. ભારતીય સેનામાં મધ્યપ્રદેશના ગ્વાલીયર ખાતે સીપાઈ તરીકે ફરજ બજાવનાર ૪૦ વર્ષીય ભરત પ્રજાપતિ નામનાં કેદીએ કેશાભાઈ પટેલ નામનાં ૭૧ વર્ષીય કેદી સુઈ રહ્યો હતો ત્યારે તેને માથામાં ઈંટ મારી તેને મોતને ઘાટ ઉતારી નાખ્યો હતો. જોકે બુમાબુમ થતા બેરેકના અન્ય કેદીઓ જાગી જતા જેલતંત્રને જાણ થઈ હતી. માથામાં ઈંટ વાગતા કેશાભાઈ પટેલને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા તબીબે મૃત જાહેર કર્યો હતો. જેને લઈને ઈન્ચાર્જ જેલર પ્રકાશસિંહ સોલંકીએ ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસે તપાસ કરતા સામે આવ્યું કે આરોપી ભરત પ્રજાપતિ મૂળ ગાંધીનગરનો માણસાનો રહેવાસી છે અને થોડા વર્ષો પહેલા જ્યારે તે આર્મીમાં ફરજ બજાવતો હતો, ત્યારે એક હત્યા કરી હતી, જેમાં આર્મી કોર્ટ દ્વારા વર્ષ ૬ જુલાઈ ૨૦૨૩માં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ત્યારથી તે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદ હતો. છેલ્લાં ૧૦ મહિનાથી ભરત પ્રજાપતિ જેલમાં કેદ હતા. જે દરમિયાન ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ તેણે અન્ય કેદીને માથામાં પથ્થર મારી ઈજાઓ પહોંચાડી હતી. જોકે બાદમાં તેની બેરેક બદલી દેવામાં આવી હતી. જોકે આ ઘટના પાછળનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી.આ ઘટનામાં મોતને ભેટનાર કેશાભાઈ પટેલ સામે અગાઉ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો જેમાં તેને ૫ વર્ષની કેદની સજા થઈ હતી. આ ઘટનાને લઈને જેલ વિભાગે સવારના સીસીટીવી તપાસ કરી ગુનાના કામે કબ્જે કર્યા છે. રાણીપ પોલીસ સ્ટેશનમાં IPC ની કલમ ૩૦૨, ૩૦૩ મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગુજરાતના ઉર્જા વિભાગે લીધો મહત્વનો નિર્ણય

## રિચાર્જમાં જૂના પેન્ડિંગ બિલની રકમ અલગથી વસૂલવાનો આદેશ કરાયો

### જૂના પેન્ડિંગ બિલની રકમનાં ૧૮૦ હપ્તા કરવાનો આદેશ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

સમગ્ર રાજ્યમાં સ્માર્ટ વીજ મીટર અંગેનો વિવાદ હાલમાં વકર્યો છે. આ વિવાદ રાજ્યના શહેરો પૂરતો માત્ર સીમિત નથી રહ્યો પરંતુ તે નાના-નાના ગામડાઓ સુધી પણ પહોંચી ગયો છે. ગામડાઓમાં સ્માર્ટ મીટર નાંખ્યા બાદ વીજ બિલ વધુ આવતું હોવાની બૂમો ઉઠવા પામી છે. જેથી નાગરિકોને પડતી હાલાકીના કારણે સ્માર્ટ મીટરનો વિરોધ વંટોળ વ્યાપ્યો છે. ઠેર-ઠેર નાગરિકોમાં રોષ જોવા મળે છે. અડધી રાત્રે લાઈટો જતી રહે છે. રિચાર્જ કર્યા બાદ પણ ૫ કલાક સુધી વીજ કનેકશન ચાલુ થતું નથી. ઉપરાંત મહિલાઓએ જણાવ્યું કે અગાઉ બે મહિનાનું બિલ ભરવા ૧૦ દિવસનો સમય મળતો હતો હવે દર ૧૦ દિવસે રિચાર્જ કરવાનો વારો ગ્રાહકોને આવી રહ્યો છે જે ગરીબ મધ્યમ વર્ગના લોકોની ક્ષમતા કરતાં વધારે છે. જેથી લોકો હવે વીજ કચેરીએ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આવા ઉગ્ર વિરોધની વચ્ચે ઉર્જા વિભાગ ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.વિભાગ દ્વારા રિચાર્જમાં જૂના પેન્ડિંગ બિલની રકમ ન લેવાનો નિર્ણય કર્યો હતો. તેમજ જૂના પેન્ડિંગ બીલની રકમ અલગથી વસૂલવાનો આદેશ કરાયો છે. જૂના બિલનાં કારણે લોકોને ગેરસમજ થઈ હોવાનું તારણ બહાર આવ્યું છે. જૂના પેન્ડિંગ બિલની રકમનાં ૧૮૦ હપ્તા કરવાનો આદેશ આપ્યો છે. સ્માર્ટ મીટરનાં દરરોજની વપરાશની સાથે રકમ કપાતી હતી. એક-એક દિવસનું પેન્ડિંગ બિલ ઉમેરી રકમ કપાતી હતી. જેનાં કારણે ગ્રાહકોમાં ગેરસમજ ઉભી થઈ હોવાનું તારણ આવ્યું છે.આમ વિવાદને પગલે સ્માર્ટ વીજમીટરને લઈ રાજ્ય સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. સ્માર્ટ વીજમીટર સાથે જૂના મીટર પણ લગાવવામાં આવશે. ગ્રાહકોમાં ગેરસમજ દૂર કરવા સ્માર્ટ મીટર સાથે વધુ એક મીટર લગાવવામાં આવશે. જૂના વીજમીટરની માગ કરનાર ગ્રાહકો માટે નિર્ણય લેવામાં આવ્યો છે. સ્માર્ટ વીજમીટર સામે લોકોના સતત વિરોધને લઈને કાર્યવાહી કરવામાં આવી છે. સ્માર્ટ મીટરના મુદ્દા હાઈકોર્ટમાં પણ પડકારવામાં આવ્યો છે. વડોદરાના બાજવાના એક નાગરિકે MGVCLના ડાયરેક્ટર અને ઉર્જા વિભાગના સચિવ સામે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

મણિનગરમાં આવેલી નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજની ઘટના

## જુનિયર્સને ૭૦૦ વાર પ્રિસ્ક્રિપ્શન લખાવી રેગિંગ કરતા ૪ સિનિયર ડોક્ટર સસ્પેન્ડ

### જુનિયર ડોક્ટરે ૧૬ મેના રોજ મેડિકલ કોલેજના એચઓડીને આ અંગ ફરિયાદ કરી હતી

। (એજન્સી) અમદાવાદ,તા.૨૪ ।

અમદાવાદના મણિનગરમાં આવેલી નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં રેગીંગની ઘટના સામે આવી છે. જેમાં સિનિયર ડોક્ટર દ્વારા જુનિયર ડોક્ટરનું રેગિંગ કરાતું હોવાની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. ચાર સિનિયર ડોક્ટરો દ્વારા જુનિયર ડોક્ટરો પાસે રેગિંગ કરાવવામાં આવતું હતું. સમગ્ર મામલો બહાર આવ્યા બાદ ૪ સિનિયર ડોક્ટરને સસ્પેન્ડ કરાયા છે.

**આ ચાર ડોક્ટરને કરાયા સસ્પેન્ડ**

**ડો. વ્રજ વાઘાણી, ૨ વર્ષ**
**ડો. શિવાની પટેલ, ૧ વર્ષ**
**ડો. અનેરી નાયક, ૨૫ દિવસ**
**ડો. કરણ પારેજીયા, ૨૫ દિવસ**

**જુનિયર ડોક્ટર્સ કરી હતી ફરિયાદ**

જુનિયર ડોક્ટરે ૧૬ મેના રોજ મેડિકલ કોલેજના એચઓડીને આ અંગ ફરિયાદ કરી હતી. એચઓડીએ બંને પક્ષોને સાંભળ્યા સમજાવી મામલો થાળે પાડ્યો હતો. પરંતુ જુનિયર ડોક્ટરને સંતોષ ન થતાં ૨૧ મે ના રોજ ફરી ડીનને ફરિયાદ કરી હતી. જેના બાદ ૨૨ તારીખે નરેન્દ્ર મોદી મેડીકલ કોલેજ કાઉન્સિલની કમિટિની મીટીંગ મળી હતી, જેમાં સિનિયર ડોક્ટર્સનો સસ્પેન્શનનો નિર્ણય લેવાયો હતો. સિનિયર ડોક્ટર પોતાના જુનિયર ડોક્ટર પાસે એક-એક એસાઈનમેન્ચ ૫૦૦ વાર લખાવી માનસિક ત્રાસ આપતા હોવાનું તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું. કુલ ચાર જુનિયર ડોક્ટરનું રેગીંગ કરવામાં આવ્યુ હતુ. જેમાં ત્રણ પુરુષ અને એક મહિલા જુનિયર ડોક્ટરનો સમાવેશ થાય છે. જુનિયરે પોતાની ફરિયાદમાં કહ્યું કે, સિનિયરોનું માને નહીં તો આઠ દિવસ સુધી નાવાનું નહીં. તેમજ એકનું એક પ્રિસ્ક્રિપ્શન ૭૦૦ વખત સુધી લખાવતા. સાથે જ અપશબ્દો બોલતા હોવાની પણ વિદ્યાર્થીઓ દ્વારા રજૂઆત કરાઈ છે.

અમદાવાદમાં ૩૧ લોકોને લાખોનો ચૂનો

## બોપલમાં ઈન્સ્ટંટ લોન આપવાનું કહી છેતરપિંડી આચરતા બે ગઠીયા પકડાયા

### આ બન્ને આરોપીઓએ જરૂરિયાતમંદ લોકોને ઠગવાનું કામ કર્યું છે

। (એજન્સી) અમદાવાદ,તા.૨૪ ।

અમદાવાદ જિલ્લામાં બોપલ પોલીસે બે એવા ગઠીયા પકડાયા છે, જે લોકો ઈન્સ્ટંટ લોન આપવાનું કહી છેતરપિંડી આચરતા હતા. પકડાયેલા બને ગઠિયાએ ૩૧ લોકોને લાખો રૂપિયાનો ચૂનો લગાવ્યો છે. પોલીસની કસ્ટડીમાં દેખાતા આ યુવકનું નામ દિક્ષીત સોની અને ફોટોમાં દેખાતો મોઈન છીપા છે. આ બન્ને આરોપીઓએ જરૂરિયાતમંદ લોકોને ઠગવાનું કામ કર્યું છે. હાલમાં જ બોપલ પોલીસ મથકે એક ગુનો નોંધાયો હતો. જેમાં પાલડીમાં રહેતા ભાવિક વાઘેલા નામના યુવકને આર્થિક સ્થિતિ સારી ન હોવાથી દીકરાના ઈલાજ માટેથી તાત્કાલિક પૈસાની જરૂર હતી. આરોપી દીક્ષિત સોની એ સોશિયલ મીડિયા પર ઈન્સ્ટાકેશ નામની જાહેરાત મૂકી હતી. જે ફરિયાદીને ધ્યાને આવતા દીક્ષિત સોની નો સંપર્ક કર્યો હતો. આરોપીએ તેને બોપલ વિસ્તારમાં આવેલી મોબાઈલની દુકાનમાં ડોક્યુમેન્ટ સાથે બોલાવ્યો હતો. જ્યાં ફરિયાદીએ પત્ની ના ડોક્યુમેન્ટ આપતા અન્ય આરોપી મોઈન છીપાએ ૪૯, ૯૯૨ રૂપિયાની લોન મેળવવાની પ્રોસે કરી હતી. જે લોન પેટે લીધેલા મોબાઈલને દિક્ષીત સોનીએ લઈ લોન ખાતામાં જમા થઈ જશે તેવી વાત કરી હતી. તેમજ લોન ક્લોઝીંગ બાબતના ખોટા અને બનાવટી ડોક્યુમેન્ટ ની નકલ આપી મોબાઈલ ફોન અન્ય જગ્યાએ વેચાણ કરી છેતરપિંડી આચરી હતી. આ બાબતે બોપલ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ગુનામાં સામેલ બંને આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓની તપાસ કરતા દીક્ષિત સોની વસ્ત્રાપુર વિસ્તારમાં ઈન્સ્ટા કેસ નામની લોનની ઓફિસ ભાડે રાખી તેમાં છોકરીઓને નોકરી પર રાખી અલગ અલગ નંબર પર લોન ની જરૂરિયાત હોય તો સંપર્ક કરવા ના મેસેજ મોકલી ઠગાઈ આચરતા હોવાનું સામે આવ્યું છે. આરોપીને કોઈ વ્યક્તિ સંપર્ક કરે તો તે વ્યક્તિ પાસેથી આધારકાર્ડ અને પાન કાર્ડ મંગાવી સાઉથ બોપલ ખાતે મોબાઈલની દુકાને લઈ જઈ મોઈન છીપા પાસે જે-તે વ્યક્તિના નામની લોન મંજૂર કરાવડાવી દીક્ષિત સોની પોતે મોબાઈલ તેમજ બીલ મેળવી લેતો હતો. બાદમાં તે ફોન અન્ય જગ્યાએ બારોબાર વેચી નાખતો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨